પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૧૬-૧-૨૦૨૬, શુક્રવાર
વર્ષઃ ૧૪, અંકઃ ૨૬૪

Price Rs.:4 ABATAK-RAJKOT 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

મન મેળ હોય તો મમરા
પણ સારા લાગે છે,
પણ જો મન દુઃખ હોય તો કાજુ
બદામ પણ ખારા લાગે છે...

**ઉત્તરાયણમાં દોરાથી ઘાયલ થવા કરતા શારીરિક હુમલામાં ૨૮૪ ટકાનો ઉછાળો!**

(વાંચો છેલ્લા પાને)

### છેલ્લા દશકામાં બિનપરંપરાગત ઊર્જાએ આંબી 'વિકાસ'ની ઊંચાઈ

# બજેટ - ૨૦૨૬: સોલારમાં 3000%નો ઉછાળો છતાં પ્રોત્સાહનનો "પાવર" જરૂરી

## બજેટ ૨૦૨૬: ઊર્જા ક્ષેત્રની અપેક્ષાઓ

- **સ્ટોરેજ ટેકનોલોજીઃ** રાત્રે પણ વીજળી મળી રહે તે માટે બેટરી સ્ટોરેજ સિસ્ટમ પર ખાસ સબસીડી અને છૂટછાટ મળે.
- **સ્થાનિક ઉત્પાદન (Make in India):** સોલર પેનલ બનાવવા માટે જરૂરી કાચો માલ (ઈંગોટ્સ, વેફર) ભારતમાં જ બને તે માટે વધુ આર્થિક પ્રોત્સાહન આપવામાં આવે.
- **વીજ વિતરણ સુવિધાઃ** નવી રિન્યુએબલ એનર્જીને મુખ્ય ગ્રીડ સુધી પહોંચાડવા માટે ટ્રાન્સમિશન સાધનો બનાવવા આર્થિક મદદ મળે.
- **તરતા સોલર પ્લાન્ટઃ** જમીનની બચત કરવા માટે જળાશયો પર 'ફ્લોટિંગ સોલર' પ્લાન્ટ્સ સ્થાપવાને વેગ આપવામાં આવે.
- **પરમાણુ ઊર્જા અને ટેક્સઃ** ન્યુક્લિયર પાવરના સાધનો પર GST ઘટાડવામાં આવે જેથી પ્રોજેક્ટનો ખર્ચ ઓછો થાય.
- **નાના સ્ત્રોતો પર ભારઃ** મોટા પ્લાન્ટ્સની સાથે સાથે સ્થાનિક અને વિતરિત ઊર્જા સ્ત્રોતો (DRE) ને પણ પ્રોત્સાહન મળે.

## શું છે પડકારો?

**પાવર સોર્સનું મિશ્રણ અને એકીકરણઃ** વિવિધ પ્રકારના ઊર્જા સ્ત્રોતો (જેમ કે સોલર, વિન્ડ અને થર્મલ) ને એકસાથે ગ્રીડમાં જોડવા અને તેનું સંતુલન જાળવવું એ એક મોટો પડકાર છે.

**ટ્રાન્સમિશન લાઈનોમાં વિલંબઃ** વીજળી પહોંચાડવા માટેની મુખ્ય ટ્રાન્સમિશન લાઈનોનું કામ સમયસર પૂર્ણ કરવું અને તેને કાર્યરત કરવી મુશ્કેલ બની રહ્યું છે.

**વીજ વેચાણ કરારમાં વિલંબઃ** કેટલાક ગ્રીન એનર્જી પ્રોજેક્ટ્સ માટે પાવર સેલ એગ્રીમેન્ટ્સ (PSA) કરવામાં લાંબો સમય લાગે છે, જેના કારણે પ્રોજેક્ટ્સ અટકી પડે છે.

**જમીન અને મંજૂરીના પ્રશ્નોઃ** ટ્રાન્સમિશનના સાધનોના સપ્લાય અને 'રાઈટ ઓફ વે' (જમીન સંપાદન અને રસ્તાના અધિકાર) ને લગતા અવરોધો નડે છે.

**ઉત્પાદન ક્ષમતાનું વિસ્તરણઃ** સોલર અને વિન્ડ એનર્જી માટે જરૂરી સાધનોના ઉત્પાદનમાં 'અપવર્ડ ઈન્ટિગ્રેશન' (કાચા માલથી લઈને અંતિમ ઉત્પાદન સુધીની પ્રક્રિયા) મજબૂત બનાવવી જરૂરી છે.

**સ્ટોરેજ અને પરમાણુ ઊર્જાઃ** એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સનો ઝડપી ફેલાવો કરવો અને પરમાણુ ઊર્જા ક્ષમતા વધારવા માટે કંપનીઓને પ્રોત્સાહિત કરવી એ પણ એક પડકાર છે.

| વર્ષ (૩૧ માર્ચ સુધી) | સ્મોલ હાઈડ્રો | વિન્ડ – પવન ઊર્જા | બાયો–પાવર | સોલર – સૌર ઊર્જા |
|---|---|---|---|---|
| ૨૦૧૫ | ૪,૦૫૫.૪ | ૨૩,૩૫૪.૩ | ૭,૮૦૫.૫ | ૩,૭૪૩.૯ |
| ૨૦૧૬ | ૪,૨૭૩.૫ | ૨૬,૭૭૭.૪ | ૮,૧૧૦.૩ | ૬,૭૬૨.૮ |
| ૨૦૧૭ | ૪,૩૭૯.૯ | ૩૨,૨૭૯.૮ | ૮,૨૯૫.૮ | ૧૨,૨૮૮.૮ |
| ૨૦૧૮ | ૪,૪૮૫.૮ | ૩૪,૦૪૬.૦ | ૮,૮૩૯.૧ | ૨૧,૬૫૧.૫ |
| ૨૦૧૯ | ૪,૫૯૩.૧ | ૩૫,૬૨૫.૯ | ૯,૨૪૧.૮ | ૨૮,૧૮૦.૭ |
| ૨૦૨૦ | ૪,૬૮૩.૨ | ૩૭,૬૯૩.૭ | ૧૦,૦૨૨.૯ | ૩૪,૬૨૭.૮ |
| ૨૦૨૧ | ૪,૭૮૬.૮ | ૩૯,૨૪૭.૦ | ૧૦,૩૧૪.૬ | ૪૦,૦૮૫.૪ |
| ૨૦૨૨ | ૪,૮૪૮.૯ | ૪૦,૩૫૭.૬ | ૧૦,૬૮૨.૬ | ૫૩,૯૯૬.૫ |
| ૨૦૨૩ | ૪,૯૪૪.૩ | ૪૨,૬૩૩.૧ | ૧૦,૮૦૨.૦ | ૬૬,૭૮૦.૩ |
| ૨૦૨૪ | ૫,૦૦૩.૨ | ૪૫,૮૮૬.૫ | ૧૦,૯૪૧.૧ | ૮૧,૮૧૩.૬ |
| ૨૦૨૫ | ૫,૧૦૦.૫ | ૫૦,૦૩૭.૮ | ૧૧,૫૮૩.૨ | ૧૦૫,૬૪૬.૫ |


**અબતક, નવીદિલ્હી**

ભારત સરકાર દ્વારા આગામી કેન્દ્રીય બજેટ ૨૦૨૬ માં ઊર્જા ક્ષેત્રને નવી દિશા આપવા માટે મહત્વાકાંક્ષી યોજનાઓની જાહેરાત થવાની સંભાવના છે. ક્લાયમેટ કમિટમેન્ટ્સ, ઊર્જા સુરક્ષા અને આર્થિક વિકાસ વચ્ચે સંતુલન જાળવીને દેશે છેલ્લા દસકામાં બિનપરંપરાગત ઊર્જા ક્ષેત્રે વિકાસ ની ઊંચાઈ આંબી છે. ૨૦૧૫ થી ૨૦૨૫ ના સમયગાળામાં, ભારતે પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતામાં ઐતિહાસિક વૃદ્ધિ નોંધાવી છે,સોલર પાવરમા આ દસકામાં સૌથી વધુ, 3000% નો જંગી ઉછાળો જોવા મળ્યો છે જ્યારે વિન્ડ પાવર એટલે કે પવન ઊર્જા ક્ષમતામાં ૧૦૦% નો નોંધપાત્ર વધારો થયો છે બાયો-પાવર ક્ષેત્રે ૪૦% ની વૃદ્ધિ જોવા મળી છે. અને સ્મોલ હાઈડ્રો પાવરમાં પણ ૨૫% નો વધારો નોંધાયો છે. (અનુ. આઠમા પાને)

### 'ચિપ'... 'ચિપ' નથી

# ચિપની અછતથી સ્માર્ટફોન, ઈલેક્ટ્રોનિક્સ અને લેપટોપમાં ૮ ટકા સુધીના ભાવ વધારાની સંભાવના

## ચિપની ભરપૂર માંગ સામે ઉત્પાદન સાવ ઓછું, જેથી હવે દર ત્રણ મહિને અથવા દર મહિને ભાવ વધે તેવી દહેશત
## હાલ ઈલેક્ટ્રોનિક્સ કંપનીઓને ઓર્ડરના ૧૦ ટકા સુધી જ ચિપ મળી રહી હોવાથી ઉત્પાદનને પણ અસર



ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓમાં નાનામાં નાનો પણ અતિ મહત્વનો પાર્ટ ચિપ હોય છે. જે ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓનું હાર્ટ ગણાય છે. ચીપમાં ચાઈના મોનોપોલી રાખી રહ્યું છે. તાઈવાન પણ તેની સામે લડી રહ્યું છે. બીજી તરફ ગુજરાત મોટાપાયે ઉત્પાદનની તૈયારી કરી રહ્યું છે. પરંતુ હજુ ઉત્પાદન શરૂ થતાં સમય લાગે તેમ છે. તેવામાં હવે ચીપની ભરપૂર અછત શરૂ થઈ છે.

ભારતમાં સ્માર્ટફોન, ટેલિવિઝન અને લેપટોપના ભાવ આગામી બે મહિનામાં ૪-૮% વધી શકે છે. આ પહેલાં નવેમ્બર-ડિસેમ્બરમાં પણ ભાવમાં ૨૧% જેટલો વધારો થયો હતો. આ વાત ઉદ્યોગના નિષ્ણાતો અને વેપારીઓએ કહી છે. મુખ્ય કારણ મેમરી ચિપ્સની માંગ વધવાનું છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) અને હાઈ-પર્ફોર્મન્સ કમ્પ્યુટિંગના કારણે મેમરી ચિપ્સના ભાવ વધી રહ્યા છે. નિષ્ણાતો કહે છે કે આ વર્ષે દર ત્રિમાસિક કે દર મહિને ભાવ વધી શકે છે.

કાઉન્ટર પોઈન્ટ રિસર્ચના અહેવાલ મુજબ, મેમરી માર્કેટમાં તેજી છે. પાછલા ત્રિમાસિકમાં ૫૦% વધારો થયો હતો. આ ત્રિમાસિકમાં ૪૦-૫૦% અને આગામી ત્રિમાસિકમાં ૨૦% વધારો થશે.

કેટલીક કંપનીઓ જેમ કે વિવો અને નથિંગે જાન્યુઆરીમાં રૂ.૩,૦૦૦થી રૂ.૫,૦૦૦ વધારો કર્યો છે. સેમસંગ જેવી કંપનીઓ કેશબેક અને ડિસ્કાઉન્ટ ઘટાડી રહી છે.

મેમરી ચિપ્સની સપ્લાયમાં મુશ્કેલી છે. ઉદાહરણ તરીકે, સુપર પ્લાસ્ટ્રોનિક્સ કંપનીને તેમના ઓર્ડરના માત્ર ૧૦% ચિપ્સ મળી રહ્યા છે. આ કંપની કોડક, થોમ્સન અને બ્લાઉપંક્ટ જેવા બ્રાન્ડના ટીવી વેચે છે. તેમણે નવેમ્બરમાં ૭%, આ મહિને ૧૦% અને ફેબ્રુઆરીમાં ૪% વધારો કરવાનું આયોજન કર્યું છે. રિપબ્લિક ડેના વેચાણમાં પણ ડિસ્કાઉન્ટ ઓછા હશે.

લેપટોપના ભાવમાં ૫-૮% વધારો થઈ ગયો છે અને મોટા ટીવી બ્રાન્ડ્સ પણ ભાવ વધારવાના છે. (અનુ. આઠમા પાને)



### સ્માર્ટ ફોનના વેચાણમાં ઘટાડો આવવાની શક્યતા

કાઉન્ટરપોઈન્ટ કહે છે કે ભારતમાં સ્માર્ટફોન વેચાણમાં ૨%થી વધુ ઘટાડો થઈ શકે છે. રૂપિયો ડોલર સામે નબળો પડવાથી પણ સમસ્યા વધી છે. ૪જીબી આરડીઆઈએમએમના ભાવ સપ્ટેમ્બર ૨૦૨૫માં ૨૫૫ ડોલર હતા, જે ડિસેમ્બરમાં ૪૫૦ ડોલર થયા અને માર્ચ ૨૦૨૬ સુધીમાં ૭૦૦ ડોલર થઈ શકે છે. આ વધારા કારણે ગ્રાહકોને મુશ્કેલી પડી શકે છે, પરંતુ કંપનીઓને તેમના ખર્ચ વધવા પડે છે.

# પ્રજાસત્તાક પર્વ પહેલા કાર્બન ટેક્સની મડાગાંઠ ઉકેલાશે તો યુરોપિયન યુનિયન સાથે ટ્રેડ ડિલ અંકે થઈ જશે

## ૨૪માંથી ૨૦ મુદ્દાઓ ઉપર સહમતી બની ગઈ, બાકીના મુદાઓ ઉપર વાતચીત ચાલુઃ વેપાર કરાર થયા બાદ યુરોપિયન યુનિયન સાથેના વેપારમાં ધરખમ વધારો થશે

વિશ્વ આખું હવે પર્યાવરણ પ્રશ્ને જાગૃત થવા લાગ્યું છે. વિશ્વના જે દેશો પ્રદુષણ કરે છે તેના પર કાર્બન ટેક્સનો બોજ મુકવામાં આવે છે. યુરોપ આ બાબતે વધારે સંવેદનશીલ છે. ભારતે પણ હવે આગળ વધવું હોય તો પ્રદૂષણનું સમાધાન લાવવું પડશે. એટલે જ ગ્રીન હાઈડ્રોજન અને બિન પરંપરાગત ઉર્જા ક્ષેત્રે છેલ્લા થોડા સમયમાં ભારતે હરણફાળ ભરી છે. યુરોપિયન યુનિયન સાથેની ટ્રેડ ડિલમાં પણ હવે પર્યાવરણનો મુદ્દો જ અવરોધરૂપ બની રહ્યો છે.

ભારત અને યુરોપિયન યુનિયન વેપાર સમજૂતી પર હસ્તાક્ષર કરવાની ખૂબ જ નજીક છે. બંને પક્ષના વાટાઘાટ કરનારાઓ ગણતંત્ર દિવસની આસપાસ નેતાઓની મુલાકાત પહેલા અંતરને દૂર કરવા માટે સખત મહેનત કરી રહ્યા છે. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે ગુરુવારે આ વાત કહી.

અમે ૨૪માંથી ૨૦ અધ્યાયો પૂરા કરી લીધા છે. કેટલાક મુદ્દાઓ પર વાતચીત ચાલુ છે. અમે વર્ચ્યુઅલી જોડાયેલા છીએ અને અમારા નેતાઓની મુલાકાત પહેલા સમયમર્યાદા પૂરી કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ," અગ્રવાલે પત્રકારોને કહ્યું. ૨૭ દેશોના વેપાર જૂથનો કાર્બન ટેક્સ એક વિવાદાસ્પદ મુદ્દો છે જે હજુ સુધારવાનો બાકી છે.

જો બધું સારું ચાલે તો, બંને પક્ષો ૨૭ જાન્યુઆરીએ ભારત-ઈયુ સમિટમાં વાતચીત પૂરી થવાની જાહેરાત કરવાની આશા રાખે છે, જો કે સમજૂતી પર હસ્તાક્ષર પછીથી થશે. "આ સારો અવસર હશે. અમે યોગ્ય પ્રયાસ કરી રહ્યા છીએ," વાણિજ્ય સચિવે કહ્યું.

ઈયુ સાથે વાતચીતમાં પ્રગતિ થઈ છે, પરંતુ અગ્રવાલે કહ્યું કે અમેરિકા સાથેનો દ્વિપક્ષીય વેપાર સમજૂતી ત્યારે જાહેર કરવામાં આવશે જ્યારે બંને પક્ષ તૈયાર હશે. તેમણે કહ્યું કે બંને દેશો વાતચીતમાં જોડાયા છે, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયુષ ગોયલે ગયા મહિને અમેરિકી વેપાર પ્રતિનિધિ જેમિસન ગ્રીર સાથે વાત કરી હતી, જ્યારે અધિકારીઓ (અનુ. આઠમા પાને)

### હિન્દી-ચીની ભાઈ-ભાઈ

## દેકારા વચ્ચે ચાઈના સાથેમાં વેપારમાં ૬૭ ટકાની વૃદ્ધિ



ના ના કરતે પ્યાર તુમીસે કર બેઠે... ભારત-ચીન વચ્ચે પણ કંઈક આવું જ ચાલી રહ્યું છે. બન્ને દેશો વચ્ચે સરહદી પ્રશ્નો મોટા પ્રમાણમાં છે. પરંતુ વેપારી સંબંધો સતત નવી ઊંચાઈએ પહોંચી રહ્યા છે. ડિસેમ્બરમાં ભારતની ચીનમાં થતી નિકાસમાં મોટો વધારો થયો છે. પાછલા વર્ષની તુલનામાં નિકાસ ૬૭.૩૫% વધીને ૨.૦૪ બીલીયન ડોલર પર પહોંચી ગઈ છે. આ વધારાનું કારણ ઈલેક્ટ્રોનિક્સ, સમુદ્રી અને કૃષિ ઉત્પાદનોના વધુ વેચાણ છે. વાણિજ્ય મંત્રાલયના આંકડા અનુસાર, તેમાં તેલના ભોજન, સમુદ્રી ઉત્પાદનો, ટેલિકોમ સાધનો અને મસાલાના વેચાણમાં મોટો વધારો થયો છે. ઈલેક્ટ્રોનિક્સમાં મુખ્ય વસ્તુઓ જેમ કે પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ, ફ્લેટ પેનલ ડિસ્પ્લે અને ટેલિફોનીના અન્ય સાધનોના નિકાસમાં વધારો જોવા મળ્યો છે. કૃષિ અને સમુદ્રી ઉત્પાદનોમાં સુકા મરચાં, કાળા વાઘરા ઝીંગા, લીલા મગ, વનમી ઝીંગા અને તેલના કેકના અવશેષોનું વેચાણ વધ્યું છે. આ ઉપરાંત, એલ્યુમિનિયમ અને શુદ્ધ તાંબાના બિલેટ્સના નિકાસે પણ મદદ કરી છે. (અનુ. આઠમા પાને)

### નોબેલ પારિતોશિક ભેટમાં કે ઉછીનો?

# ન હોય... પુતિન યુદ્ધ સમાપ્તી માટે રેડી પરંતુ ઝેલેસ્કિનો 'નનૈયો': ટ્રમ્પ

## ટ્રમ્પ વેનેઝુએલામાં લોકશાહી જોવા માંગે પરંતુ મારિયા મચાડો દેશનું નેતૃત્વ કરી શકશે કે નહીં તે બાબતે તેમનો અભિપ્રાય બદલાયો નથી



વૈશ્વિક રાજકારણમાં અત્યારે ભારે હલચલ જોવા મળી રહી છે, જેમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કેન્દ્રસ્થાને છે. તાજેતરમાં વ્હાઈટ હાઉસ ખાતે ટ્રમ્પ અને વેનેઝુએલાના વિપક્ષી નેતા મારિયા કોરિના વચ્ચે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ મુલાકાત દરમિયાન મચાડોએ તેમનો નોબેલ શાંતિ પુરસ્કાર ટ્રમ્પને અર્પણ કરીને સૌને ચોંકાવી દીધા હતા.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પર આ બદલ તેમનો આભાર માન્યો અને તેમને "અદભૂત મહિલા" ગણાવ્યા. મચાડોએ કહ્યું કે આ મેડલ આઝાદી માટે ટ્રમ્પના સમર્થનનું સન્માન છે.

એક તરફ વેનેઝુએલાના પૂર્વ શાસક માદુરોની ધરપકડ બાદ ત્યાં નવી સત્તા માટે સંઘર્ષ ચાલી રહ્યો છે, ત્યારે ટ્રમ્પનું વલણ મચાડો અને કાર્યકારી સરકાર વચ્ચે વહેંચાયેલું જોવા મળે છે. ટ્રમ્પે યુક્રેન-રશિયા યુદ્ધ માટે રશિયાને બદલે યુક્રેનના વલણને જવાબદાર ગણાવીને નવો વિવાદ છેડ્યો છે. તાજેતરમાં જ અમેરિકી દળોએ વેનેઝુએલાના શાસક નિકોલસ માદુરોની ધરપકડ કરી તેમને ન્યૂયોર્ક જેલમાં મોકલી દીધા છે.

મારિયા મચાડોએ ૨૦૨૪ની ચૂંટણી જીતી હોવાનું મનાય છે, પરંતુ ટ્રમ્પ હજુ પણ તેમને દેશના નેતા તરીકે સ્વીકારવા બાબતે થોડા શંકાશીલ છે. વ્હાઈટ હાઉસના જણાવ્યા અનુસાર, ટ્રમ્પ વેનેઝુએલામાં લોકશાહી જોવા માંગે છે, પરંતુ મારિયા મચાડો દેશનું નેતૃત્વ કરી શકશે કે નહીં તે બાબતે તેમનો અભિપ્રાય બદલાયો નથી. (અનુ. આઠમા પાને)

# ઈરાનમાં ગૃહ યુદ્ધ જેવી સ્થિતિઃ ભારતીય વિદ્યાર્થીઓને લઈ પ્રથમ પ્લેન દિલ્હી આવ્યું

**૩૦૦ ભારતીયો સુરક્ષિત રીતે પોતાના વતન પરત ફર્યાઃ હજુ પણ જે પરિવારના સભ્યો ત્યાં ફસાયેલા દૂતાવાસના હેલ્પલાઈન નંબર સંપર્ક કરવા અને ઓનલાઈન ફોર્મ ભરવા માટે જણવાયુ**

ઈરાન દેશમાં અત્યારે ભારે તોફાનો અને લડાઈ જેવો માહોલ હોવાથી ત્યાં વસતા આપણા ભારતીય ભાઈ-બહેનો અને વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે. ત્યાં ઈન્ટરનેટ બંધ હોવાથી અને ફ્લાઈટ્સની અછતને કારણે લોકો ડરી ગયા છે. આવી ગંભીર સ્થિતિમાં ભારત સરકારે તાત્કાલિક મદદનો હાથ લંબાવ્યો છે અને ખાસ વિમાનની વ્યવસ્થા કરી છે. શુક્રવારે પહેલી ફ્લાઈટ તેહરાનથી ઉપડીને દિલ્હી આવી પહોંચી છે, જેમાં અંદાજે ૩૦૦ ભારતીયો સુરક્ષિત રીતે પોતાના વતન પરત ફર્યા છે. એરપોર્ટ પર ઉતરતા જ આ વિદ્યાર્થીઓના ચહેરા પર રાહત જોવા મળી હતી.

હજુ પણ ઈરાનમાં હજારો ભારતીય વિદ્યાર્થીઓ ફસાયેલા છે, જેમાંથી ઘણા પાસે ટિકિટ લેવાના પૈસા નથી તો ક્યાંક યુનિવર્સિટીઓ પાસપોર્ટ આપી રહી નથી. ભારત સરકાર સતત ત્યાંની એરલાઈન્સ અને અધિકારીઓ સાથે વાત કરી રહી છે જેથી બાકીના લોકોને પણ વહેલી તકે હેમખેમ ઘરે લાવી શકાય. જે પરિવારના સભ્યો ત્યાં ફસાયેલા છે, તેમને દૂતાવાસના હેલ્પલાઈન નંબર +૯૮૯૧૨૮૧૦૯૧૧૫; +૯૮૯૧૨૮૧૦૯૧૦૯; (અનુ. આઠમા પાને)

**એકવાર શેઠ બ્રધર્સ ની ડીટોકસ ગ્રીન-ટી પીઓ બીજી બધી ગ્રીન-ટી ભુલી જશો.**

**સ્વાદ અને સ્વાસ્થ્યના સંગમ સમાન 'પ્રતિકાર' ડીટોક્ષ ગ્રીન-ટી**




આદુ, હળદર, અશ્વગંધા, ગળો, સરગવાના પાન, કાળામરી, એલચી, તુલસી વિગેરેના ઔષધીય ગુણ યુકત સ્વાસ્થવર્ધક 'પ્રતિકાર' ડીટોક્ષ ગ્રીન-ટી ચહેરાની ત્વચામાં ચમક લાવવામાં, કોલેસ્ટ્રોલ તથા હૃદય માટે ગુણકારી છે. સીઝનલ શરદીમા રાહત આપે છે સવાર સાંજ નિયમીત સેવન વજન નિયંત્રીત કરવામાં મદદ રૂપ છે ટેસ્ટમાં તો એવી બેસ્ટ કે તેનો સ્વાદ દાઢે રહી જશે.

વિચારોનું વીજળી ઘર


# મગજની માયાજાળ: ન્યુરોન્સ અને નેટવર્કની દુનિયા

## કુદરતની કરામતનો અદ્ભૂત નમુનો એટલે મગજ, જે શરીરના બીજા અંગોને કલાકની ૨૭૦કિ.મી.ની ઝડપે સંદેશા મોકલે છે: જ્યારે આપણે તણાવમાં હોઈએ છીએ, ત્યારે શરીરમાંથી તણાવ હોર્મોન, કોર્ટિસોલ, મુક્ત થાય છે: સૌથી અચરજની વાત એ છે કે નવજાત શિશુનું મગજ પહેલા વર્ષે જ ત્રણ ગણું વધી જાય છે


આપણું મગજ વિચારોની અજાણી દુનિયા છે. કુદરતની કરામતનો અદ્ભૂત નમુનો એટલે મગજ, જે આજના અત્યાધુનિક કોમ્પ્યુટર, લેપટોપ સહિતના ઉપકરણોને પણ પાછળ રાખી શકવા સક્ષમ છે. આપણા આખા શરીરને સુચરુરૂપથી ચલાવે છે. નાનું એવું મગજ મસમોટા કામ ચૂટકીઓમાં કરે છે. જો તમે તમારા મગજને હકારાત્મક, નકારાત્મક જે કંઈ અભિગમ આપશો તો તેજ આભિગમ સાથે કામ કરશે. આપણા મગજ પાસે અદભુત શકિત રહેલી છે. તે માત્ર રોજબરોજ નહિ પણ સેંકડો વર્ષ જુના તથ્યો યાદ રાખે છે. એમાં પણ તાર્કિક શક્તિ ખૂબ જ વ્યાપક હોય છે. જેમ જેમ તમે પ્રેકિ્ટસ કરશો એમ એમ તમારું મગજ વધુ તેજ બનતું જઈશે. બસ જરૂર છે તો આ માટેની પ્રેકિ્ટસની.

મગજ એટલે ૮૦ ટકા પાણી અને તેને કયારેય પીડા થતી નથી. ન્યુરોન મગજમાં પાંગરે છે. જેની ગતિ એક સરખી હોતી નથી. આપણાં મગજના વજન કરતાં તો આપણી શરીરની ચામડીનું વજન વધારે હોય છે.

મગજમાં ૧૦૦ અબજથી વધુ ન્યુરોન હોય છે. સૌથી મોટું મગજ હાથીનું હોય છે. શરીરના વજન પ્રમાણ માણસનું બે ટકા અને



હાથીનુ ૦.૧૫ ટકા હોય છે. મગજની અંદર આવેલી રકતવાહિનીઓની કુલ લંબાઈ ૧૬ હજાર કિ.મી. હોય છે. મગજ એક અંગ છે કે જે બધી પૃષ્ઠવંશીમાં નર્વસ સિસ્ટમ અને સૌથી અપૃષ્ઠવંશી પ્રાણીઓ તરીકે સેવા આપે છે. મગજ માથામાં સ્થિત થયેલ છે, મગજ પૃષ્ઠવંશી શરીરમાં સૌથી જટિલ અંગ છે. એક માનવ મગજનો આચ્છાદન આશરે ૧૫થી૩૩ અબજ ચેતાકોષો ધરાવે છે. હજારો અન્ય મજ્જાતંતુઓની મારફતે ચેતોપાગમ દ્વારા જોડાયેલ છે. આપણું મગજ શરીરનાં બીજા અંગોને કલાકમાં ૨૭૦ કી.મી.ની ઝડપે સંદેશા મોકલાવે છે. યુગોથી માનવ મસ્તિષ્કે લોકોને અચરજમાં રાખ્યા છે. આપણાં શરીરનું સૌથી જટિલ અંગ આપણું મગજ છે. જેને હજી પૂરે પુરૂ સમજી નથી શકાયું, વિશ્વનાં ઘણા વૈજ્ઞાનિકો એ ડોકટરે મગજ કેમ કામ કરે છે. તે સમજવામાં જિંદગી પુરી કરી નાખી, તે કુદરતની કરામતનો અદભુત નમુનો છે. આપણું મગજ શરીરનું નિયંત્રણ ઊંઘ, સપના જોવા, યાદ રાખવું જેવી વિવિધ કામગીરી કેવી રીતે કરે છે તે એક રસપ્રદ બાબત છે. આપણું મગજ માત્ર ૧૦ વોટના લેમ્પ જેટલી જ શરીરની ઉર્જા વાપરે છે. તે શરીરનાં બીજા ભાગોને સંદેશા પહોચાડે છે. તેની સંગ્રહ કરવાની શકિતમાં પાંચ એન્સાઈકલોપીડિયા જેટલી છે. તે લોહીમાં પ્રવેશતા ઓકિસજનનો પાંચમો ભાગ જ વાપરે છે. મગજ દિવસ કરતાં રાત્રે વધારે સક્રિય રીતે કાર્ય કરે છે. વૈજ્ઞાનિકોના તારણ મુજબ જેનો આઈકયુ કાઉન્ટ ઊંચો હોય તેને સપના વધારે આવે છે. તેનું વજન અંદાજે ૧ કિલોને ૩૬૦ ગ્રામ જેટલું હોય છે.જ્યારે આપણે તણાવમાં હોઈએ છીએ, ત્યારે શરીરમાંથી તણાવ હોર્મોન, કોર્ટિસોલ, મુક્ત થાય છે. કોર્ટિસોલના પ્રકાશનને કારણે, તમને સારું લાગતું નથી. જોકે તે ક્યારેક ક્યારેક થાય તો તે સામાન્ય છે, પરંતુ જ્યારે તમે લાંબા સમય સુધી તણાવ લો છો, ત્યારે કોર્ટિસોલનું લેવલ સતત વધે છે અને તે મગજને નુકસાન પહોંચાડવાનું શરૂ કરે છે. વધુ પડતા તણાવની મગજ અસર થાય છે.




સૌથી અચરજની વાત એ છે કે નવજાત શિશુનું મગજ પહેલા વર્ષે જ ત્રણ ગણું વધી જાય છે. માણસ પુખ્ય થાય પછી તેની વૃધ્ધી અટકી જાય છે. માનસિક સક્રિયતા પ્રમાણે આખી જીંદગી નવા ન્યુરોન બનતા રહે છે.

નાના બાળકોનો મગજનો વિકાસ કરવો હોય તો તેની સામે મોટેથી વાંચવું અને તેની સાથે વાત કરો. તમને જાણીને નવાઈ લાગશે કે આનંદ, સુખ, ભય, શરમ જેવી વિવિધ લાગણ જન્મ સાથે વિકસી જાય છે. પાંચ વર્ષની ઉંમરમાં જે બાળકો બે ભાષા શીખે છે તેના મગજમાં ફેરફાર જોવા મળે છે અને જેમ તે મોટો થાય તેમ મગજનો રંગ રાખોડી રંગનો વધુ થાય છે. આપણાં શરીરના ઓકિસજન સાથે લોહી પણ મગજ વધારે વાપરે છે. ફરતા લોહીનો ૨૦ ટકા ઉપયોગ એકલું મગજ જ કરે છે. જો તેને ૮ કે ૧૦ સેકન્ડ જ લોહી ન મળે તો માણસ બેભાન થઈ જાય છે. સુસ્તી લાગે ત્યારે બગાસું આવે જેનાથી મગજને વધારે ઓકિસજ ન મળે અને તે જાગૃત સાથે સક્રિય થઈ જાય છે. એક માન્યતા એવી છે કે માણસ તેના મગજનો ૧૦ ટકા જ ઉપયોગ કરે છે જે ખોટું છે, આજે વિકસતા વિજ્ઞાનમાં તેના દરેક કામ જાણી શકાયા છે. ૪ થી ૬ મિનિટ તે ઓકિસજન વગર જીવી શકે છે, પણ થોડો વધુ સમય મગજને કાયમી નુકશાન પહોચાડે છે.વધુ પડતું માનસિક દબાણ માનવી ઉપર આવતાં મગજનાં કોષો તેની રચના અને કાર્યમાં ફેરફાર કરી નાંખે છે. ૧૧૫.૭ ડિગ્રી આકરા તાવમાં દરદી જીવતો રહ્યાનો દાખલો નોંધાયો છે. ઓકિસીટોસિન નમનો હોર્મોન મગજમાં પ્રેમની લાગણ પેદા કરે છે. એક તારણમાં એવું જાણવા મળ્યું કે જે બાળકો કૃત્રિમ સ્વાદ અને પ્રીઝર્વેટિવ અને રંગ ઉમેરેલા આહારો વધુ ખાતા હતા તેના કરતાં આવો આહાર ન લેનાર બાળકોમાં આઈ.કયુ. ૧૪ ટકા વધારે જોવા મળ્યો હતો. બાળક સાથે જાતીય દૂરાચાર થવાથી તેમના મગજના વિકાસ પર અવળી અસર પડે છે. જે કાયમી રહે છે. ગર્ભમાં રહેલા બાળક સૌ પ્રથમ સ્પર્શેન્દ્રીયનો વિકાસ થાય છે. આઠ વીકનો જીવ એના હોઠ અને ગાલના સ્પર્શનો અનુભવ કરે છે. ૧૨ વીકમાં તે જીવ આખા શરીર સ્પર્શને જાણી શકે છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

### માનવ મગજ એ નાશવંત અંગ નથી !!

મગજ વિશે સંશોધન કરતા વૈજ્ઞાનિકોએ પોતાના તારણમાં જણાવેલ કે સાચવીને રાખવામાં આવેલ માનવ મગજ લગભગ બાર હજાર વર્ષ જૂનું છે. આજે પણ તે આપણને સક્રિય અંગ તરીકે દેખાય છે. તેમના પેશીઓ હજુ પણ એકદમ નરમ છે, અને અમને જરૂરી માહિતી આપી શકે છે. આ અમને ન્યુરોલોજીકલ ડિસઓર્ડર, સમજશક્તિ અને વર્તન અને ચેતા પેશીઓની વૃદ્ધિને વધુ સારી રીતે સમજવામાં મદદ કરી શકે છે.માનવ મગજ એ નાશવંત અંગ નથી.

**એક માનવ મગજનો આચ્છાદન આશરે ૧૫ થી ૩૩ અબજ ચેતાકોષો ધરાવે છે: મગજની અંદર આવેલી રકતવાહિનીઓની કુલ લંબાઈ ૧૬ હજાર કિ.મી. હોય છે: મગજમાં ૧૦૦ અબજથી વધુ ન્યુરોન હોય છે, અને તેનું વજન અંદાજે એક કિલોને ૩૬૦ ગ્રામ જેટલું હોય છે**

# બગસરા તાલુકાના ગામડાઓમાં વહી સેવાની સરવાણી

## વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ દ્વારા હડાળા હામાપુર, હળીયાદ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં મેડીકલ સાધનોની કીટ વિતરણ કરવામાં આવી



**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરામાં દાતાના સહયોગથી વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં મેડીકલ સાધનોની કીટ અપાઈ. બગસરાના વતની અને હાલ મુંબઈ રહેતાં કિશોરભાઈ હરીભાઈ દડિયાની પ્રેરણા અને સહયોગ થી બગસરા તાલુકાના હડાળા, હામાપુર, જુનીહળીયાદ અને જુનાં ઝાઝરીયા તથા મોટા લીલીયા તાલુકાના ઈંગોરાળા ગામે મેડીકલ સાધનોની સેવા શરૂ કરાવી અદભુત આરોગ્ય શ્રેત્રે લોકસેવા નો યજ્ઞ શરૂ કરાવી, અમેરિકા સ્થિત મૂળ બગસરા ના વતની અનીલ ભાઈ દડીયા તથા દિનેશ ભાઈ દડીયાના માતા કંચન ગૌરી ખીમચંદભાઈ દડીયા પરીવારના આર્થીક સહયોગથી લેઉવા પટેલ સમાજ શાપર દ્વારા શાપર ગામે છઠ્ઠા મેડીકલ સાધન સહાય સેન્ટર નો શુભારંભ, કનક આશ્રમ શાપરના મીરાબાપુ હસ્તે ખૂલ્લું મુકવામાં આવેલ. મીરાં બાપુએ દાતા ની આ સેવા ને બીરદાવી ને જણાવેલ કે આવાં સત્કર્મો પરમાત્મા ની કૃપા હોય તો જ થઈ શકે છે અને સંજયભાઈ સુદાણી ના પ્રોજેક્ટ શરૂ કરાવવાના ભગીરથ પ્રયાસને સૌએ બીરદાવેલ. આ પ્રસંગે સંસ્થાના કાર્યકરોની નોંધપાત્ર સેવા રહેલ છે.

## સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૬૨૪ બાળકોને ઓરી-રૂબેલાની રસી અપાઈ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેનૂદ્રનગર જીલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ સમગ્ર જીલ્લામાં ઓરી-રુબેલા રસીકરણ અભિયાન યોજાયું હતું. આ અભિયાન અંતર્ગત જીલ્લાના કુલ ૫૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૧૨ શહેરી આરોગ્ય કેન્દ્રો ખાતે બાળકોને ઓરી-રુબેલાનો પ્રથમ ડોઝ તેમજ બુસ્ટર ડોઝ આપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ રસીકરણ ઝુંબેશ દરમિયાન જિલ્લાના આરોગ્ય તંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું, જેના પરિણામે કુલ ૬૬૩ બાળકોને ઓરી-રુબેલાનો પ્રથમ ડોઝ અને ૯૬૧ બાળકોને બુસ્ટર ડોઝ આપવામાં આવ્યો હતો. આમ એક જ દિવસમાં કુલ ૧૬૨૪ બાળકોને રસી આપીને જીવલેણ બીમારીઓ સામે સુરક્ષિત કરવામાં આવ્યા હતા. આ કામગીરીના સફળ અમલીકરણ માટે જીલ્લા કક્ષા તેમજ તાલુકા કક્ષાના તમામ અધિકારીઓ અને સુપરવાઈઝરો દ્વારા સતત ફિલ્ડ વિઝિટ કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

## ઉપલેટા: રાધે ગ્રૂપ દ્વારા સ્લમ વિસ્તારના બાળકોને કપડાની ભેટ આપી મકરસંક્રાતિની ઉજવણી

**અબતક, કિરીટ રાણપરિયા, ઉપલેટા**

મકરસંક્રાતિના પવિત્ર દિવસે શાસ્ત્રોમાં પણ દાન કરવાનો મોટો મહિમા છે એટલે મકરસંક્રાંતિ દિવસે લોકો અન્ન, વસ્ત્રો, ગાયોને નિરણ જરૂરિયાત મંદ લોકોને જુદા જુદા પ્રકારનુ ખરેખર દાન કરવું જોઈએ રાધે સેવા ગ્રુપના બહેનો અને હંમેશા સેવાના અને પુણ્યના કામ કરતા એવા સેવાભાવિ રીટાબેન રાજાભાઈ સુવા મકર સંક્રાંતિના દિવસે ૯૦ થી વધારે બાળકો ને નવા કપડા, ચપ્પલ, બ્લેન્કેટ સહિત ની વસ્તુઓ બાળકો ને ઝૂંપડપટ્ટી વિસ્તારમાં વિતરણ પોતે જાતે સ્થળ ઉપર આવી પોતાના હાથે અર્પણ કરેલ હતુ સાથે સેવામાં વ્યવસ્થામાં રાધે સેવા ગ્રુપના ભારતીબેન આહીર, મંજુબેન માકડીયા, વિજયાબેન જોશી, પારુલ બેન નિમાવત, સોનલબેન બારોટ, મેઘાબેન અને અવનીબેન સહિત બહેનો એ પોતાનો કિંમતી સમય લઈને સેવા આપી દાતા રીટાબેન સુવા બધા જ બહેનો ને અભિનંદન આપી સાથે સાથે આભાર માન્યો હતો.



તસ્વીર: શહેઝાદ બાદશાહ

### મકરસંક્રાંતિ પર્વએ

## ઉપલેટા: આર્ટ ઓફ લિવિંગ પરિવાર આયોજીત સામુહિક સત્યનારાયણ કથા શ્રવણનો ભાવિકોએ લીધો લ્હાવો

**અબત, કિરીટ રાણપરીયા,ઉપલેટા**

ઉપલેટા શહેરના આંગણે મકરસંક્રાંતિ પાવન પર્વ ઉપર સામૂહિક સત્યનારાયણ ભગવાનની કથાનું સુંદર આયોજન આર્ટ ઓફ લિવિંગ ઉપલેટા પરિવાર દ્વારા ગોપાલ ગૌશાળા ડો. ટોલીયા રોડ ઉપર કરવામાં આવ્યું હતુ ઉપલેટા શહેરના નગરજનો અને વેપારી નગરજનોની વિશાળ હાજરીમાં આર્ટ ઓફ લિવિંગ ઉપલેટા સેન્ટર ની રજત જયંતિ ઉજવણી અનવયે સામૂહિક રીતે ૨૭ ભગવાન સત્યનારાયણની કથા નું આયોજન કરવામાં આવેલ હતું જેમાં ગુરૂપુજા,સત્યનારાયણ ની કથા, અને સત્સંગ બાદ ફરાળના પ્રસાદનો લાભ હાજર લોકોએ લીધેલો હતો આ તકે સત્સંગ ,સેવા યોદ્ધા નુ સન્માન સંથા દ્વારા ડો.બાબરીયા,લાલજીભાઈ રાઠોડ,સુનીલભાઈ ધોળકિયા, જયેશભાઈ ત્રિવેદી,અને પંકજભાઈ કરીયા નુ તેમની ઉમદા સામાજીક સેવા માટે ગુરુદેવના આશિર્વાદ રુપે શાલ ઓઢાડી સન્માન કરવામા આવેલ હતુ. આ કાર્યક્રમ સારા સંકલ્પ નુ આયોજન આર્ટ ઓફ લિવિંગ ટીચર કિરણબેન સુવા,સુનિલભાઈ ધોળકિયા મનોજભાઈ લલાડીયા મિતુલભાઈ ,સંદીપભાઈ અને અજયભાઈ સાથેઆર્ટ ઓફ લિવિંગ પરિવાર ઉપલેટાએ જહેમત ઉઠાવી હતી.



## આવતીકાલનું રાશિફળ

**તા.૧૭.૧.૨૦૨૬, શનિવાર, સંવંત ૨૦૮૨, પોષ વદ ચતુર્દશી, મૂળ નક્ષત્ર, વ્યાઘાત યોગ, વિષ્ટિ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે**

**મેષ (અ,લ,ઈ)** : ધાર્યા કામ પાર પાડી શકો, હકારાત્મક વિચારોથી લાભ થાય, દિવસ પ્રગતિકારક રહે.

**વૃષભ (બ,વ,ઉ)** : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, આગળ વધવાની તક મળે, દૈવી સહાય પ્રાપ્ત થાય, શુભ દિન.

**મિથુન (ક,છ,ઘ)** : આંતરિક સંબંધોમાં સારું રહે, મતભેદ નિવારી શકો, વડીલોની સલાહ ધ્યાન પર લેવી જરૂરી બને.

**કર્ક (ડ,હ)** : નિયમિત જીવનપદ્ધતિથી આગળ વધશો તો સફળતા મળશે, રોજનીશી લખવાની ટેવ કામ લાગશે, ભૂતકાળ પર થી શીખવું પડે.

**સિંહ (મ,ટ)** : વિદેશ જવા ઈચ્છતા કે ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પુરી પડતો દિવસ, સ્ત્રીવર્ગને પણ સારું રહે.

**કન્યા (પ,ઠ,ણ)** : પરિવાર સાથે આનંદ માણી શકો, દિવસ, નવી વ્યક્તિઓને ઉત્સાહપૂર્વક મળી શકો, દિવસ લાભદાયક રહે.

**તુલા (ર,ત)** : નવા કાર્યમાં ઈશ્વરી સહાય મળે,વિચારોમાં નવીનતા આવે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**વૃશ્ચિક (ન,ય)** : તમારા શોખ માટે સમય ફાળવી શકો, મનથી હળવાશ અનુભવી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : જીવનમાં નવા પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, તમારી પ્રતિભામાં વૃદ્ધિ થાય, કાર્યની સરાહના થાય, શુભ દિન.

**મકર (ખ,જ)** : બીજાની ચિંતા ના કરતા સ્વયં પર ધ્યાન આપવું, ખર્ચ પર અંકુશ રાખવો, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.

**કુંભ (ગ,સ,શ)** : મિત્રો સાથે આનંદ માણી શકો, ગમતી પ્રવૃત્તિ કરી શકો, અચાનક કોઈ તક ઉભી થહતી જણાય.

**મીન (દ,ચ,ઝ,થ)** : વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ, નોકરિયાતવર્ગ ને સારું રહે, ઈચ્છીત પરિણામ પ્રાપ્ત કરી શકો.

## બીજે ગુરુ ધરાવતા જાતકો પારસમણિ જેવા હોય છે

અગાઉ અત્રે લખ્યા મુજબ દરિયામાં હલચલ વધી છે અને સંક્રાંત પછી યુદ્ધનો માહોલ વધતો જાય છે અને જાન્યુઆરી અંત સુધીમાં જ કેટલાક મોરચા ખુલતા જોવા મળશે વળી સમજાવટથી પતાવટના માર્ગ બંધ થતા જાય છે અને પશ્ચિમી દેશો યુદ્ધ તરફ ઝુકાવ બતવતા જોવા મળે અને ઈરાનની હાલત પણ વધુ ગંભીર થતી જોવા મળે તો કેટલાક દેશ તેમની નીતિ બાબતમાં વધુ સ્પષ્ટ થતા જોવા મળશે વળી ભારતે પણ તેની વિદેશનીતિ વધુ કલીઅર કરવી પડશે. હાલ આપણે લાલ કિતાબ મુજબ ગ્રહોના ગૂઢ ફળ વિષે વાત કરી રહ્યા છીએ ત્યારે બીજે ગુરુ હોય તો શું ફળ મળે તે વિચારીએ બીજે ગુરુ જાતકને સારા વાણી વર્તન અને આશિષ આપનાર બનાવે છે વળી બીજે ગુરુવાળાએ આપેલા આશિષ ફળે છે તો બીજે ગુરુના જાતકો ગૌ સેવા કરવા વાળા હોય છે તો પંડિતજી કહે છે કે આ જાતકો સાત્વિક ભોજન લેવા વાળા ઉદાર હોય છે અને પોતાના કુળને તારવાવાળા હોય છે અને નામ કમાતા હોય છે આ લોકો પારસમણિ જેવા હોય છે જેને સ્પર્શ કરે તે સોનુ થાય પણ તે લોકોએ એ સમજવું જોઈએ કે એ પોતે સોનુ નથી પારસમણિ છે એ યાદ રાખવું જોઈએ ગુરુ બીજે જીવન વસ્તુને મોટી કરે છે એટલે કે પરિવાર મોટો કરે છે અને પરિવારમાં સારા વ્યક્તિ આપે છે પણ પૈસા જે જીવન વસ્તુ નથી તે ધીમે ધીમે આવે છે એ લોકો એ સોનાનો વ્યાપાર ના કરવો જોઈએ પણ તે માટીમાં થી પણ સમૃદ્ધ બની શકે છે પણ તેમનું ફોકસ તેમને લોકકલ્યાણના કાર્યમાં રાખવું જોઈએ. બીજે ગુરુ વાળા જાતકોને મૃત્યુ પહેલા તેનો અહેસાસ થતો હોય છે જે મહત્વની બાબત છે વળી આવા લોકો પોતાની વાણીથી સામે વળી વ્યક્તિને અભિભૂત કરી શકે છે અને જે કઈ બોલે છે તેમાં દૈવી કૃપા વરસતી હોય છે માટે તેમના આશિષ ખુબ કામના હોય છે!



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

## કાર્યક્રમોની યાદી

અબતક CHANNEL

**તારીખ ૧૬-૦૧-૨૦૨૬ શુક્રવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હાહાકાર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ચીઝ અંગુરી)+(ચીઝ કોર્ન રોલ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.વિશાલ પોપટાણી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કાર્બન કોપી)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૭-૦૧-૨૦૨૬ શનિવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર (શ્રી.કષ્ટભંજન દેવ)લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા. ૧૭-૧ -૨૦૨૬ શનીવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** પોષ વદ ચૌદશ
**નક્ષત્ર** મૂળ
**યોગ** વ્યાઘાત **કરણ:** વિષ્ટિ
**સુર્યોદય** ૭.૨૯ **સુર્યાસ્ત:** ૬.૨૫
**ચંદ્ર રાશી** ધન
**રાશિ અક્ષર** ભ.ફ.ધ.
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા** કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા** લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૫ થી ૧.૧૮

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૩૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૮ | ૫ | ૭ | ૩ | ૯ | | |
| ૯ | | | | | | | | |
| | | ૫ | | | | | ૧ | ૮ |
| | | | | ૩ | ૫ | ૨ | | |
| | | | | ૨ | | ૬ | ૫ | ૭ |
| ૫ | | | ૭ | | ૪ | ૧ | | ૯ |
| ૧ | | | | | | ૪ | | |
| ૬ | ૭ | | ૨ | | ૮ | | ૯ | ૫ |
| | ૫ | ૨ | | ૯ | | | ૭ | ૧ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.


## સૂડોકુ-૩૬ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૧ | ૭ | ૪ | ૨ | ૬ | ૫ | ૩ | ૮ |
| ૮ | ૫ | ૪ | ૭ | ૩ | ૧ | ૯ | ૬ | ૨ |
| ૩ | ૨ | ૬ | ૫ | ૮ | ૯ | ૭ | ૧ | ૪ |
| ૭ | ૬ | ૨ | ૯ | ૧ | ૮ | ૩ | ૪ | ૫ |
| ૪ | ૯ | ૮ | ૩ | ૭ | ૫ | ૬ | ૨ | ૧ |
| ૧ | ૩ | ૫ | ૬ | ૪ | ૨ | ૮ | ૯ | ૭ |
| ૫ | ૭ | ૧ | ૨ | ૬ | ૩ | ૪ | ૮ | ૯ |
| ૨ | ૪ | ૩ | ૮ | ૯ | ૭ | ૧ | ૫ | ૬ |
| ૬ | ૮ | ૯ | ૧ | ૫ | ૪ | ૨ | ૭ | ૩ |

# પ્રાકૃતિક ખેતી સૂક્ષ્મ જીવાણુઓની ખેતી છે: રાજ્યપાલ

## હણોલમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ખેડુત સાથે આત્મીય સંવાદ સાધ્યો





## સરકારી શાળામાં રાત્રી રોકાણ: પ્રભાત ફેરી સ્વચ્છતા અભિયાન અને ગૌસેવા દ્વારા ખેડુતોને આપ્યો સંદેશ

**અબતક, આનંદ રાણા, શિહોર**

ભાવનગર જિલ્લાના હણોલ ગામની મુલાકાત દરમિયાન રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ સરકારી પ્રાથમિક શાળામાં સાદગીપૂર્ણ રાત્રી રોકાણ કરીને સાદગી, સંવેદનશીલતા અને ગ્રામ્ય જીવન પ્રત્યેની પોતાની લાગણી વ્યક્ત કરી હતી. આજે વહેલી સવારે રાજ્યપાલશ્રી હણોલના ગ્રામજનો સાથે પ્રભાત ફેરીમાં જોડાયા હતા તેમજ સ્વચ્છતા અભિયાન અંતર્ગત જાતે ઝાડૂ લઈ સફાઈ કરી સ્વચ્છતા અંગે જનજાગૃતિનો સંદેશ આપ્યો હતો.

રાજ્યપાલએ એક પેડ માં કે નામ અભિયાન હેઠળ વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણનું મહત્વ દર્શાવ્યું હતું. આ સાથે ગાયને દોહી ગૌસેવા પ્રત્યેની પોતાની ભાવના વ્યક્ત કરી હતી, જેના કારણે ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વળવાની પ્રેરણા મળે. ફિટ ઈન્ડિયા અભિયાન અંતર્ગત સાયકલ રેલીનું પ્રસ્થાન કરાવી આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવવાનો સંદેશ પણ આપ્યો હતો.

પ્રાકૃતિક ખેતી કરતાં પાલીતાણા તાલુકાના નવાગામના ખેડૂત ઘનશ્યામભાઈ ધામેલીયાના ફાર્મની મુલાકાત લઈ રાજ્યપાલએ ખેડૂતો, કૃષિ સખીઓ તથા માસ્ટર ટ્રેનરો સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, જીવામૃત છાંયડા અથવા વૃક્ષની નીચે બનાવવામાં આવે તો તેમાં રહેલા બેક્ટેરિયા વધુ સમય સુધી સક્રિય રહે છે. પ્રાકૃતિક ખેતી સૂક્ષ્મ જીવાણુંઓની ખેતી છે. તેમણે ઉદાહરણ સાથે સમજાવ્યું કે જંગલમાં કોણ યુરિયા ખાતર નાખે છે? છતાં ત્યાં વૃક્ષો લીલાછમ રહે છે.

પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતો સાથે સંવાદ કરતાં રાજ્યપાલએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીની શરૂઆતમાં એક એકર જમીનમાં ઓછામાં ઓછું બે ટન ઘન જીવામૃત આપવું અત્યંત જરૂરી છે. તેનાથી ઉત્પાદન ઘટતું નથી પરંતુ વધે છે અને બંજર જમીન પણ ફળદ્રુપ બને છે. પ્રાકૃતિક ખેતીથી જમીનમાં ઓર્ગેનિક કાર્બન વધે છે અને જમીન લાંબા સમય સુધી જીવંત રહે છે, તેમ તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયા, જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી, જિલ્લા ખેતીવાડી અધિકારી રિઝવાન ઘાંચી, આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટર જે. એન. પરમાર તેમજ મોટી સંખ્યામાં ખેડૂતો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પાલીતાણા: પી.પી. સવાણી ગ્રૂપે રાણપરડાના જરૂરિયાતમંદ ખેડૂતોના સંતાનોની ફી ભરી વતનનું ઋણ અદા કર્યું

## કમોસમી વરસાદથી પાયમાલ થયેલા ખેડૂતોની વ્હારે આવી પી.પી. સવાણી ગ્રૂપે બાળકોની સ્કૂલ-કોલેજની ફી ભરી સાથે સરકારી નોકરીમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત ગામના કર્મીઓનું પણ ''વતનના રતન'' તરીકે સન્માન કરવામાં આવ્યું

**અબતક, અંકુર મહેતા, પાલીતાણા**




માનવતા અને સેવાના પર્યાય ગણાતા સુરતના જાણીતા ઉદ્યોગપતિ અને પી.પી. સવાણી ગ્રુપના મોભીઓએ ફરી એકવાર પોતાની માતૃભૂમિ પ્રત્યેનું ઋણ અદા કર્યું છે. આદર્શ ગામ રાણપરડાના વતની એવા સવાણી પરિવારે તાજેતરમાં થયેલા કમોસમી વરસાદ (માવઠાં) ને કારણે આર્થિક મુશ્કેલીમાં મુકાયેલા ખેડૂતોની વ્હારે આવી એક પ્રેરણારૂપ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. રાણપરડા ગામે સ્થિત પી.પી. સવાણી ફાર્મ હાઉસ ખાતે આયોજિત એક વિશેષ કાર્યક્રમમાં, માવઠાને કારણે ખેતીમાં નુકસાન વેઠનારા ખેડૂતોના દીકરા-દીકરીઓની સ્કૂલ ફીની રકમના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. આ સહાયમાં સ્કૂલ તથા કોલેજ સુધી અભ્યાસ કરતા અસરગ્રસ્ત ખેડૂતોના દીકરા દીકરી વિદ્યાર્થીઓની ફીની જવાબદારી પી.પી. સવાણી ગ્રુપ દ્વારા ઉપાડી લેવામાં આવી છે, પરંતુ રાણપરડા ગામનું નામ રોશન કરનાર અને સરકારી નોકરીમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત ગામના કર્મીઓનું પણ ''વતનના રતન'' તરીકે સન્માન કરવામાં આવ્યું હતું. વતનમાં રહીને કે બહાર રહીને રાષ્ટ્રસેવામાં યોગદાન આપતા આ રત્નોને સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ સેવાકીય કાર્યક્રમમાં ગામના ભામાશા વલ્લભભાઈ પી. સવાણી, હજારો દીકરીઓના પાલક પિતા તરીકે જાણીતા મહેશભાઈ સવાણી, સામાજિક અગ્રણી બાબુભાઈ વિરડીયા, લક્ષ્મણભાઈ માંગુકિયા, કાંતિભાઈ ભરોલીયા , વલ્લભભાઈ ચોથાણી સહિતના અનેક સામાજિક અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમની માહિતી વિપુલ તળાવીયાએ વિગતવાર રજૂ કરી હતી કાર્યક્રમના અંતે ગામના આગેવાનો અને હોદ્દેદારોએ પી.પી. સવાણી ગ્રુપની આ ઉમદા કામગીરીને બિરદાવી હતી.

# અમરેલી જિલ્લા જેલની દિવાલોમાં 'યોગનો પ્રકાશ' ફેલાશે

## ૧૦ બંદિવાનોને યોગ ટ્રેનર બનાવવા માટે આગામી એક વર્ષ સુધી અપાશે 'યોગ શિક્ષણ' જે ચારિત્ર્ય નિર્માણમાં ભુમિકા ભજવશે

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**



ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને રાજ્યના જેલ વિભાગ વચ્ચે થયેલા એમ.ઓ.યુ. અંતર્ગત અમરેલી જિલ્લા મધ્યસ્થ જેલમાં બંદીવાનો માટે એક વર્ષના યોગ તાલીમ અભિયાનનો પ્રારંભ થયો છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ બંદીવાનોમાં નકારાત્મકતા દૂર કરી, માનસિક શાંતિ અને સકારાત્મક જીવનશૈલીનો વ્યાપ વધારવાનો છે.

યોગના નિયમિત અભ્યાસથી બંદીવાનોના જીવનમાં ભાવનાત્મક સંતુલન અને નવી દિશા પ્રાપ્ત થઈ રહી છે. જેલના સત્તાધારીઓના મતે, યોગાભ્યાસથી બંદીવાનોમાં જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલાઈ રહ્યો છે અને તેઓ માનસિક તણાવમાંથી મુક્તિ અનુભવી રહ્યા છે. હાલમાં અંદાજે ૨૫ થી ૩૦ જેટલા બંદીવાનો દરરોજ આ તાલીમનો લાભ લઈ રહ્યા છે.

આ પહેલની સૌથી નોંધપાત્ર બાબત એ છે કે, જેલના ૧૦ જેટલા બંદીવાનોએ પોતે યોગ ટ્રેનર બનવા માટેની ઈચ્છા વ્યક્ત કરી છે અને તે માટેના સત્તાવાર કોર્ષ માટે અરજી પણ કરી છે. આ બંદીવાનો જેલમાંથી મુક્ત થયા બાદ સમાજમાં યોગ ટ્રેનર તરીકે સન્માનજનક અને સ્વસ્થ જીવન જીવવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી રહ્યા છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના જિલ્લા કો-ઓર્ડિનેટર સાગર મહેતા અને યોગ ટ્રેનર રાહુલ અગ્રાવત દ્વારા બંદીવાનોને યોગ અને આસનઃ શારીરિક લવચીકતા અને સ્વાસ્થ્ય માટે, પ્રાણાયમ અને ધ્યાન, માનસિક શાંતિ અને એકાગ્રતા વધારવા, સૂર્ય નમસ્કાર, સર્વાંગી શારીરિક વિકાસ માટે,

જીવનશૈલી પરિવર્તન, મેદસ્વિતા મુક્ત અને રોગમુક્ત જીવન જીવવાના પાઠ વગેરે તાલીમ આપવામાં આવે છે. કો-ઓર્ડિનેટર સાગર મહેતાએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ આગામી ૩૧ ડિસેમ્બર સુધી અવિરત ચાલશે. અગાઉ યોજાયેલી શિબિરોમાં મળેલા આશાસ્પદ પરિણામોને જોતા, આ લાંબાગાળાની તાલીમ જેલના કેદીઓના પુનઃવસન અને ચારિત્ર્ય નિર્માણમાં પાયાની ભૂમિકા ભજવશે.

# જાયન્ટ ગ્રુપ ઓફ ઈફકો સહેલીના પ્રમુખ તરીકે 'અબતક'ના પ્રતિનિધિ ભારતી માખીજાણીની વરણી

**અબતક, ગાંધીધામ**



જાયન્ટ ગ્રુપ ઓફ ઈફકો સહેલીના હોદ્દેદારોની વાર્ષિક મીટીંગ યોજાઈ જેમાં સર્વાનુમતે બીજી વખત પ્રમુખ તરીકે ભારતી માખીજાણીની વરણી કરવામાં આવી અને ચાલુ વર્ષના સેવા કાર્યની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી આ ઉપરાંત ૨૦૨૫ના વર્ષ દરમિયાન જાયન્ટ ગ્રુપ ઓફ ઈફકો સહેલી દ્વારા કરવામાં આવેલ સેવા કાર્ય બદલ પ્રાપ્ત થયેલા એવોર્ડ યુડી ડાયરેક્ટર ડોક્ટર સુનિતા દેવનાનીના હસ્તે ગ્રુપના પ્રમુખ અને ડીએફને આપવામાં આવ્યા. આ મિટિંગમાં યુ ડી ડોક્ટર સુનિતા દેવનાની,ઓફિસર પ્રિયંકા બાગ્રેચા, પ્રમુખ ભારતી માખીજાણી અને ખજાનચી કક્ષા વોરા હાજર રહ્યા હતા.આ ઉપરાંત અન્ય હોદ્દેદારોમાંથી પ્રિયા ચૌધરી,ઉષા બન્સલ સહિત સૌએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગોંડલ: મોવિયા ગામે જય માંધાતાના નાદ સાથે શોભાયાત્રા નીકળી

## ૧૨ હજારથી વધુ લોકો ઉપસ્થિત રહી માંધાતા દેવના પ્રાગટય દિવસની ઉત્સાહભેર ઉજવણી કરી

**અબતક, જીતેન્દ્ર આચાર્ય - હરેશ ગણોદીયા, ગોંડલ**





ગોંડલના મોવિયા ગામે ગુજરાત ગોંડલ ટીમ દીપકભાઈ ગોવાણી, વિજયભાઈ જાદવ રસીકભાઈ મેર, કુરજીભાઈ વાવડીયા સહિતની સમગ્ર ટીમ દ્વારા મકરસંક્રાંતિના દિવસે માંધાતા દેવનો પ્રાગટ્ય દિવસ નિમિત્તે સમસ્ત કોળી સમાજે ભવ્ય શોભાયાત્રા સાથે ઉજવણી કરી હતી

ગોંડલ ગુજરાત ટીમ દિપકભાઈ ગોવાણી અને વિજયભાઈ જાદવ સમગ્ર ટીમ દ્વારા આયોજક માંધાતા પ્રાગટ્ય ઉત્સવ મોવિયા ગામે ભવ્ય રેલીનું આયોજન કરેલ હતું. રેલીમાં ૧૦ હજારથી વધુ ' કોળી સમાજ ઉપસ્થિત રહ્યો હતો તેમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજ્યકક્ષા મંત્રી પરસોતમભાઈ સોલંકીના પ્રતિનિધિ દિવ્યેશભાઈ સોલંકી ગુજરાત રાજ્ય કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા ગોંડલના ધારાસભ્યનાં પ્રતિનિધિ ગણેશભાઈ, સોમનાથ વેરાવળ ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા તથા સાળંગપુર જગ્યા સંતશ્રી આર્યન ભગત ગોંડલ નાગરિક બેંક પૂર્વ ચેરમેન અશોકભાઈ પીપડીયા ગોંડલ ભાજપ શહેર પ્રમુખ સમીરભાઈ કોટડીયા વગેરે બહોળી સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.જય કોળી સમાજ જય માંધાતા જય વેલનાથ બાપુ ના સુશોભિત રથ સાથે શોભાયાત્રા ગામના રાજમાર્ગો ઉપર ફરી હતી જે મોવિયા ગ્રામ પંચાયત પાસે રામજી મંદિર સદાવ્રત ખાતે પૂર્ણાહુતિ થઈ હતી. સમગ્ર રેલી તેમજ પ્રસાદની વ્યવસ્થા કુલદીપ મેર બાવકુભાઈ મેર કિશન જાદવ અરવિંદભાઈ ગોહેલ વિજય મેરે જાળવી હતી જ્યારે રેલીને સફળ બનાવવા જયેશ મેર સાગર મકવાણા કમલેશ જાદવ પારસ જાદવ મનિષ વાવડીયા સમીર વાવડીયા પરેશ ચૌહાણ સહિતના મોવિયા કોળી સમાજના યુવાનોએ જહેમત ઉઠાવી હતી.

# મંગળવારે સેલવાસમાં આદિવાસી રમતવીરોની પ્રતિભા પારખવામાં આવશે

## પ્રશાસક પ્રફુલ્લ પટેલના નેતૃત્વમાં આદિવાસી યુવાનોને પ્રોત્સાહન મળશે અને ખેલો ઈન્ડિયા ટ્રાઈબલ ગેમ્સ માટે સિલેક્શન કરાશે

**અબતક, રાજકોટ**

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના રમતગમત પ્રત્યેના વિઝનને સાકાર કરવા અને આદિવાસી યુવાનોને પ્રોત્સાહન આપવા માટે ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા પ્રથમવાર 'ખેલો ઈન્ડિયા ટ્રાઈબલ ગેમ્સ ૨૦૨૬' નું આયોજન છત્તીસગઢ ખાતે કરવામાં આવનાર છે. આ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં સહભાગી થવા માટે સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ-દીવના આદિવાસી ખેલાડીઓની પસંદગી માટે આગામી ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ વિશેષ પસંદગી ટ્રાયલ્સ યોજાશે.

સંઘ પ્રદેશના પ્રશાસક પ્રફુલ્લ પટેલના નેતૃત્વ હેઠળ પ્રશાસન દ્વારા આદિવાસી પ્રતિભાઓને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવા માટે તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. આ ટ્રાયલ્સ દ્વારા પારદર્શક રીતે પ્રતિભાશાળી ખેલાડીઓની પસંદગી કરી તેમને બીજા તબક્કા માટે નામાંકિત કરવામાં આવશે. ટ્રાયલ્સ ની પસંદગી તા.૨૦ સવારે ૮:૦૦ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી કરવામાં આવશે છુપાયેલી રમત પ્રતિભાઓને શોધી, તેમને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર સુધી પહોંચાડવાનો છે. પસંદગી પ્રક્રિયા મંત્રાલયની ગાઈડલાઈન મુજબ સંપૂર્ણ પારદર્શી રીતે નિષ્ણાત સમિતિ દ્વારા કરવામાં આવશે.

પ્રશાસન દ્વારા સંઘ પ્રદેશના તમામ પાત્રતા ધરાવતા આદિવાસી ખેલાડીઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ મોટી સંખ્યામાં આ ટ્રાયલ્સમાં ભાગ લે. વધુ માહિતી કે પૂછપરછ માટે ખેલાડીઓ ૭૫૭૨૮૭૦૨૮૮ નંબર પર સંપર્ક કરી શકે.

# મેનેજમેન્ટની ડિગ્રી નહીં પણ સાઈટ પરનો પરસેવો ''એસ્સાર ગ્રુપ''ની સફળતા પાયો: પ્રશાંત રુઈયા



## ઊર્જા, ટેકનોલોજી અને માળખાગત ક્ષેત્રના ૪૦ વર્ષના અનુભવ સાથે એસ્સાર ગ્રુપની નવી ઓળખ

**અબતક, રાજકોટ**

ભારતીય ઉદ્યોગ જગતમાં જ્યારે વ્યવહારિક અનુભવ અને દૂરંદેશી નેતૃત્વની વાત આવે છે, ત્યારે એસ્સાર ગ્રુપના પ્રશાંત રુઈયાનું નામ અગ્રેસર છે. ૫૫ વર્ષની વયે, પ્રશાંત રુઈયા આજે બીજી પેઢીના સફળ ઉદ્યોગસાહસિક અને એસ્સાર ગ્રુપના સ્થાપક પરિવારના મજબૂત સ્તંભ તરીકે ઉભરી આવ્યા છે. ઊર્જા, માળખાગત સુવિધા, ટેકનોલોજી, ધાતુઓ અને ખાણકામ જેવા ક્ષેત્રોમાં તેમનો ચાર દાયકાથી વધુનો બહોળો અનુભવ આજે ગ્રુપને નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહ્યો છે.પ્રશાંત રુઈયાની ઉદ્યોગસાહસિક યાત્રા ખૂબ જ નાની વયે શરૂ થઈ હતી. જ્યારે તેઓ મુંબઈની એચઆર કોલેજમાં અભ્યાસ કરતા હતા, ત્યારે માત્ર ૧૫ વર્ષની ઉંમરે તેમણે કૌટુંબિક વ્યવસાયમાં ડગ માંડ્યા હતા. તેમનું પ્રારંભિક શિક્ષણ પુસ્તકો કરતાં મેદાન પર વધુ થયું હતું.તેમણે પોતાના પિતા, સ્વર્ગસ્થ શશી રુઈયા અને કાકા રવિ રુઈયા સાથે બાંધકામ સ્થળો પર રહીને વ્યવસાયના પાયાના પાઠ શીખ્યા હતા. પ્રશાંત રુઈયા આ સમયગાળાને પ્રેમથી ''મારવાડી સ્કૂલ ઓફ મેનેજમેન્ટ'' તરીકે ઓળખાવે છે.આજે ૫૫ વર્ષની વયે, પ્રશાંત રુઈયાના નેતૃત્વ હેઠળ એસ્સાર ગ્રુપ એક વૈશ્વિક પ્લેયર તરીકે સ્થાપિત થયું છે. તેમનો અનુભવ ગ્રુપના જટિલ પ્રોજેક્ટ્સ અને વ્યૂહાત્મક નિર્ણયોમાં પાયાનું કામ કરે છે. એક પ્રતિબદ્ધ ઉદ્યોગપતિ તરીકે, પ્રશાંત રુઈયા એ વાતનું ઉદાહરણ પૂરું પાડે છે કે કેવી રીતે વ્યવહારિક અનુભવ અને પારિવારિક મૂલ્યોના સંગમથી વૈશ્વિક સ્તરનું સામ્રાજ્ય ઊભું કરી શકાય છે.

# દરેક ગામમાં મુળભૂત સુવિધા પહોચાડવી તે મારી પ્રાથમિકતા: ધારાસભ્ય તળાવીયા

## બાબરાના મોટા દેવળીયા ગામે રૂ. ૧.૫૦ કરોડના ખર્ચે સી.સી. રોડનું નિમાર્ણ થશે

**અબતક, અપ્પુ જોશી, બાબરા**

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામે લાંબા સમયથી પ્રજાજનોની મહત્વપૂર્ણ માંગ રહેલી આંતરિક માર્ગ સુવિધા માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧.૫૦ કરોડના ખર્ચે સુવિધાપથ (સી.સી. રોડ) મંજૂર કરવામાં આવ્યો છે. આ મહત્વપૂર્ણ વિકાસ કાર્ય માટે સ્થાનિક ધારાસભ્ય જનક તળાવીયાની સતત રજૂઆત અને પ્રયત્નો ફળ્યા હોવાનું ગ્રામજનોમાં આનંદ અને સંતોષની લાગણી જોવા મળી રહી છે. મોટા દેવળીયા ગામે વસવાટ કરતા નાગરિકો, ખેડૂતો, વિદ્યાર્થીઓ તેમજ વેપારીઓને વર્ષોથી ખરાબ માર્ગોના કારણે અવરજવર કરવામાં ભારે મુશ્કેલી પડી રહી હતી. ખાસ કરીને વરસાદી ઋતુ દરમિયાન કાચા તથા જર્જરિત રસ્તાઓ કારણે રોજિંદી આવાગમન, શાળા-કોલેજ, આરોગ્ય સેવા તથા ખેતી સંબંધિત વાહન વ્યવહાર અસરગ્રસ્ત થતો હતો. આ સમસ્યાને ધ્યાનમાં રાખી ધારાસભ્ય જનક તળાવીયાએ સરકાર સમક્ષ વારંવાર રજૂઆત કરી હતી. ધારાસભ્ય જનક તળાવીયાની સક્રિય આગેવાની અને વિકાસલક્ષી અભિગમના પરિણામે રાજ્ય સરકારે રૂ. ૧.૫૦ કરોડના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ સી.સી. રોડને મંજૂરી આપી છે. આ માર્ગ



બનવાથી ગામના આંતરિક રસ્તાઓ મજબૂત બનશે, ટ્રાફિક સુવ્યવસ્થિત થશે અને ગ્રામજનોને વર્ષો સુધી ટકાઉ અને સુરક્ષિત માર્ગ સુવિધા પ્રાપ્ત થશે.

ધારાસભ્ય જનક તળાવીયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, મારા વિસ્તારના દરેક ગામમાં મૂળભૂત સુવિધાઓ પહોંચે તે મારી પ્રથમ પ્રાથમિકતા છે. મોટા દેવળીયા ગામે મંજૂર થયેલ આ સી.સી. રોડ ગામના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આવનારા સમયમાં પણ બાબરા તાલુકાના દરેક ગામના વિકાસ માટે હું સતત પ્રયત્નશીલ રહીશ.


## -:: જાહેર નોટિસ ::-

આથી સમગ્ર જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ-ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ શહેરના મહાનગરપાલિકાની હદમાં સમાવિષ્ટ ગામ મોટામવાના રેવન્યુ સર્વે નં. ૧૮૦ની જમીન ઉપર આવેલ 'સરિતા વિહાર ટેનામેન્ટ' પૈકી એચ.આઈ.જી. - ૧૧ સ્કીમ હેઠળના બ્લોક નં. એચ/૨૩૦ ની જમીન ચો.મી.આ. ૧૦૧-૧૦ ઉપર મકાન આવેલ છે. જે શ્રી દેવકુવરબા અનિરૂદ્ધસિંહ જાડેજા તથા શ્રી ઋષિરાજસિંહ અનિરૂદ્ધસિંહ જાડેજા એ શ્રી સમીતકુમાર હસમુખભાઈ પાંચાણી પાસેથી વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૧૮૫૩, તા. ૩૦/૦૩/૨૦૨૨ ના રોજથી ખરીદ કરેલ છે. ત્યારથી સદરહું મિલ્કત તેમની સ્વપાર્જીત, સ્વતંત્ર સુવાંગ કબજા, ભોગવટા અને માલિકીની આવેલ છે. જે સદરહું મિલકત અમોના અસીલ શ્રી દેવકુવરબા અનિરૂદ્ધસિંહ જાડેજા તથા ઋષિરાજસિંહ અનિરૂદ્ધસિંહ જાડેજા પાસેથી ખરીદ કરવા માંગે છે. સદરહું મિલકત પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો, દરદાવો, વાંધો તકરાર, લીયન, ચાર્જ, ગીરો-બોજો, ટાઈટલ, અગ્રહકક કે કબજા બાબતે વાંધો તકરાર હોય તો દિવસ-૭માં અમોને લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહું મુદત વિત્યા બાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર કે હકક હિસ્સો નથી અથવા જતો (Waive) કરેલ છે તેમ માની મારા અસીલ રજી. વેચાણ દસ્તાવેજથી સદરહુ મિલકત ખરીદ કરશે. ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર મારા અસીલને બંધનકારક રહેશે નહી. જેની જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ:- રાજકોટ
તારીખ:- ૧૫/૦૧/૨૦૨૬

હિરેનકુમાર આર. ઢાણીયા
એડવોકેટ

અમારી સુચના મુજબ
ડી.એ.જાડેજા
શ્રી દેવકુવરબા અનિરૂદ્ધસિંહ જાડેજા
શ્રી ઋષિરાજસિંહ અનિરૂદ્ધસિંહ જાડેજા

## તંત્રી લેખ

# સ્ટાર્ટઅપ થકી વિકાસને મળ્યો વધુ વેગ

ગુજરાત સહિત દેશભરમાં સ્ટાર્ટઅપથી વિકાસને નવો વેગ મળ્યો છે.ઉદ્યોગ સાહસિકોની કલ્પનાશક્તિ, ટેક્નોલોજીકલ કુશળતા અને નીતિગત સહકાર મળીને એક નવું સાહસ-એકમ શરૂ કરવું એટલે સ્ટાર્ટઅપ. નવીન વિચારોને ઉદ્યોગમાં રૂપાંતરિત કરવાની વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દૃઢ પ્રતિબદ્ધતાને ઉજાગર કરવાના હેતુસર વર્ષ ૨૦૧૬માં 'રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ ઈન્ડિયા મિશન'ની શરૂઆત કરવામાં આવી હતી, જે અંતર્ગત દર વર્ષે ૧૬, જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ' ઉજવવામાં આવે છે. આમ, 'રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ' એ માત્ર ઉજવણીનો દિવસ નહીં પરંતુ દેશભરમાં નવીનતા આધારિત આર્થિક વિકાસની પ્રતિબદ્ધતાનો દિવસ છે.ગુજરાત, દેશના અગ્રણી સ્ટાર્ટઅપ હબ તરીકે પોતાના મજબૂત ઈકોસિસ્ટમ, માર્ગદર્શન અને નાણાકીય સહાય દ્વારા વિકસિત ભારત૨૦૪૭ના સપનાને વેગ આપવામાં અગત્યની ભૂમિકા નિભાવી રહ્યું છે. ઔદ્યોગિક શક્તિ, દૂરંદેશી નીતિઓ અને અદમ્ય ઉદ્યોગસાહસિક ભાવનાના અનોખા સંયોજનથી સજ્જ ગુજરાતમાં આજે ૧૬ હજાર કરતાં વધુ સ્ટાર્ટઅપ્સ શરૂ કરવામાં આવ્યા છે. જેમાં ૨૦૦થી વધુ ઈન્ક્યુબેટર્સ અને શૈક્ષણિક સંસ્થાઓ, ૮૫૦થી વધુ મહિલાઓની આગેવાની હેઠળના સ્ટાર્ટઅપ્સ તેમજ શહેરી-ગ્રામીણ વિસ્તારોમાં કાર્યરત ૩૫૦થી વધુ પાયાના સ્ટાર્ટઅપ્સનો સમાવેશ થાય છે. કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ માન્યતા પ્રાપ્ત આ સ્ટાર્ટઅપ્સ થકી યુવા નવીનકારો ડીપ-ટેકથી લઈને કૃષિ, હેલ્થકેર, ક્લીનટેક અને ઈલેક્ટ્રિક મોબિલિટી જેવા ક્ષેત્રોમાં ક્રાંતિ લાવી રહ્યા છે.ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત 'સ્ટાર્ટઅપ્સ-નવિનતા માટેની સહાય યોજના' દ્વારા રાજ્ય સરકારે ૪૩૦થી વધુ સ્ટાર્ટઅપ્સને અંદાજે રૂ. ૬૫ કરોડની નાણાકીય સહાય આપી છે. જેના થકી ડીપ-ટેક, હેલ્થકેર અને લાઈફ સાયન્સ, કૃષિ અને ફૂડ સિસ્ટમ્સ, ક્લીનટેક, ઈલેક્ટ્રિક મોબિલિટી, એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, એરોસ્પેસ અને ડિફેન્સ, ફિનટેક, એડ્યુટેક જેવા ઉચ્ચ પ્રભાવ ધરાવતા ક્ષેત્રોમાં નવીનતાને ગતિ મળી રહી છે. આ ઉપરાંત ટેન્ડર ફી, ઈએમડી અને પૂર્વ અનુભવ સંબંધિત માપદંડોમાં છૂટ, પાત્ર સ્ટાર્ટઅપ્સ પાસેથી રૂ. ૧૫ લાખ સુધી સીધી ખરીદી અને ગુજરાત વેન્ચર ફાઈનાન્સ લિમિટેડ મારફતે સમર્પિત વેન્ચર ફંડની સ્થાપના જેવા સુવિધાત્મક પગલાં લેવાયા છે. ઈકોસિસ્ટમની ક્ષમતાઓને સતત મજબૂત બનાવવા માટે રાજ્ય સરકારના સ્ટાર્ટઅપ સેલ દ્વારા નોડલ ઈન્ક્યુબેટર્સ માટે નિયમિત રીતે ક્ષમતા વિકાસ વર્કશોપ્સનું આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત ૩૦૦થી વધુ મેન્ટર્સને જોડવામાં પણ આવ્યા છે, જેના માધ્યમથી સ્ટાર્ટઅપ્સને વ્યૂહાત્મક માર્ગદર્શન, ઉદ્યોગ સંબંધિત સમજણ અને ક્ષેત્ર-વિશેષ નિષ્ણાતની સહાય પ્રાપ્ત થાય છે. રાજ્ય સરકારને આ ક્ષેત્રે અનેક એવોર્ડ પણ પ્રાપ્ત થયા છે.સ્ટાર્ટઅપ્સને જિલ્લા સ્તરે પ્રદર્શન અને નેટવર્કિંગની તકો ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયમિત રીતે વિવિધ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય માર્કેટ-એક્સેસ પહેલનું આયોજન કરવામાં આવે છે.

# જૂનાગઢ: મહાશિવરાત્રીના મેળાના સુચારૂ આયોજન માટે તંત્ર અને ઉતારા મંડળ સજ્જ

## પૂર્વ તૈયારીના ભાગરુપે કલેકટર સાથે ઉતારા મંડળની બેઠક મળી: ગીરનાર દરવાજાથી ભરડાવાવ સુધી અન્ન ક્ષેત્રો શરૂ કરવા કલેકટરનું સુચન: સંકલન અને વિવિધ વ્યવસ્થાઓને લઈને પરામર્શ કરાયો




**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢનો મહાશિવરાત્રીનો મેળો રાજ્ય સરકારના પ્રયાસોથી વિસ્તૃત ફલક પર યોજવા જઈ રહ્યો છે, ત્યારે જિલ્લા કલેકટર અનિલ કુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં જિલ્લા વહીવટી તંત્રએ મહાશિવરાત્રીના મેળાની પૂર્વ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ સંદર્ભમાં આજે જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને અને ધારાસભ્યની ઉપસ્થિતિમાં ઉતારા મંડળના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં ખાસ મહાશિવરાત્રીના મેળા દરમિયાન ઉતારા મંડળ સાથે જોડાયેલી સેવાભાવી સંસ્થાઓ સાથે સંકલનથી કામગીરી થઈ શકે, ઉપરાંત મેળા દરમિયાન આ સેવાભાવી સંસ્થાઓની જરૂરિયાતો માટે યોગ્ય વ્યવસ્થાઓ જળવાઈ રહે તે માટે પરામર્શ કરવામાં આવ્યો હતો.

આ સાથે અન્ન ક્ષેત્રોની રોજિંદી જરૂરિયાતરૂપ જેવી કે, શાકભાજી, દૂધ, છાશ, ગેસ જેવી વસ્તુઓ મેળા ક્ષેત્રની અંદરથી જ મળી રહે તેવા પ્રાથમિક આયોજન સંદર્ભે પણ જરૂરી પરામર્શ કરવામાં આવ્યો હતો. ઉપરાંત જિલ્લા કલેકટર એ ખાસ, સેવાભાવી સંસ્થાઓ દ્વારા અપાતી ભોજન સેવાઓ વધુ વિસ્તૃત બને તે માટે ભરડાવાવ અને ગિરનાર દરવાજાથી પણ મેળામાં આગળ જતા માર્ગ પર પણ અન્નક્ષેત્રો અને ચા પાણીના સ્ટોલ શરૂ થાય તે માટે પણ સૂચન કર્યું હતું. આ સાથે જિલ્લા કલેકટર એ મહાશિવરાત્રીમાં ઉતારા મંડળ - અન્નક્ષેત્રોના મહત્વપૂર્ણ યોગદાનને બિરદાવી સરાહના પણ કરી હતી.

ઉપરાંત ઉતારા મંડળ અને વહીવટી તંત્ર સાથે જરૂરી સંકલન માટે એક કમિટી પણ રચના કરવામાં આવશે, આ કમિટીના સદસ્યો વહીવટી તંત્ર સાથે આવશ્યક વ્યવસ્થાઓ સંદર્ભે જરૂરી સંકલન કરશે તેમ કલેકટર એ જણાવ્યું હતું. આ બેઠકમાં અગ્રણી ગૌરવભાઈ રૂપારેલીયા, પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ડી.જે. જાડેજા, જિલ્લા પુરવઠા અધિકારી કિશન ગરસર સહિતના સંલગ્ન અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સોમનાથ: ભક્તિ, શૌર્ય અને સંસ્કૃતિના ત્રિવેણી સંગમ સાથે અંતિમ દિવસે ગૂંજ્યો 'સ્વાભિમાન'નો નાદ

## સૂરીલી સંધ્યા અને શિવ આરાધના સાથે 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ભવ્ય પૂર્ણાહુતિ



**અબતક, જયેશ પરમાર-અતુલ કોટેચા, સોમનાથ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ૮ જાન્યુઆરીથી પ્રભાસ તીર્થ ખાતે શરૂ થયેલા 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની સંગીતમય સંધ્યા સાથે ભવ્ય પૂર્ણાહુતિ થઈ હતી. સોમનાથ મંદિર પર ગઝનવીના આક્રમણના ૧૦૦૦ વર્ષ અને મંદિરના જીર્ણોદ્ધારના ૭૫ વર્ષના અવસરે યોજાયેલા આ પર્વમાં ભક્તિ, શૌર્ય અને સંસ્કૃતિનો અદભૂત ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. ૭૨ કલાકના અખંડ ઓમકાર નાદ અને ઋષિકુમારોના શંખનાદથી સમગ્ર પરિસર ભક્તિમય બની ગયું હતું.

પર્વના અંતિમ દિવસે લોકગાયિકા અલ્પા પટેલે પોતાની શિવ આરાધનાથી શ્રદ્ધાળુઓને મંત્રમુગ્ધ કર્યા હતા.તેમણે 'જય સોમનાથ', 'સૌરાષ્ટ્રે સોમનાથ' અને 'હર હર શંભુ' જેવા ભજનોની સાથે વીરરસભર્યા લોકગીતો રજૂ કર્યા હતા. આ પ્રસ્તુતિમાં તેમણે ભારતમાતાની રક્ષા કરતા સૈનિકો, સોમનાથની રક્ષાર્થે બલિદાન આપનાર હમીરજી ગોહિલ અને સોમનાથના પુનઃનિર્માણના સ્વપનદ્રષ્ટા સરદાર વલ્લભભાઈ પટેલનું ભાવપૂર્ણ સ્મરણ કર્યું હતું.

સાંસ્કૃતિક કાર્યક્રમોના ભાગરૂપે ગાંધીનગરના સ્વરસંવાદ ગ્રુપ દ્વારા 'વાચિકમ'ના માધ્યમથી 'સરદાર વંદના' પ્રસ્તુત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ વિવિધ પાત્રોના અવાજ દ્વારા બારડોલી સત્યાગ્રહ, રજવાડાઓનું એકીકરણ અને જૂનાગઢ વિલય જેવા ઐતિહાસિક પ્રસંગો જીવંત કર્યા હતા. આ પ્રસ્તુતિએ નવી પેઢીને સરદાર પટેલના અડગ મનોબળ અને અખંડ ભારતના નિર્માણની ગાથાથી પરિચિત કરાવી હતી.

સમગ્ર ભારતમાંથી આવેલા શ્રદ્ધાળુઓએ આ પર્વને આત્મગૌરવનું પ્રતીક ગણાવ્યું હતું. શિવાકાશીથી આવેલા અંકુર બિયાણી જેવા યાત્રિકોએ જણાવ્યું હતું કે સોમનાથના આંગણે આ પર્વના કારણે અદભૂત આધ્યાત્મિક ઉર્જાનો સંચાર થયો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના સંકલનથી થયેલા સુંદર આયોજન બદલ શ્રદ્ધાળુઓએ વહીવટીતંત્ર અને વડાપ્રધાનનો આભાર માન્યો હતો.

## સ્વ.રણધીરભાઈ પરમારની પુણ્યસ્મૃતિમાં સતીકુંવર ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગો અને નિરાધારોને ભોજન કરાવાયું



**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

વેરાવળમાં રણધીરભાઈ પરમારની પુણ્યતિથિ નિમિત્તે સ્વ. હીરાબેન સતીકુંવર સેવા ટ્રસ્ટના અધ્યક્ષ મીનાબા આર. જાદવ દ્વારા માનવતાવાદી સેવાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. 'નિરાધારના આધાર' ગણાતા માનવ સેવા આશ્રમ ખાતે દિવ્યાંગો અને નિરાધારો માટે ભક્તિમય વાતાવરણમાં ધૂન-ભજનની સાથે સ્વાદિષ્ટ ભોજનનો પ્રસાદ પીરસવામાં આવ્યો હતો. આ પ્રસંગે વેરાવળ પાટણ સનાતન હિન્દુ સેવા સમાજના પ્રમુખ જીતુભાઈ કુહાડા, સમસ્ત ખારવા સમાજના પટેલ અને કડવા પાટીદાર સમાજના પ્રમુખ રસિકભાઈ પટેલ સહિત અનેક સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. પિતાની પુણ્યસ્મૃતિમાં આયોજિત આ કાર્યક્રમ દ્વારા મીનાબાએ નિરાધારોની સેવા કરી સમાજમાં એક ઉત્તમ પ્રેરણા પૂરી પાડી હતી.

# રણ, પવન અને સેનાના દમ સાથે એશિયાના એકમાત્ર લેન્ડ યાટિંગ અભિયાનનો પ્રારંભ

## ૭૮માં આર્મી ડેની ઉજવણીના ભાગરુપે કચ્છના રણમાં ૨૧ સૈનિકો ૪૦૦ કી.મી.નું અંતર કાપી ભૌગોલિક પરિસ્થિતિથી પરિચીત થશે






**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભુજ**

આજે કચ્છના રણમાં સેનાના કર્મચારીઓ દ્વારા લેન્ડ યાટિંગ અભિયાન શરૂ થયું. ભારતીય સેનામાં ફરજ બજાવતા સૈનિકોને કચ્છની સીમાઓ અને ભૂગોળથી પરિચિત કરાવવા માટે સેનાએ આ સાહસ અભિયાનનું આયોજન કર્યું છે. આ અભિયાનના ભાગ રૂપે, લેન્ડ યાટિંગ આજે શરૂ થયું. લેફ્ટનન્ટ અંકિત બિહારીના નેતૃત્વમાં, ૭ બોટમાં ૨૧ સૈનિકોએ કચ્છના રણમાં યાટિંગનો આનંદ માણવા માટે વારાફરતી મુલાકાત લીધી, એટલે કે હળવી લેન્ડ હોડીઓમાં સફર કરી. આ પ્રકારનું સાહસ એશિયામાં ફક્ત કચ્છમાં જ કરવામાં આવે છે.

એર ડિફેન્સ બ્રિગેડના બ્રિગેડિયર અજય વર્માએ આ અભિયાનને લીલી ઝંડી આપી. આ અભિયાનમાં ૨૧ સૈનિકોએ ભાગ લીધો. કચ્છના ધોરાર્ડોથી શરૂ થયેલી આ અભિયાન ૬ દિવસની યાત્રા પછી ધોરાર્ડોમાં સમાપ્ત થશે. કચ્છના રણની ભૂગોળથી પરિચિત થવા માટે ૨૧ સૈન્ય કર્મચારીઓ છ દિવસ માટે કચ્છના રણમાં ૪૦૦ કિલોમીટરનું અંતર કાપીને જશે. ધોરાર્ડો ખાતે લેન્ડ યાટિંગ અભિયાનમાં ભાગ લેનારા તમામ કર્મચારીઓનું બ્રિગેડિયર દ્વારા સન્માન કરવામાં આવ્યું.

જમીન પર યાટિંગ અભિયાન ૧૫ જાન્યુઆરીથી શરૂ થશે અને ૨૦ જાન્યુઆરી સુધી ચાલુ રહેશે. આ સમયગાળા દરમિયાન, બોટો ઉજ્જડ રણમાં મુસાફરી કરશે. આ પ્રવાસમાં ધોરાર્ડો, ઈન્ડિયા બ્રિજ, ધર્મશાળા, શક્તિબેટ, કરીમશાહી, પેરીવારી ધાઈસ અને ધોરાર્ડોની મુલાકાતનો સમાવેશ થશે. પર્યાવરણીય જાગૃતિ પણ ફેલાવવામાં આવશે. યુવા પેઢીને સેનામાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. આ પ્રવાસ કુલ ૪૦૦ કિલોમીટરનું અંતર કાપશે.

બ્રિગેડિયર આર્મી અજય વર્માએ જણાવ્યું હતું કે,દરરોજ, તેઓ ૬૦ થી ૭૦ કિલોમીટરનું અંતર કાપશે આ અભિયાનમાં સાહસિક ટીમના કુલ ૨૧ સૈનિકોએ ભાગ લીધો હતો. આ અભિયાન ૭૮મા આર્મી ડે ઉજવણીના ભાગ રૂપે આયોજિત કરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન, સૈનિકો દરરોજ ૬૦ થી ૭૦ કિલોમીટરનું અંતર કાપશે. આ અભિયાન આજે શરૂ થયું હતું અને છ દિવસ પછી ધોરાર્ડોમાં સમાપ્ત થશે. આ અભિયાન સાહસિક રમતોને પ્રોત્સાહન આપે છે.

# ઉપલેટા: પવનદેવના આશિર્વાદથી પતંગરસીકોને જલસો પડ્યો



તસવીર : શહેઝાદ બાદશાહ

**અબતક, કિરીટ રાણપરિયા, ઉપલેટા**

મકર સંક્રાંતિના પર્વ પર શહેરના મોટા ભાગના યુવાન-યુવતીઓ સહપરિવાર સાથે ઢાબે ચડી પતંગ ઉડાડવાનો લ્હાવો લેતા ઠેર-ઠેર નજરે પડ્યા હતા. મકર સંક્રાંતિના પાવન પર્વ પર શહેરીજનોએ ગૌદાન, વસ્ત્રદાન, અન્નદાન સહિતના વિવિધ સંસ્થાને દાન કરી સુરજ ઉગ્યા બાદ મોટાભાગની અગાસીઓ પર ડી.જે.ના સથવારે એ...કપાયો કપાયોની ચીચીયારીઓ સાથે પતંગ ઉડાવામાં યુવક-યુવતીઓ મશગુલ જોવા મળ્યા હતા. જ્યારે ઘણા પરિવારોએ ઢાબા ઉપર ચડી મીઠાઈ ઘરના ઉંધીયુ, ચીકી સાથે ભોજન કર્યું હતું. જ્યારે તસ્વીરમાં પતંગ ઉડાડતા શહેરના જાણીતા વિનાયક મારબલવાળા હિરેનભાઈ સોજીત્રા, પત્ની સહિત સહપરિવાર સાથે પતંગ ઉડાડવાનો લ્હાવો લીધો હતો.

## કરૂણા અભિયાન અંતર્ગત

# પોરબંદર પક્ષી અભયારણ્ય ખાતે ૯૫ ઘાયલ પંખીઓની કરાય સારવાર

**અબતક, અશોક થાનકી, પોરબંદર**

પોરબંદરના વન વિભાગ દ્વારા ૧૦ જાન્યુઆરીથી કરૂણા અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન હેઠળ પોરબંદર પક્ષી અભયારણ્ય ખાતે રેસ્ક્યુ સેન્ટર કાર્યરત કરાયું છે જેમાં આજે બપોરે સુધીમાં ૯૫ જેટલા ઘાયલ પંખીઓને સારવાર આપવામાં આવી છે તો ૧૧ પક્ષીઓના મોત થયા હતા.

પોરબંદર વન વિભાગ દ્વારા ૧૦ થી ૨૦ જાન્યુઆરી સુધી 'કરૂણા અભિયાન' શરૂ કરવામાં આવ્યું છે. જે અભિયાન હેઠળ પોરબંદર પક્ષી અભયારણ્ય ખાતે ખાસ રેસ્ક્યુ સેન્ટર કાર્યરત કરવામાં આવ્યું છે. જ્યાં નિષ્ણાંતો દ્વારા ઘાયલ પક્ષીઓની સારવાર કરવામાં આવશે. પોરબંદર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં જો કોઈ પણ નાગરિકને ઘાયલ પશુ-પંખી જોવા મળે, તો તેઓ નજીકના સારવાર કેન્દ્ર અથવા પોરબંદર પક્ષી અભયારણ્ય ખાતે પક્ષીઓને પહોંચાડી શકે છે. ઘાયલ પક્ષીઓના રેસ્ક્યુ માટે હેલ્પલાઈન નંબર ૧૯૨૬ પર કોલ કરવાથી નાગરિકોને તેમના નજીકના રેસ્ક્યુ સેન્ટરની માહિતી પણ મળી રહેશે. આ અભિયાન હેઠળ પોરબંદરના પક્ષી અભયારણ્ય ખાતે ૧૫ જાન્યુઆરી સુધીમાં ૯૫ પક્ષીઓની સારવાર કરવામાં આવી હતી. જેમાંથી ૧૧ પક્ષીઓના મોત થયા છે.

:- પોરબંદરના પક્ષી અભિયારણ્ય ખાતે સારવારમાં આવેલ પક્ષીઓમાંથી કબૂતર, મોર, બગલા અને ફ્લેમીંગો સહિતના પક્ષીઓનો સમાવેશ થાય છે જેમાં સૌથી વધુ કબુતર ઘાયલ થયા હતા.

# ખંભાળિયા: કાયમ આખલા યુદ્ધથી લોકો ત્રાહિમામ

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

મળતા એહવાલો પ્રમાણે ખંભાળિયા શેરી વિસ્તારમાં પ્રતિદિન બિનવારસુ ઢોરની સંખ્યા વધતી રહેતી હોય જે પૈકી ખુટિયાઓ આંખલાઓ ની વેરભાવની મનસ્વીતાના કારણે પરસ્પર આખલાઓ સામસામે મળે છે ત્યારે આખલા ઓ ટકરાતા અહીં વારંવાર આંખલા યુદ્ધ થાય છે અને થોડી ક્ષણો માટે એ માર્ગ બંધ થઈ અને કેરફ્યુ જેવી સ્થિતિછે નિર્માણથાય છેઅને લોકોમાં ભયાવહ વાતાવરણ સર્જાય છે મોટાભાગે કાયમ બનતા આવા શેરી ગલીના આખલા યુદ્ધ પછી પણ આ સમસ્યાના નિવારણ માટે કોઈ વિકલ્પ ન હોવાથી લોકોએ આવા તમાશા કાયમ માટે જોવા પડે છે આ સમસ્યા દૂર કરવા કાર્યકર ઉપેનભાઈ ખાવડા દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

# જીયોલોજીની 'ટેક્સ્ટ બુક' ગણાતા કચ્છના પથ્થરોનો અભ્યાસ કરવા કરવા દેશભરના વિદ્યાર્થીઓ ઉમટયાં

## કચ્છ યુનિવર્સિટી, નાગપુર અને નૈનીતાલ યુનિ.ના વિદ્યાર્થીઓ કચ્છની ભુસ્તરિય સંરચનાઓનો અભ્યાસ કરવા સંયુકત ફિલ્ડ વર્ક કરશે



**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભુજ**

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીના જીયોસાયન્સ વિભાગના એમ.એસ્સી. અને પીએચ.ડી. જીયોલોજીના વિદ્યાર્થીઓના વાર્ષિક જીયોલોજીકલ ફિલ્ડવર્કનો પ્રારંભ થયો છે. સાથે સાથે નાગપુર યુનિવર્સિટી અને કુમાઉં યુનિવર્સિટીના જીયોલોજીના ૫૦થી વધુ વિદ્યાર્થીઓ પણ કચ્છ વિસ્તારના જીયોલોજીના ફિલ્ડ પ્રવાસે આવ્યા છે, જેનું સંપૂર્ણ નેતૃત્વ કચ્છ યુનિવર્સિટીના જીયોસાયન્સ વિભાગ કરશે.

કચ્છ વિસ્તાર તેની અનન્ય જીયોલોજી અને જીયોલોજીકલ વિવિધતા માટે દુનિયાભરમાં પ્રખ્યાત છે. છેલ્લા ૨૦૦થી વધુ વર્ષથી કચ્છ વિસ્તારમા દુનિયાભરના જીયોલોજિસ્ટો દ્વારા સંશોધન કરવામાં આવ્યું છે અને હજારો સંશોધન પત્રો અને પીએચ.ડી. થીસીસ કચ્છ વિસ્તારની જીયોલોજી પર લખાયા છે. હાલ પણ અસંખ્ય જીયોલોજીના ફિલ્ડમાં સંશોધન વિષયો માટે સંશોધન માંગી લે છે. જીયોલોજીના વિવિધ વિષયો જેમ કે પેલિયોન્ટોલોજી, પેટ્રોલિયમ જીયોલોજી, ઈકોનોમિક જીયોલોજી, રિન્યુએબલ જીયોલોજી, સ્ટ્રક્ચરલ જીયોલોજી, ભૂકંપ વિજ્ઞાન જેવા અનેક વિષયો માટે કચ્છના ખડકો ટેક્સ્ટબુક જેવું મહત્વ ધરાવે છે. એવું કહેવાય છે કે ટેક્સ્ટબુકમાં ભૂલ થઈ શકે પણ કચ્છના પથ્થરોમાં બુક કરતાં પણ સર્વ ફીચર્સ દેખાય છે, જે બહુ અગત્યનું છે. પરિણામે વિશ્વભરમાંથી દર વર્ષે અનેક પેટ્રોલિયમ ઈન્ડસ્ટ્રી, માઈનિંગ ઈન્ડસ્ટ્રી, NASA, ISRO, ભૂકંપ સંસ્થાઓ, વિવિધ સંશોધન સંસ્થાઓ, ભારતની ૪૦થી વધુ કોલેજો અને યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ, એમ્પ્લોયીઓ, વૈજ્ઞાનિકો કચ્છ વિસ્તારમાં અભ્યાસ કરવા આવે છે.

સાથે સાથે હાલ કચ્છમાં નાગપુર યુનિવર્સિટી અને કુમાઉં યુનિવર્સિટી નૈનીતાલના વિદ્યાર્થીઓ પણ આવ્યા છે, તો કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે આ બંને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પણ ફિલ્ડ કરાવવામાં આવશે. જીયોલોજીના અધ્યાપક ડો. ગૌરવ ડી. ચૌહાણ દ્વારા કચ્છ યુનિવર્સિટી, નાગપુર યુનિવર્સિટી અને કુમાઉં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને જીયોલોજીકલ મ્યુઝિયમની મુલાકાત, મ્યુઝિયમની સમજણ અપવામાં આવી હતી અને કચ્છ વિસ્તારની જીયોલોજી વિશે વિગતવાર લેક્ચર આપવામાં આવ્યો હતો. ફિલ્ડ વિભાગના વડા પ્રો઼ફ. સુભાષ ભંડારી અને ડો. ગૌરવ ડી. ચૌહાણ દ્વારા કરાવવામાં આવ્યું હતું. . ફિલ્ડવર્ક દરમિયાન વિભાગના વિઝિટિંગ ફેકલ્ટીઓ અને પીએચ.ડી. વિદ્યાર્થીઓ દ્વારા પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવશે.

# જૂનાગઢ: વડીયા પે-સેન્ટર શાળાના શિક્ષિકા કિંજલબેનને ચિત્રકુટ એવોર્ડ અર્પણ

## રોકડ પુરસ્કાર પોતાની શાળાના બાળકોના હિતાર્થે અર્પણ કર્યા



**અબ તક દર્શન જોશી, જુનાગઢ**

માળીયાહાટીના તાલુકાની વડીયા પે સેન્ટર શાળાના શિક્ષિકા બહેનનું આગવા શિક્ષણકાર્ય માટે રાજ્યસ્તરીય બહુમાન કરવામાં આવ્યું છે, તેમને રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક તરીકે ચિત્રકૂટ એવોર્ડથી નવાજવામાં આવ્યાં છે. કિંજલબેનને શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક, સન્માન પત્ર અને રૂ. ૨૫,૦૦૦નો રોકડ પુરસ્કાર પ્રાપ્ત થયો છે. કિંજલબેને આ રોકડ રોકડ પુરસ્કાર પોતાની વડીયા પે સેન્ટર શાળાના બાળકોના હિતાર્થે અર્પણ કર્યો છે.

ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક તરીકે જૂનાગઢ જિલ્લામાંથી માળિયા હાટીના તાલુકાની વડીયા પે સેન્ટર શાળાના શિક્ષિકા કિંજલબેન દેવચંદભાઈ રાઠોડની પસંદગી થઈ હતી, અને કિંજલબેનને પૂજ્ય મોરારીબાપુના હસ્તે ચિત્રકૂટ એવોર્ડ એનાયત થયો હતો. આ તકે રાજ્યના કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી, ગુજરાત રાજ્યના પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ દિગ્વિજય સિંહ જાડેજા, મહામંત્રી જૈમિનકુમાર પટેલ, જૂનાગઢ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ પરબતભાઈ નાઘેરા તેમજ જૂનાગઢ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખ હમીરભાઈ સિંધવ ઉપસ્થિતરહ્યાં હતાં.

# ગાંધીધામ: ડીએવી પબ્લીક સ્કુલના વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમોથી કરાયા માહિતગાર

## રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત યોજાયેલ કાર્યક્રમમાં ૮૦ વિદ્યાર્થીઓ સહિત શિક્ષકોએ લીધો ભાગ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ભારત સરકાર દ્વારા ''રાષ્ટ્રીય માર્ગ સલામતિ માસ''ની ઉજવણીના ભાગરૂપે પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા સરહદી રેન્જ ભુજ તથા પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારની ટ્રાફિક નિયમન કરવા તેમજ વાહન અકસ્માત નિવારવા અંગેની સુચના અને માર્ગદર્શન હેઠળ જીલ્લા ટ્રાફિક, આદીપુર પો.સ્ટે. સ્ટાફ,નેશનલ હાઈવે તેમજ અન્ય એજન્સીઓના અધિકારીઓ દ્વારા ડી.એ.વી.પબ્લીક સ્કુલ આદીપુર ખાતે ટ્રાફિક નિયમ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં આશરે ૮૦ જેટલા વિદ્યાર્થીઓ/શિક્ષકગણ હાજર રહ્યા હતા.આ કાર્યક્રમ



અંતર્ગત નેશનલ હાઈવે કોરિડોર મેનેજર શૈલેષભાઈ રામી દ્વારા વિદ્યાર્થીઓને વાહન ચલાવતી વખતે હેલ્મેટ/સીટબેલ્ટ પહેરવું, ચાલુ વાહને મોબાઈલ ફોનનો ઉપયોગ ના કરવો,પાર્કિંગના નિયમોનું પાલન કરવું, આર.ટી.ઓ. માન્ય નંબર પ્લેટ રાખવી, વાહનના જરૂરી ડોક્યુમેન્ટ સરકાર દ્વારા માન્ય ડીજી લોકર તથા માર્ગ પરિવહન એપ્લીકેશનમાં રાખવા, વગેરે નિયમોથી અવગત કરવાની કામગીરી કરવામાં આવી તથા સરકારના નિયમો અંગેના પેમ્પ્લેટનુ વિતરણ કરવામાં આવ્યું હતું.

# જસદણમાં નજીવી બાબતે ઓઈલ મીલ માલિકને આંતરી બે શખ્સે કર્યો હુમલો

## મીલ માલિકના ભાઈને પતંગ ચગાવવા બાબતે માથાકૂટ થઈ હોય તેનો ખારી રાખી છરી ઝીંકી

**અબતક, રાજકોટ**

જસદણ શહેરના ચીતલીયા રોડ પર ઓઈલ મીલ સંચાલકને ગરબી ચોક પાસે ગામના બે શખસોએ આંતરી તેમને છરીના ઘા ઝીંકી દેતા યુવાનને સારવાર માટે રાજકોટની ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. યુવાનના ભાઈને આરોપી સાથે પતંગ ચગાવવા બાબતે માથાકૂટ થઈ હોય તેનો ખાર રાખી આ હુમલો કર્યો હતો.

જસદણ ચિતલીયા રોડ પર પટેલ વાડી વિસ્તારમાં રહેતા વિશાલ મનુભાઈ છાયાણી (ઉ.વ. ૩૨) દ્વારા જસદણ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે જસદણમાં જ રહેતા સાવન મનસુખભાઈ હિરપરા અને લાલા કિશોરભાઈ માળવીયાના નામ આપ્યા છે. વિશાલભાઈ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓને જસદણના ચિતલીયા રોડ પર યોગી ઓઈલ મીલ ચલાવે છે.ઉતરાયણના દિવસે સવારે ૧૧:૩૦ વાગ્યા આસપાસ તેઓ પોતાની યોગી ઓઈલ મીલ ખાતે હતા. ત્યારે નાનાભાઈ વિરાજનો ફોન આવ્યો હતો અને વાત કરી હતી કે, ૧૧ વાગ્યા આસપાસ જસદણ સિંદી ચોકમાં આવેલા શૈલેષ ભરવાડના શોપિંગ કન્સ્ટ્રકશન સાઈટ ઉપર તે તથા આકાશભાઈ ભુવા પતંગ ચગાવતા હતા. ત્યારે લાલા માવળીયાએ ત્યાં આવી પતંગ ચગાવવા બાબતે બોલાચાલી કરી ગાળો આપી હતી.બાદમાં બપોરના દોઢેક વાગ્યે આસપાસ જસદણના સાવન હિરપરાએ ફરીયાદીને ફોન કરી લાલા માળવીયા સાથે ફરિયાદીના ભાઈ વિરાજને થયેલી માથાકૂટ બાબતે પૂછવા લાગ્યો હતો અને જેમ તેમ બોલવા લાગી તું ક્યાં છો? તેવું પૂછવા લાગ્યો હતો જેથી વિશાલભાઈએ કહ્યું હતું કે, હું મારી ઓઈલ મિલે છું તેમ કહી ફોન મૂકી દીધો હતો. ત્યારબાદ અડધો કલાક પછી ફરિયાદી તથા તેમના ભાઈ વિરાજ મોટરસાયકલ લઈ સરદાર ચોક થઈ ગામમાં જતા હતા ત્યારે ગરબી ચોકમાં પહોંચતા ત્યાં સાવન હિરપરા અને લાલો માવળીયા ઉભા હતા અને તેમણે તેમનું વાહન ઊભું રખાવ્યું હતું. બંને મોટરસાયકલમાંથી નીચે ઉતરો તે પહેલા છે લાલાએ વિશાલભાઈને પકડી સાવને તેની પાસે રહેલ છરી વડે ડાબા હાથના ખંભાનાભાગે છરીનો ઘા મારી દીધો હતો તથા એક ઘા વાસાનાભાગે માર્યો હતો. વિરાજ વચ્ચે પડતા તેમજ આજુબાજુ મણસો આવી જતા ફરિયાદીને વધુ મારામાંથી બચાવ્યા હતા.

બાદમાં ફરિયાદી વિશાલભાઈ છાયાણીને સારવાર માટે રાજકોટની ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા આવ્યા હતા ત્યારબાદ તેમણે આ અંગે આ બંને શખસો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા જસદણ પોલીસે બંને સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# વિસાવદર: કાર ચબુતરા સાથે અથડાતા સસરા અને પુત્રવધુનું મોત

## અમરેલીના ગઢવી પરિવાર મઢડા દર્શને જતા હતા ત્યારે બાઈક ચાલકને બચાવવા જતા સર્જાયો અકસ્માત: બાળકી સહિત ચાર ઘવાયા

**અબતક દર્શન જોશી, જુનાગઢ**

વિસાવદરમાં બાઈક ચાલકને બચાવવા જતા કાર ચબૂતરા સાથે અથડાતા અમરેલીના એક જ પરિવારના બે લોકોના કરુણ મોત નીપજ્યા હતા, જ્યારે ૪ લોકોને ગંભીર ઈજાઓ થતા જુનાગઢ ખાતે લાવવામાં આવ્યા હતા. આ ગંભીર અકસ્માત સર્જાતા સ્થાનિક લોકો મદદ એ દોડી ગયા હતા, અને ઈજાગ્રસ્તવને કારમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા, બીજી બાજુ પરિવારની એક ૧૦ વર્ષીય બાળકીના હૈયા ફાટ રુદને સૌની આંખો ભીની કરી દીધી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, અમરેલીના લાઠી રોડ ઉપર આવેલા યોગીનગરમાં રહેતા કિશોરદાન ગઢવી તેમના પરિવાર સાથે કારમાં દેવ દર્શને નીકળ્યા હતા, અને ખુશખુશાલ આ પરિવાર મઢડા ગામે જતો હતો ત્યારે ગઈકાલે સવારે ૧૧:૩૦ વાગ્યાના અરસામાં કાર વિસાવદર નજીકના ચાપરડા પાસે પહોંચી હતી, ત્યારે ઓચિંતા એક બાઈક આડુ ઉતરતા કાર ચાલક કિશોરદાન ભાઈના પુત્ર બ્રિજેશભાઈએ સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો અને કાર ધડાકા સાથે ચબૂતરા સાથે અથડાઈ હતી. આ અકસ્માતથી કિશોરદાનભાઈ સહિતના પરિવારજનો ઈજાગ્રસ્ત થયા હતા. જો કે, તે સમયે પસાર થતા વાહન ચાલકો અને સ્થાનિક લોકો મદદ માટે દોડી ગયા હતા અને તમામ ઈજાગ્રસ્તોને કારમાંથી બહાર કાઢી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત વિસાવદર સરકારી હોસ્પિટલ અને ચાપરડાની જય અંબે હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

જે દરમિયાન વિસાવદર હોસ્પિટલના ફરજ પરના તબીબે કિશોરદાનભાઈને મૃત જાહેર કર્યા હતા, જ્યારે જય અંબે હોસ્પિટલમાં રિફર કરાએલા ઉમાબા ગઢવીનું સારવાર દરમિયાન મૃત્યુ થવા પામ્યું હતું, જ્યારે બ્રિજેશભાઈ ગઢવી, વિષ્ણુભાઈ, ગીતાબેન તથા દસ વર્ષની બાળકી પૂર્વીકાબેનને વધુ સારવારની જરૂર હોય જુનાગઢ ખાતે સારવાર માટે લાવવામાં આવ્યા હતા.

# પડધરીના ફતેપરા ગામે બીમારીથી કંટાળી શ્રમિકનો ઝેરી દવા પી આપઘાત

## પગમાં થયેલી ઈજા મટતી ન હોવાથી અંતિમ પગલું ભરનાર યુવાનના મોતથી ત્રણ બાળકોએ પિતાની છાયા ગુમાવી

**અબતક, રાજકોટ**

પડધરી ના ફતેપરાની સીમમાં પરિવાર સાથે રહેતા મૂળ ઉત્તર પ્રદેશના ખેત મજુર યુવાને ઝેરી દવા પી આઈખુ ટુકાવી લીધા નો બનાવ નોંધાયો છે.

આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ ફતેપરાની સીમમાં રાજુભાઈ ની વાડીએ ભાગ્યું રાખી રહેતા મૂળ ઉત્તર પ્રદેશના કાનિયા ભાઈ ગુલાબસિંહ બામણીયા( ૨૫ )એ ગત રાત્રે ૧૧ વાગે પોતાના ઘરે જ ઝેરી દવા પી લેતા પરિવારજનોએ બેભાન હાલતમાં પ્રથમ પડધરી સરકારી હોસ્પિટલ બાદ રાજકોટ સરકારી હોસ્પિટલમાં લાવતા ઈમર્જન્સીમાં દાખલ કર્યો હતો ત્યાં તેનું ચાલુ સાલવર્ડ દરમિયાન બે વાગ્યે મોત નિપજ્યું હતું.

મરનાર નામોટાભાઈ પુનાભાઈ એ જણાવ્યું હતું કે આપઘાત કરનાર કાનીયા ભાઈ ને ઘણા લાંબા સમયથી પગમાં ઈજા થઈ હતી અને ઘણી સારવાર અને દવા કરાવ્યા છતાં પગમાં રૂઝ આવતી ન હતી અને દુખાવો થતો હતો આ કારણે તે કંટાળી ગયો હતો અને બીમારીથી હારીને તેણે દવા પી લીધી હતી. ગઈકાલે રાત્રે દવા પીવાની જાણ પરિવારને થતા તાત્કાલિક દવાખાને ખસેડવામાં આવ્યો હતો. મરનાર નો ચાર ભાઈ અને એક બહેનમાં ત્રીજો ખબર હતો અને સંતાનમાં ત્રણ બાળકો છે તેના માતા-પિતા પણ હયાત છે કાનીયાભાઈ ના આ પગલાથી ત્રણ બાળકોએ પિતાનુ છત્ર ગુમાવ્યું છે આ અંગે પડધરી પોલીસે તપાસ હાથ ધરી છે

# જેતપુરમાં નજીવી બાબતે યુવાન પર છરી વડે હુમલો

## હોટેલમા જમીને પરત ફરતી વેળાએ માસીના મિત્રને ગાડી ચલાવવાની ના પાડતા ઉશ્કેરાયને માર માર્યો

**અબતક, રાજકોટ**

જેતપુર શહેરના જુનાગઢ રોડ પર આવેલી હોટેલમાં જમવા ગયા બાદ પરત ફરતી વેળાએ યુવાને ગાડી ચલાવવા માંગતા તેને ગાળો આપી જ્ઞાતિ અંગે અપમાનજનક શબ્દો કહી છરીનો ઘા ઝીંકી દીધો હતો. ક

મૂળ જેતપુરના વતની અને હાલ રાજકોટમાં નાનામવા રોડ પર રાજનગર ચોક પાસે લક્ષ્મી સોસાયટીમાં રહેતા મયંક ઉર્ફે સુજલ નવનીતભાઈ ચાવડા(ઉ.વ. ૨૨) નામના યુવાને તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે જેતપુરના દિલો ઉર્ફે દિલીપ શેખવાનું નામ આપ્યું છે.

તા. ૧૪ ના રાત્રીના નવેક કલાકે જેતપુરમાં ગોંડલ દરવાજા વિસ્તારમાં હતો ત્યારે તેના માસી રેખાબેન ઉર્ફે ઢકુબેન વેગડાનો ફોન આવ્યો અને બહાર જમવા જવાનું કહ્યું હતું. જેથી યુવાન રેખાબેન તથા તેની સાથે દિલીપ શેખવા હતો અને કારમાં ત્રણેય જેતપુર જુનાગઢ હાઈવે પર આવેલી હોટલ વ્રજવાટિકામાં જમવા માટે ગયા હતા. જમી લીધા બાદ રાત્રીના ૧૦:૩૦ વાગ્યા આસપાસ જેતપુર જવા માટે નીકળતા ત્યારે દિલો ઉર્ફે દિલિપે કાર ચલાવી છે તેવું કહેતા દિલિપે બોલાચાલી કરી હતી જેથી તે ગાડીમાં બેસી ગયો હતો. બાદમાં તેણે ગાળો આપી હતી જેથી યુવાને સામી ગાળો આપી હતી બાદમાં યુવાનને નીચે ઉતરવાનું કહ્યું હતુ ફરી ગાળો આપી જ્ઞાતિ અંગે અપમાનજનક શબ્દો કહ્યા હતા. દરમિયાન તેણે નેફામાંથી છરી કાઢી યુવાનના ખંભાનાભાગે છરીનો ઘા મારી દીધો હતો. આ સમય યુવકના માસી રેખાબેન વચ્ચે પડી છોડાવ્યા હતા અને યુવકને ગાડીમાં બેસી જવા કહ્યું હતું. બાદમાં જેતપુર આવવા માટે નીકળ્યા હતા યુવાને રસ્તામાં આ બંનેને કહ્યું હતુ કે મારે તમારી સાથે નથી આવવું મને નીચે ઉતારી દો જેથી તેને સોરઠ હોટલ પાસે નીચે ઉતારી દીધો હતો. યુવકને ખંભાના ભાગે લોહી નીકળતું હોય જેથી તેને જતપુર સરકારી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. બાદમાં આ અંગે દિલો ઉર્ફે દિલીપ શેખવા સામે જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# પ્રભાસ પાટણ નજીક ભાઈની નજર સામે અકસ્માતમાં બહેનનું મોત

**અબતક, રાજકોટ**

ગીર સોમનાથ જિલ્લાના પ્રભાસ પાટણ નજીકના ભાલપરા ઈણાજ વચ્ચે મોટરસાયકલ પરથી પડી ગયેલી મહિલાનો સારવાર દરમિયાન મોત નિપજ્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે, આ અંગે પ્રાપ્ત વિગત મુજબ તારીખ ૫ ૧ ૨૬ સાંજે છ વાગ્યે ભાલપરા ભાઈના ઘેરથી પોતાના ઘેર ઈણાજ ભાઈ મહેશભાઈ ની મોટર સાયકલ પર બેસીને જઈ રહેલા જયાબેન ભીમાભાઈ વાળા ૪૫ તાલાલા બાયપાસ ચોકડી પાસેઅકસ્માતે મોટરસાયકલ પરથી નીચે પડી ગયા હતા અને માથામાં ગંભીર ઈજા થતાં બેભાન હાલતમાંમાં સારવાર માટે પ્રથમ મધુવન હોસ્પિટલ રાજકોટ બાદ રાજકોટ સરકારી હોસ્પિટલમાં લાવતા ગઈકાલે મોડી રાત્રે ૩:૧૫ વાગે તેમનું મોત નિપજ્યું હતું. મરનાર જયાબેન તેમના પિયર ભાલપરા ગયા હતા ત્યાંથી ભાઈ મહેશભાઈની મોટરસાયકલ પર બેસીને આવતા હતા ત્યારે રસ્તામાં આ બનાવ બન્યો હતો મરનાર જયાબેન ના પતિ પાંચ ગુજરી ગયાહતા સંતાનમાં ચાર દીકરી અને એક દીકરો હોય દીકરો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એન્જિનિયર તરીકેની ફરજ બજાવે છે, આ અંગે પ્રભાસ પાટણ પોલીસે તપાસ હાથ ધરી છે.



# ટેકનોલોજીના યુગમાં પણ ખેતી અને ખેડુત જ કેન્દ્રમાં રહેશે: ચીફ જનરલ ભુપેશકુમાર સિંઘલ

## ગાંધીધામ ખાતે નાબાર્ડ અને ચેમ્બરના સંવાદમાં કૃષિ કેન્દ્રીત વિકાસની ચર્ચા કરવામાં આવી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

નાબાર્ડના પ્રાયોજન અને ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સહકારથી ગાંધીધામ ચેમ્બર ભવન ખાતે માર્ગદર્શન અને સંવાદસભર મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છ જેવા ઉદ્યોગ અને પોર્ટ આધારિત જિલ્લામાં નાબાર્ડની વિવિધ વિકાસલક્ષી, ખેડૂતકેન્દ્રિત તથા ટકાઉ નાણાકીય યોજનાઓ અંગે ઉદ્યોગકારો, એમએસએમઈ એકમો, સહકારી સંસ્થાઓ, સ્ટાર્ટઅપ્સ અને વેપારીઓ - ખેડૂતોને વિસ્તૃત માહિતી અને પ્રાયોગિક માર્ગદર્શન મળે તે મુખ્ય હેતુ સાથે આ કાર્યક્રમ યોજાયો હતો.





કાર્યક્રમની શરૂઆતમાં, ગાંધીધામ ચેમ્બરના પ્રમુખ તેજાભાઈ કાનગડે સ્વાગત વક્તવ્યમાં જણાવ્યું હતું કે, નાબાર્ડ માત્ર વિકાસ નાણાકીય સંસ્થા નહીં પરંતુ દેશના ગ્રામીણ અર્થતંત્ર, કૃષિ, સહકારી ક્ષેત્ર, એમએસએમઈ અને હવે ગ્રીન તથા કલાઈમેટ ફાઈનાન્સના ક્ષેત્રે દેશને નવી દિશા આપતી સંસ્થા છે.

નાબાર્ડના કચ્છ જિલ્લાના જિલ્લા વિકાસ મેનેજર નીરજકુમાર સિંહે કાર્યક્રમના હેતુ અને નાબાર્ડની કામગીરી અંગે વિગતવાર માહિતી આપતાં જણાવ્યું હતું કે, નાબાર્ડની યોજનાઓ માત્ર લોન અથવા નાણાકીય સહાય પૂરતી સીમિત નથી, પરંતુ ક્ષમતાવર્ધન, તાલીમ, સંસ્થાગત વિકાસ અને ટકાઉ મોડેલ તૈયાર કરવા પર કેન્દ્રિત છે.

અમૂલ ડેરીના વાઈસ પ્રેસિડેન્ટ વલમજીભાઈ હુંબલે પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતુ કે, નાબાર્ડ જેવી વિકાસલક્ષી સંસ્થાઓ, ગાંધીધામ ચેમ્બર જેવા ઉદ્યોગ નેતૃત્વ સંગઠનો અને સરકારની યોજનાઓ વચ્ચે સંકલનથી કચ્છમાં ગ્રામીણ અર્થતંત્ર, સહકારી ક્ષેત્ર અને એમએસએમઈ ઉદ્યોગોને નવી ઊંચાઈ પ્રાપ્ત થઈ શકે છે.

નાબાર્ડના ચીફ જનરલ મેનેજર ભૂપેશકુમાર સિંઘલે, તેમના વિસ્તૃત અને દ્રષ્ટિવંત માર્ગદર્શનમાં, નાબાર્ડની રચના, ઉદ્દેશ્યો અને રાષ્ટ્રીય સ્તરે તેની વિકાસલક્ષી ભૂમિકા પર પ્રકાશ પાડ્યો.

સિંઘલે ખાસ કરીને ખેડૂતલક્ષી દષ્ટિકોણ સાથે જણાવ્યું હતું કે, ટેકનોલોજી ભલે જેટલી આગળ વધે, આવનારો સમય એગ્રીકલ્ચર અને ખેડૂતોનો છે. ફૂડ પ્રોસેસિંગ, એગ્રી-વેલ્યુ ચેન અને કૃષિ આધારિત ઉદ્યોગોમાં કચ્છ માટે વિશાળ તક છે.

કાર્યક્રમના અંતે, મહેશ તીર્થાણીએ નાબાર્ડના તમામ મહેમાનો પ્રત્યે આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આ સંવાદ કચ્છમાં ઉદ્યોગ, બેંકિંગ, કૃષિ અને ટકાઉ વિકાસ વચ્ચે મજબૂત ભાગીદારીનો પાયો નાખશે. આવા માર્ગદર્શક કાર્યક્રમો દ્વારા કચ્છના ઉદ્યોગજગતને નવી દિશા, નવી દૃષ્ટિ અને વિકાસલક્ષી પ્રેરણા મળશે,


આ કાર્યક્રમમાં ગાંધીધામ ચેમ્બરના ઉપપ્રમુખ દીપક પારેખ, સહમંત્રી જતિન અગ્રવાલ, ખજાનચી કૈલેશ ગોર, કારોબારી સભ્યો હરીશ માહેશ્વરી, કમલેશ રામચંદાણી, અનિમેષ મોદી, લક્ષ્મણભાઈ આહિર, નરેન્દ્ર રામાણી, દીપક બજાજ, રાકેશકુમાર જૈન, રાજીવ ચાવલા, મૂળજીભાઈ ઠક્કર, સભ્ય નિકુંજ ચોપરા, યુથ વિંગના કો-કન્વીનર નિલેશ અગ્રવાલ અને મિહિર કાનગડ, સી.એ. એસોસિએશનના ચેરમેન મહેશ લીંબાણી, સમીર મહેતા સહિત ચેમ્બરના હોદેદારો અને ઉદ્યોગકારોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ચર્ચામાં સક્રિય ભાગ લીધો હતો.

# સુરેન્દ્રનગર: કરૂણા અભિયાન હેઠળ ૭૦થી વધુ પક્ષીઓને બચાવાયા

## કબૂતર, હોલો, ટીટોડી અને પાપેટ સહિત પક્ષીઓને જીવદયા ચેરી, ટ્રસ્ટ અને વનવિભાગે સારવાર કરી ઉડવા માટે સજજ કર્યા

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ઉતરાયણ પર્વ નિમિત્તે પતંગની દોરીથી ઘાયલ થતા પક્ષીઓની સારવાર માટે સરકારના વન વિભાગ તેમજ જીવદયા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કરુણા અભિયાન અંતર્ગત ખેરાળી રોડ પર વન વિભાગની કચેરી ખાતે ઘાયલ પક્ષીઓ માટે સારવાર કેન્દ્ર પાંચ દિવસ માટે શરૂ કરવામાં આવ્યું છે. દોરી થી ઈજાગ્રસ્ત ૦૪ કબુતર, ૦૧ કોમડક, તા.૧૨ જાન્યુઆરીના રોજ ૦૨ કબુતર, ૦૧ સમડી, ૦૧ હોલો અને તા.૧૩ જાન્યુઆરીના રોજ ૦૭ કબુતર, ૦૧ ટીટોડી અને ૦૧ ઘુવડને સારવાર આપવામાં આવી હતી. જ્યારે ઉતરાયણ એટલે



કે ૧૪ જાન્યુઆરીના રોજ ૨૬ કબુતર, ૦૩ કોમડક, ૦૩ મરઘી, ૦૨ આઈબીસ, ૦૧ ચકલી, ૦૧ પોપટ, ૦૧ ઘુવડ, ૦૧ બગલો, ૦૧ બ્લેકબિલ્ટ ટીન મળી ફૂલ ૩૯ પક્ષીઓને ટીમ દ્વારા સારવાર આપવામાં આવી હતી. તેમજ તા.૧૫ જાન્યુઆરીના રોજ બપોર સુધીમાં કબુતર, કોમડક સહિત અંદાજે ૧૪ થી વધુ ઈજાગ્રસ્ત પક્ષીઓને સારવાર આપવામાં આવી હતી. ફુલ ૭૧ વિવિધ પક્ષીઓને સારવાર આપવામાં આવી હતી. આ સેવાકીય કામગીરીમાં વન વિભાગની સાથે જીવદયા ચેરિટેબલ ટ્રસ્ટના સેવાભાવી યુવાનો જોડાયા હતા અને ખડેપગે રહી પક્ષીઓને સારવાર આપી હતી.

# અંજાર નગરપાલિકા હસ્તકની મટન માર્કેટ ખાતે ૨૨મીએ દુકાનોની જાહેર હરરાજી

## જાહેરમાં માંસ મટનનું વેંચાણ કરનાર ત્રણ દુકાનો સીલ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજાર નગરપાલિકા દ્વારા ચીફ ઓફિસર તુષાર આર.ઝાલરીયા અને કચેરી અધિક્ષક ખીમજીભાઈ પાલુભાઈ સિંધવના માર્ગદર્શન અને સીધી દેખરેખ હેઠળ અંજાર શહેર નગરપાલિકા વિસ્તારમાં જાહેરમાં માંસ-મટનનું વેચાણ કરનાર ત્રણ દુકાનો સીલ કરવામાં આવતા જાહેરમાં માંસ-મટન વહેંચતા વેપારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. નગરપાલિકાના નિયમ મુજબ નગરપાલિકા હસ્તકની મટન માર્કેટ સિવાય કોઈપણ અન્ય સ્થળે માંસ મટન વેચી શકાય નહીં.આ રીતે વેચાણ કરવું નિયમ વિરુદ્ધ હોઈ જો કોઈપણ આ રીતે વેચાણ કરતા માલુમ પડશે તો તેની સામે નગરપાલિકા દ્વારા દુકાન સિલ કરવાની કાર્યવાહી આગળ પણ હાથ ધરવામાં આવશે. આગામી તા. ૨૨ જાન્યુઆરીના રોજ સવારે ૧૧-૦૦ કલાકે નગરપાલિકા હસ્તકની મટન માર્કેટ ખાતે સ્થળ ઉપર દુકાનોની જાહેર હરાજી યોજવામાં આવેલ છે તેમાં સંબંધીતોને ભાગ લેવા નગરપાલિકાના સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું હતું. આ કામગીરીમાં સેની. ઈન્સ્પેક્ટર જીતેન્દ્રભાઈ જોશી, પ્રોપર્ટી ટેક્સ ઈન્સ્પેક્ટર પ્રકાશભાઈ રોશિયા, વિનોદભાઈ શામળીયા સહિતના કર્મચારીઓએ નિયમ મુજબની કાર્યવાહી કરી હતી.

# બે માસૂમ બાળકોનું પરિવાર સાથે સુખદ મિલન કરાવતી ધ્રોલ પોલીસ

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ પોલીસે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતાં એક શ્રમિક પરિવારની ગુમ થયેલી ખુશીઓ પાછી લાવી છે.



ધ્રોલ પંથકમાં ખેતમજૂરી કરતા પરિવારના બે માસૂમ બાળકો મકરસંક્રાંતિના પાવન પર્વના દિવસે એકલા રઝળતા હાલતમાં મળી આવ્યા હતા, જેના કારણે પરિવાર ભારે ચિંતામાં મુકાયો હતો. આ બાબતની જાણ થતા જ ધ્રોલ પી.આઈ. એચ.વી. રાઠોડના માર્ગદર્શન હેઠળ ધ્રોલ પોલીસ તાત્કાલિક કાર્યરત થઈ હતી. પોલીસ ટીમે માનવીય અભિગમ સાથે ઝડપી કાર્યવાહી કરી અને બાળકોના વાલીવારસની શોધખોળ શરૂ કરી હતી.

પોલીસ કર્મચારીઓ રવિરાજસિંહ જાડેજા, અનિલભાઈ સોઢીયા તથા હિરાભાઈ સોઢીયા સહિતના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી ગણતરીના કલાકોમાં જ બંને બાળકોના પરિવારની ઓળખ મેળવી, તેમને સુરક્ષિત રીતે પરિવાર સાથે મિલાપ કરાવ્યો હતો.

# અંજારના વરસાણા વિસ્તારમાં રોડનું કામ અધુરૂ હોવાથી ટોલ વસુલાત બંધ રાખવા માંગ

## ટ્રક ઓનર્સ વેલ્ફેર એસો. રતનાલની તંત્રને રજૂઆત

**અબતક,ભારતી માખીજાણી, ગાંધીધામ**

વરસાણા વિસ્તારમાં ચાલી રહેલા રોડના અધૂરા કામને કારણે વાહનચાલકો અને ટ્રાન્સપોર્ટરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ મુદ્દે ટ્રક ઓનર્સ વેલ્ફેર એસો.રતનાલ દ્વારા ટોલ ઓપરેટર તથા સંબંધિત તંત્ર સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆત જણાવાયું છે કે રોડનું કામ પૂર્ણ ન થવાને કારણે ટ્રાફિકની સમસ્યા વધી છે, ત્યારે ટોલ વસૂલાત અયોગ્ય છે.



એસોસિયેશનની માંગ છે કે જ્યાં સુધી રોડનું ૧૦૦ ટકા કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી ટોલ વસૂલાત બંધ રાખવામાં આવે, જેથી નાગરિકો અને ટ્રાન્સપોર્ટરોને રાહત મળી શકે.

# મોરબીમાં નજીવી બાબતે હિંસક અથડામણ, વૃદ્ધનું મોત બનાવ હત્યામાં પલટાયો

## પાંચ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ, પાંચ ઈજાગ્રસ્તોની સારવાર ચાલુ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી શહેરના બેઠાપુલ પાસે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં નજીવી બાબતે થયેલી બોલાચાલી હિંસક મારામારીમાં ફેરવાઈ હતી. આ ઘટનામાં લાકડાના ધોકા અને પથ્થરો વડે હુમલા થતા એક વૃદ્ધનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું, જેના પગલે બનાવ હત્યામાં પલટાયો છે. સમગ્ર ઘટનામાં પાંચ અન્ય વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા છે. પોલીસે પાંચ આરોપીઓ સામે ફરિયાદ નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

મોરબી શહેરના બેઠાપુલ પાસે આવેલી ઝૂંપડપટ્ટી વિસ્તારમાં તા. ૧૪/૦૧/૨૦૨૬ના રોજ મોડી સાંજે ગંભીર મારામારીનો બનાવ બન્યો હતો. જેમાં ફરિયાદી અજયભાઈ રમેશભાઈ હઠીલા ઉવ.૨૫ રહે. હાલ મયુર પુલ નીચે મચ્છુ નદીના પટ્ટમાં મૂળ રહે.ગામ હાથીધરા તા-લીમખેડા જી.દાહોદ વાળા દ્વારા નોંધાવેલી ફરિયાદ મુજબ, તાપણું કરી બેઠા હોય ત્યારે નજીવી વાતચીત દરમિયાન બોલાચાલી થતાં આરોપી મનોજભાઈ કાસુભાઈ ચાડમીયા, તેના પિતા કાસુભાઈ, તેના સાળા દિલીપભાઈ તથા તેના સસરા ઘોઘાભાઈ અને સવસીભાઈ ઉશ્કેરાઈ ગયા હતા. આરોપીઓએ લાકડાના ધોકા અને પથ્થરો વડે હુમલો કરતા ફરિયાદી સહિત અજય ખરેડી, દીપુ ખરેડી, બંટી ડામોર અને અનુબેનને માથા તથા શરીરના ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મોરબી સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આ મારામારી દરમિયાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા કાસુભાઈ હોથીભાઈ ચાડમીયા ઉંમર અંદાજે ૬૦ વર્ષ વાળાનું સારવાર દરમિયાન મોત થતાં સમગ્ર ઘટના હવે હત્યાના ગુનામાં પરિણમી છે. વૃદ્ધના મોતને ધ્યાને લઈ સામા પક્ષના આરોપીઓ સામે પણ હત્યાના ગુનાની કલમ સહિત ગુનો નોંધવા વધુ તપાસની તજવીજ શરૂ કરી છે. મનોજભાઈ કાસુભાઈ ચાડમીયાએ આરોપી (૧)અજય રમેશભાઈ હઠીલા, (૨)અજય ભનુભાઈ, (૩)બંટી ડામોર, (૪)દિપુ અરજણભાઈ રહે.ચારેય મોરબી મયુરપુલ નીચે ઝુંપડામા તા.જી.મોરબી વાળા વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી કે, આરોપી અજય રમેશભાઈ હઠીલા અને ફરિયાદીની બહેન ગીતાબેન વચ્ચે પ્રેમસંબંધ હતો અને લગ્નની વાતને લઈને બોલાચાલી થઈ હતી. આ બોલાચાલી બાદ ઝઘડો ઉગ્ર બનતા આરોપી અજય હઠીલાએ તેના પડોશમાં રહેતા આરોપી અજય ભનુભાઈ, બંટી ડામોર અને દિપુ અરજણભાઈને બોલાવી લીધા હતા. ચારેય આરોપીઓએ ફરિયાદી તથા સાહેદો પર છૂટા પથ્થરો અને ત્યાં પડેલા લાકડાના ધોકા વડે હુમલો કર્યો હતો. ત્યારબાદ ફરિયાદીના પિતા કાસુભાઈ ચાડમીયાને ઘસડીને બાવળની કાંટમાં લઈ જઈ તીક્ષ્ણ હથિયારથી સાથળમાં ઘા મારી ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યા હતા. ગંભીર ઈજાઓને કારણે કાસુભાઈનું મોત નિપજ્યું હતું.

# વાંકાનેરના સતાપર ગામે કચરો નાખવાના મુદ્દે બે જુથ વચ્ચે મારામારી

## તાલુકા પોલીસે બંને પક્ષે મળી ચાર મહિલા સહિત સાત આરોપીઓ સામે ગુનો નોંધ્યો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

વાંકાનેર તાલુકાના સતાપર ગામે ઘર સામે કચરો નાખવા અને હનુમાનજીના ઓટે રોટલી મુકવા જેવી નજીવી બાબતે થયેલી બોલાચાલી હિંસક મારામારીમાં ફેરવાઈ હતી. આ ઘટનામાં એક મહિલાને માથા તથા શરીરે ઈજા પહોંચી હતી જ્યારે એક યુવતીના હાથની આંગળીમાં ફ્રેક્ચર થયું હતું. બંને પક્ષોની સામસામી ફરિયાદના આધારે વાંકાનેર તાલુકા પોલીસે ચાર મહિલા સહિત સાત લોકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

વાંકાનેર તાલુકાના સતાપર ગામે ગઈકાલ તા. ૧૫/૦૧/૨૦૨૬ના રોજ સવારના સમયે ઘર સામે કચરો નાખવા અને હનુમાનજીના ઓટે રોટલી મુકવાના મુદ્દે બે પાડોશી પરિવાર વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો. પ્રથમ ફરિયાદમાં સારદાબેન રમેશભાઈ સારેસા ઉવ.૪૫ દ્વારા નોંધાઈ હતી, જેમાં આરોપી વિજયભાઈ સોમાભાઈ સારેસા, તેના ભાઈ રમેશભાઈ અને માતા માલુબેનને કચરો નાખવાની ના પાડતા તેમને ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. હુમલામાં સારદાબેનને માથા અને શરીરે મુંઢ ઈજાઓ પહોંચી હતી તેમજ તેમની દીકરી ઉરમીલાબેનના હાથની આંગળી મરડતા ફ્રેક્ચર થયું હતું, જેના કારણે તેણીની સારવાર ચાલુ છે.

સામાપક્ષે ફરિયાદી વિજયભાઈ સોમાભાઈ સારેસા ઉવ.૩૨ દ્વારા સમેપક્ષે ફરિયાદ નોંધાવવામાં આવી છે. તેમની ફરિયાદ મુજબ, હનુમાનજીના ઓટે રોટલી મુકવા ગયા ત્યારે આરોપી સારદાબેન અને તેમના પરિવારજનો દ્વારા બોલાચાલી કરી ગાળો આપવામાં આવી હતી અને પ્લાસ્ટિકના પાઈપ તથા લાકડી વડે હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ફરિયાદી વિજયભાઈ, તેમના ભાઈ રમેશભાઈ અને માતા માલુબેનને મુંઢ ઈજાઓ પહોંચી હતી. બંને પક્ષોની ફરિયાદના આધારે વાંકાનેર તાલુકા પોલીસે ચાર મહિલા સહિત કુલ સાત આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબીમાં ટ્રાફિક નિયમભંગ કરનાર રીક્ષાચાલકો સામે પોલીસની લાલઆંખ

## ૬ રીક્ષા ડીટેઈન કરી અને ૧૮ રીક્ષા ચાલકોને રૂ.૯ હજારનો દંડ ફટકાર્યો



**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીમાં ગઈકાલ તા.૧૫ જાન્યુઆરીએ જીલ્લા પોલીસ અધિક્ષક મુકેશ કુમાર પટેલની સૂચના મુજબ શહેરના નગરદરવાજા આસપાસ મોટર વ્હીકલ એક્ટના નિયમોનો ભંગ કરનાર રીક્ષા ચાલકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ટ્રાફિક શાખા અને સ્થાનિક પોલીસ દ્વારા કરાયેલ ચેકિંગ દરમિયાન વિવિધ નિયમોના ભંગ બદલ કુલ ૬ રીક્ષાઓ ડીટેઈન કરવામાં આવી હતી. ઉપરાંત, અલગ-અલગ ગુનાઓ હેઠળ કુલ ૧૮ રીક્ષા ચાલકોને રૂ. ૯,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા ટ્રાફિક નિયમોનું પાલન કરવા સ્પષ્ટ સંદેશ આપતા આગામી દિવસોમાં પણ આવી કાર્યવાહી ચાલુ રહેશે તેવી ચેતવણી આપવામાં આવી હતી.

# વાંકાનેરઃ સિરામિક ફેક્ટરીમાં કામ દરમિયાન કન્વેયર બેલ્ટમાં આવી જતા મહિલાનું મોત

**અબતક, ઋષી મહેતા, મોરબી**

વાંકાનેર તાલુકાના ઢુંવા-માટેલ રોડ ઉપર સનહાર્ટ સીરામીક કારખાનામાં ગઈકાલ તા.૧૫/૦૧ના રોજ કરુણ અકસ્માત સર્જાયો હતો. કારખાનામાં સફાઈ કામ કરતી કમલાબાઈ મનીરામભાઈ સોન ઉવ.૪૫ રહે.હાલ સનહાર્ટ સીરામીકના લેબર કવાર્ટરમાં મુળ રહે.કજરઈ ગામ તા-ખોરઈ જી.સાગર (મધ્યપ્રદેશ) વાળાની સાડી અકસ્માતે કન્વેયર બેલ્ટમાં આવી ગઈ હતી. બેલ્ટમાં સાડી ફસાતા માથાના વાળ ખેંચાઈ જતા તેમને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. બનાવ બાદ તેમને તાત્કાલિક સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમ્યાન તેમનું મોત નિપજ્યું હતું. વાંકાનેર તાલુકા પોલીસે અ.મોત નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# વાંકાનેરના રાતીદેવરી ગામેથી ૨૪ વર્ષીય યુવતી ગુમ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ વિગતો મુજબ રાતીદેવરી ગામે રહેતી સોનલબેન રમેશભાઈ વોરા ઉવ.૨૪ ગત તા.૧૩/૦૧/૨૦૨૬ રાતથી તા.૧૪/૦૧/૨૦૨૬ના સવારના ચાર વાગ્યા દરમિયાન તેઓ ઘરે કોઈને કીધાં વિના નીકળી જઈ ગુમ થયાનું જાણવા મળ્યું હતું. ત્યારે પરિવારજનોએ આસપાસ તેમજ સગાસંબંધીઓમાં તપાસ કરી છતાં કોઈ માહિતી ન મળતાં અંતે પોલીસમાં જાણ કરાઈ હતી. ગુમ થયેલ યુવતી પાતળા બાંધાની, ઘઉ વર્ણની, અંદાજે સવા પાંચ ફૂટ ઊંચાઈની છે અને ગુમ થતા સમયે કાળા રંગનું સ્વેટર, સફેદ-ગુલાબી ટોપ તથા કાળી લેગીશ પહેરેલી હતી. હાલ વાંકાનેર સીટી પોલીસે ગુમસુધા એન્ટ્રી કરી અલગ અલગ દિશામાં શોધખોળ શરૂ કરી છે.

# મોરબીઃ કાચબા શિકાર કેસમાં પુરાવાના અભાવે બે આરોપી નિર્દોષ

**અબતક, ઋષીમહેતા, મોરબી**



મોરબીના પીપળી ગામ નજીક વર્ષ ૨૦૧૮માં કાચબાના શિકારના કેસમાં પુરાવા શંકાસ્પદ સાબિત થતા મોરબીની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે બંને આરોપીઓને નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કર્યો છે.

કેસની ટુક વિગત મુજબ, વર્ષ ૨૦૧૮માં વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમની કલમ મુજબ નોંધાયેલા કાચબા શિકારના કેસની ફરિયાદ મુજબ આરોપીઓએ તા.૨૨/૦૬/૨૦૧૮ ના રોજ પીપળી ગામના રેવન્યુ ખરાબા વિસ્તારમાં પાંચ કાચબાનો શિકાર કરી તેમને મોતને ઘાટ ઉતાર્યા હતા તથા કાચબાના માંસના ટુકડા બનાવી સ્થળ પર મૂકી ભાગી ગયા હતા. આ બાબતે રેન્જ ફોરેસ્ટ ઓફિસ મોરબી ખાતે ફરિયાદ નોંધાઈ હતી. તપાસ બાદ આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. કેસ મોરબીની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ચાલુ જતા જેમાં ફરીયાદ પક્ષ દ્વારા રજૂ કરાયેલા પંચ સાક્ષીઓ તથા અન્ય સાક્ષીઓ ફરિયાદની હકીકતને સમર્થન આપી શક્યા ન હતા. અટક પંચનામા અને દફનવિધિ પંચનામાના પંચો ફરી ગયા હતા અને એ.પી.પી. દ્વારા સૂચક પ્રશ્નો પૂછ્યા છતાં પણ આરોપ સામે વિશ્વસનીય પુરાવો રજૂ થયો ન હતો. સાક્ષીઓની જુબાનીમાં એટલું તો સામે આવ્યું કે પીપળી ગામેથી પશુનું માંસ અને અવશેષ મળ્યા હતા, પરંતુ તે કાચબાનું જ માંસ હતું અને તેનો શિકાર આરોપીઓએ કર્યો હતો તે બાબત શંકા રહિત પુરવાર થઈ શકી નહોતી. ત્યારે બચાવ પક્ષના વકીલ એડવોકેટ સુખદેવ રમેશભાઈ દેલવાણીયાએ કાયદાકીય જોગવાઈઓ તથા કેસના સંજોગોને આધારે ધારદાર દલીલો રજૂ કરી હતી. કોર્ટએ આ દલીલો માન્ય રાખી પુરાવાના અભાવને ધ્યાને લઈ બંને આરોપીઓને નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

# હિંમતનગર - ખેડબ્રહ્મા રેલવે લાઇન પર અડચણો દૂર કરી ટ્રેક પેકિંગનો ધમધમાટ

## પાટાનું લેવલિંગની કામગીરી પુર્ણ થયા બાદ રેલવે લાઈન પર ટ્રેનની ગતિમાં નોંધપાત્ર વધારો થશે

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

હિંમતનગરથી ખેડબ્રહ્મા બ્રોડગેજ રેલવે લાઈન પર ટ્રેક લેવલિંગ માટે ટી.ટી.એમ (ટ્રેક ટેમ્પિંગ મશીન) દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી છે આ કામગીરી સી.આર.એસ અને ઈલેક્ટ્રિફિકેશન ઈન્સ્પેક્શન પૂર્ણ થયા બાદ હાથ ધરવામાં આવી રહી છે.

રેલવે વિભાગ પાસેથી મળતી માહિતી અનુસાર મુજબ ૦૮ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ગુરુવારે હિંમતનગર-ખેડબ્રહ્મા રેલવે લાઈન પર ઈલેક્ટ્રિફિકેશનનું પી.સી.ઈ.ઈ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ નિરીક્ષણ બાદ ખેડબ્રહ્માથી ઈલેક્ટ્રિક લોકો ૯૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડાવવામાં આવ્યું હતું.

હાલમાં હિંમતનગર રેલવે સ્ટેશન પરથી રેલવે લાઈન પર પાટાના પેકિંગ માટે ટી.ટી.એમ મશીનથી કામગીરી ચાલી રહી છે આ મશીન દ્વારા પાટાના લેવલિંગમાં થતા ફેરફારોને સુધારવામાં આવી રહ્યા છે અને જ્યાં ટ્રેનની ઝડપમાં વધઘટ થાય છે ત્યાં પેકિંગનું કામ કરવામાં આવી રહ્યું છે.

આ કામગીરી પૂર્ણ થયા બાદ રેલવે લાઈન પર ટ્રેનની ગતિમાં નોંધપાત્ર વધારો થઈ શકશે જેનાથી આવનારા દિવસોમાં મુસાફરોને ઝડપી અને સુવિધાજનક મુસાફરીનો લાભ મળી શકશે.

# સાબરકાંઠામાં ૧૪૧ પક્ષીઓને સારવાર આપી અપાયું 'નવજીવન'

## સતત પાંચ દિવસ સુધી ૧૯૬૨ હેલ્પલાઇન પક્ષીઓ માટે આશિર્વાદરૂપ સાબિત થઇ



**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

ઉત્તરાયણ પર્વ દરમિયાન પતંગની ઘાતક દોરીથી ઈજાગ્રસ્ત થતા પક્ષીઓ અને અન્ય અબોલ જીવોની તાત્કાલિક સારવાર માટે સાબરકાંઠામાં '૧૯૬૨' પશુ હેલ્પલાઈન આશીર્વાદરૂપ સાબિત થઈ છે રાજ્ય સરકારના 'કરૂણા અભિયાન' અંતર્ગત પાંચ દિવસમાં ૧૯૬૨ની ટીમે જિલ્લાભરમાં દોડી કુલ ૧૪૧ પશુ-પક્ષીઓને જીવતદાન આપ્યું છે.

સાબરકાંઠા જિલ્લામાં પશુ હેલ્પલાઈન ૧૯૬૨ની ટીમો જરૂરી સાધનો અને જરૂરી દવાઓ સાથે સતત સજ્જ રહી હતી કંટ્રોલ રૂમ પર આવતા કોલના આધારે એમ્બ્યુલન્સ અને પશુચિકિત્સકોની ટીમ દ્વારા ઘટનાસ્થળે જ પક્ષીઓની સર્જરી અને પ્રાથમિક સારવાર કરી માનવતા મહેકાવી છે જિલ્લાના વિવિધ તાલુકાઓમાં દોરીથી કપાયેલા પક્ષીઓને તાત્કાલિક મેડિકલ સહાય પહોંચાડવામાં ૧૯૬૨ સેવાએ મહત્વની ભૂમિકા ભજવી છે.

# હળવદના કડીયાણા ગામે બીમારીથી કંટાળી આધેડનો આપઘાત

**અબતક, ઋષી મહેતા, મોરબી**

હળવદ તાલુકાના નવા કડીયાણા ગામે કરુણ બનાવ સામે આવ્યો છે. જેમાં જાદવજીભાઈ કાનજીભાઈ વઢરેકીયા ઉવ.૪૭ વાળાને છેલ્લા એકાદ વર્ષથી લીવરની ગંભીર તકલીફ હતી, જેના કારણે તેઓ માનસિક રીતે ખૂબ કંટાળેલા હતા.

આ પરિસ્થિતિમાં ગત તા.૦૬/૦૧ના રોજ પોતાના રહેણાક મકાને પાકમાં છાટવાની ઝેરી જંતુનાશક દવા પી લીધી હતી. ઝેરી દવાની અસર થતાં તેમને તાત્કાલિક મોરબી સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન તા.૦૮/૦૧/૨૦૨૬ના રોજ તેમનું મોત નિપજ્યું હતું. મૃત્યુના બનાવ અંગે હળવદ પોલીસે અ.મોત નોંધ કરી વધુ તપાસ શરૂ કરી છે.

## ૭૭માં પ્રજાસત્તાક પર્વે

# રાષ્ટ્રપતિ ભવનમાં યોજાનારા 'એટ હોમ' રીસેપ્શનમાં ઉપસ્થિતિ રહેવા સ્વામીનારાયણ ગુરૂકુલના પ્રિન્સીપાલને આમંત્રણ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

મૂળ દ્વારકાના અને હાલ રાજકોટ સ્થિત સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલયના પ્રિન્સીપાલ હિતેશકુમાર પ્રવિણચંદ્ર ભૂંડીયાને આગામી તા.૨૬મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ દિહીના રાષ્ટ્રપતિ ભવન ખાતે યાજાઃનાર 'એટ હોમ' રીસેપ્શન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ મળ્યું છે.



દ્વારકાના વતની અને રાજકોટને કર્મભૂમિ બનાવી સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલયમાં હેડ માસ્તર તરીકે કાર્યરત હિતેશકુમાર પ્રવિણચંદ્ર ભૂંડીયા સાયન્સ, ટેકનોલોજી, એન્જીનીયરીંગ અને મેથેમેટિક્સ પ્રમોશન અને પેટન્ટ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટસ ક્ષેત્રે તેમના યોગદાન બદલ આશરે ચાર માસ પૂર્વે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂ હસ્તે વર્ષ ૨૦૨૬ના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ. આગામી ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ૭૭માં પજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે દિહીસ્થિત રાષ્ટ્રપતિ ભવનમાં યોજનાર સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા રાષ્ટ્રપતિભવન તરફથી તેઓને વિશેષ નિમંત્રણ પ્રાપ્ત થયું છે.

# મોરબીના રાજપર(કું) ગામે તળાવમાં ડૂબી જતાં યુવકનું મૃત્યુ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી તાલુકાના રાજપર(કું) ગામની સીમમાં આવેલા તળાવમાં ૨૫ વર્ષીય યુવક ડૂબી જતાં મોત થયું હતું. ત્યારે મોરબી તાલુકા પોલીસે અ.મોતની કરી આગળની તપાસ શરૂ કરી છે.મોરબી તાલુકાના રાજપર (કુંતાસી) ગામની સીમમાં ફડસર તરફ જવાના રસ્તા પર આવેલા તળાવમાં ગઈકાલ તા.૧૫/૦૧ના રોજ ૨૫ વર્ષીય પ્રકાશભાઈ પ્રતાપભાઈ પલાસ રહે.મુળ વાંકડીગામ નાળ ફળીયુ તા.સંતરામપુર જી.મહીસાગર વાળા કોઈ કારણોસર તળાવમાં પાણીમાં ડૂબી જતાં મોતને ભેટ્યા હતા. બનાવની જાણ થતાં મોરબી તાલુકા પોલીસ સ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. ત્યારે પોલીસે મૃતકની પત્ની સોનલબેન પાસે પ્રાથમિક વિગતો મેળવી અ.મોત નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

## તેરા તુજકો અર્પણ અંતર્ગત

# ખોવાયેલા ૧૬ મોબાઈલ મુળ માલીકને પરત કરતી ગાંધીધામ બી ડિવિઝન પોલીસ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

તેરા તુજકો અર્પણ અભિયાન અંતર્ગત ચોરાયેલ/ગુમ થયેલ મુદ્દામાલ શોધી મુળ માલીકને પરત મળી જાય તે સારૂ કાર્યવાહી કરવા સુચના આપેલ હોવાથી અને આ બાબતે નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધર અંજાર વિભાગ તરફથી પણ જરૂરી સુચન મળતા પોલીસ ઈન્સપેક્ટર એસ.વી.ગોજીયા દ્વારા સામાન્ય જનતા માટે મોબાઈલ ફોન માત્ર એક ઉપકરણ નહીં પરંતુ અંગત ડેટા અને સંપર્કનું મહત્વનું સાધન હોઈ જે બાબતને ગંભીરતા લઈ છેલ્લા કેટલાક સમયથી ગાંધીધામ બી-ડિવિઝન વિસ્તારમાંથી નાગરિકોના મોબાઈલ ફોન ગુમ થયા હોવાની અરજીઓ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી તે શોધી કાઢવા સારૂ જરૂરી સુચના આપતા ગાંધીધામ બી- ડિવિઝન પોલીસની ટીમ દ્વારા ગુમ થયેલા મોબાઈલના આઈએમઈઆઈ નંબર ટ્રેકિંગમાં મૂકીને સીઈઆઈઆર-પોર્ટલ થી સતત ફોલોઅપ લઈ આ ટેકનિકલ તપાસના અંતે પોલીસ દ્વારા વિવિધ સ્થળોએથી કુલ-૧૬ મોબાઈલ ફોન કિ.રૂ. ૧,૬૦,૦૦૦/- નો મુદામાલ રિકવર કરવામાં સફળતા મેળવી પોલીસ સ્ટેશન પરિસરમાં અરજદારોને બોલાવી તેમના ખોવાયેલા મોબાઈલ ફોન પરત કરવામાં આવ્યા હતા પોતાનો કિંમતી મોબાઈલ અને તેમાં રહેલો ડેટા સુરક્ષિત પરત મળતા અરજદારોએ પોલીસની કામગીરીની પ્રશંસા કરી હતી અને આભાર વ્યક્ત કર્યો હતો.

આ કામગીરી ગાંધીધામ બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એસ.વી.ગોજીયા,પોલીસ સબ ઈન્સપેક્ટર એલ.એન.વાઢીયા તથા પોલીસ કોન્સટેબલ હરદાનભાઈ માળી દ્વારા કરવામાં આવેલ છે.

# દ્વારકાઃ મકરસંક્રાંતિ પર્વેએ ભકતોનો જમાવડો

## ગોમતીમાં સ્નાન કરી પૂણ્યનું ભાથુ બાંધ્યુ



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

મકરસંક્રાંતિના પાવન પર્વે દાન અને પૂજાનું વિશેષ મહત્વ હોય યાત્રાધામ દ્વારકાના દ્વારકાધીશ જગતમંદિરે લાખો ભાવિકો શ્રીજીના દર્શનાર્થે ઉમટયા હતા. વહેલી સવારથી જ દ્વારકાધીશ મંદિર પરિસરમાં ભાવિકોની ભારે ભીડ જોવા મળી હતી.

સૂત્રોમાંથી મળતી માહીતી અનુસાર એક જ દિવસમાં એક લાખ વીસ હજારથી વધુ ભાવિકોએ ઠાકોરજીના દર્શનનો લાભ લીધો હતો. વારાદાર પૂજારી દ્વારા દ્વારકાધીશ રાજાધિરાજને પતંગો સાથેનો વિશેષ શૃંગાર યોજવામાં આવ્યો હતો.

## ઠાકોરજીને એક જ દિવસમાં બે મનોરથ



દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીના ભાવિક ભકત પરિવારો દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી સવાર-સાંજ એમ એક જ દિવસમાં બબ્બે મનોરથ દર્શન યોજાયો હતા. સવારે ઠાકોરજીના શૃંગાર દર્શન સમયે કુંડલા ભોગ મનોરથ તેમજ સાંજે ઠાકોરજીના ઉત્થાપન દર્શન સમયે સુકા મેવા મનોરથ યોજવામાં આવ્યા હતા. ગુરુવારના કેસરી વાઘા અને શીતકાલીન શૃંગાર સાથેના દિવ્ય મનોરથ દર્શનો તથા મનોરથ આરતીનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત ઓનલાઈનના વિવિધ માધ્યમોથી દેશ વિદેશના લાખો કૃષ્ણભકતોએ નિહાળી ભાવવિભોર બન્યા હતા.

### એસ.પી. પ્રેમસુખ ડેલુએ બુટલેગરોની યાદી જાહેર કરતા સ્થાનિક પોલીસ સક્રિય

# સાયલાના સુદામડા ગામે વિદેશી દારૂના કટીંગ વેળાએ પોલીસ ત્રાટકી: રૂ. ૩૪.૫૧ લાખનો શરાબ પકડાયો

### ૨૫૬૮ બોટલ દારૂ, પીક-અપ વાન, ટુ-વ્હીલર મળી રૂ. ૩૯.૭૬ લાખનો મુદામાલ કબ્જે: પાંચ શખ્સ નાશી છુટયા

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં ઈંગ્લીશ દારૂનું વેચાણ અને કટીંગ વધી રહ્યું છે ત્યારે સાયલા પોલીસે પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે સુદામડા થી શિરવાણીયા ગામના રસ્તા પર આવેલ વાડીમાં ઈંગ્લિશ દારૂના ચાલુ કટીંગ પર રેઈડ કરતા બુટલેગરોમાં નાશ ભાગ મચી જવા પામી હતી અને પોલીસે સ્થળ પરથી લાખોની કિંમતનો મુદામાલ કબજે કરી ૦૫ શખ્સો સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર જીલ્લામાં જાણે ઈંગ્લિશ દારૂના વેચાણ અને કટિંગ માટે બૂટલેગરોને છૂટો દોર મળી ગયો હોય તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે. ત્યારે સાયલા પોલીસે ઈંગ્લીશ દારૂની હેરાફેરી અને કટીંગ રોકવા ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. જે દરમિયાન બાતમીના આધારે સાયલાના સુદામડા થી શિરવાણીયા તરફ જવાના રસ્તે આવેલ કબજા ભોગવટાની વાડીમાં ઈંગ્લિશ દારૂના ચાલુ કટીંગ દરમિયાન રેઈડ કરી હતી.



જેમાં પોલીસને જોતા સ્થળ પર થી બુટલેગરોમાં નાશ ભાગ મચી જવા પામી હતી. જેમાં સ્થળ પરથી ૩ શખ્સો નાશી છુટયા હતા અને ત્યારબાદ પોલીસે વધુ તપાસ હાથ ધરી રેઈડ દરમિયાન ઈંગ્લિશ દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો નંગ ૨૫૬૮ કિંમત રૂ.૩૪,૫૧,૨૦૦, બોલેરો પીકઅપ કિંમત રૂ.૫ લાખ, ટુવ્હીલર કિંમત રૂ.૨૫,૦૦૦ સહિત ફૂલ રૂ.૩૯,૭૬,૨૦૦ નો મુદામાલ કબજે કર્યો હતો અને સ્થળ પર થી નાશી ગયેલ ત્રણ શખ્સો (૧) દેવેન્દ્ર ઉર્ફે ડેન્ડુ ભરતભાઈ બોરીચા (૨) નાગરાજભાઈ વલકુભાઈ ખાચર (૩) દશરથસિંહ ચંદુભા ઝાલા, તમામ રહે.સુદામડા તા.સાયલા વાળા (૪) બોલેરો પીકઅપના માલિક અને (૫) ટુવ્હીલરના માલિક તેમજ ઈંગ્લીશ દારૂનો જથ્થો મોકલનાર સામે પ્રોહીબિશન એક્ટ હેઠળ સાયલા પોલીસ મથકે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુરેન્દ્રનગર એસ.પી.દ્વારા બુટલેગરોની યાદી જાહેર કરતા જ સ્થાનિક પોલીસ મથકના પી.આઈ., પીએસઆઈ સહિતનો સ્ટાફ એક્શન મોડમાં આવી ગયો છે પોતાના પોલીસ મથકની હદમાં દારૂના વેચાણ સામે લાલ આંખ કરી છે.

# દસાડા નજીક નવનિર્મિત નાળાની કામગીરી દરમિયાન ખાનગી બસને અકસ્માત નડ્યો

### શંખેશ્વરથી અમદાવાદ તરફ જઈ રહેલ લકઝરી બસ નાળામાં ખાબકી: બસમાં કોઈ મુસાફર નહીં હોવાથી જાનહાનિ ટળી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં અકસ્માતના બનાવો વધી રહ્યાં છે ત્યારે દસાડા પાસે નવું બની રહેલ નાળાની કામગીરી દરમિયાન રાત્રે ખાનગી લકઝરી બસ નાળામાં ખાબકતા અકસ્માત સર્જાયો હતો. જો કે સદનસીબે કોઈ જાનહાનિનો બનાવ નહી બનતા દુર્ઘટના ટળી હતી.આ અંગે મળતી માહિતી મુજબ શંખેશ્વર તરફ થી આવતી અને અમદાવાદ તરફ જતી ખાનગી લકઝરી બસ દસાડા-વડગામ રોડ પર જઈ રહી હતી તે દરમિયાન નવા નાળાની કામગીરીને કારણે બસના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ખાનગી લકઝરી બસ



નાળામાં ખાબકી હતી રાત્રિના સમયે અકસ્માત સર્જાયો હોવાથી તેમજ બસમાં કોઈ મુસાફર નહીં હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. આ અકસ્માતને પગલે લોકો સહિત વાહન ચાલકોના ટોળેટોળા સ્થળ પર ઉમટી પડ્યા હતા અને આ અંગે પોલીસને જાણ કરી હતી.

# માંગરોળના લોએજ ગામે મગફળી પલળી જતા ચિંતામાં ખેડૂતનો ઝેરી ટીકડા ખાઈ આપઘાત

### માવઠા દરમિયાન ખેતરમાં તૈયાર પાક પલળી જતા તેના ટેન્શનમાં ભર્યું પગલું

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

માંગરોળ તાલુકાના લોએજ ગામે રહેતા ૫૫ વર્ષીય ખેડૂતે સીઝનની માંડવી પલળી જતા, ટેન્શનમાં આવી જઈ ઝેરી ટીકડા પી આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી જવા પામી હતી, તો બીજી બાજુ ઘરના મોભી ગુમાવતા નંદાણીયા પરિવાર ઉંડા આઘાતમાં ડૂબ્યો છે.

માંગરોળ તાલુકાના લોએજ ગામે રહેતા ૫૫ વર્ષીય લક્ષ્મણભાઈ રામદેભાઈ નંદાણીયા એ પોતાના ખેતરની સીઝનની માંડવી પલળી જતા, તેના ટેન્શનમા આવી ઘઉમા નાખવાના ટીકડા પોતાની મેળે પી જતા, સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમ્યાન લક્ષ્મણભાઈ રામદેભાઈ નંદાણીયા મરણ જતા પરિવારજનો ઉંડા આઘાતમાં ડૂબ્યા હતા, જ્યારે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી જવા પામી હતી.

આ અંગે માંગરોળ મરીન પોલીસ સ્ટેશનમાં મરણ જનારના પુત્ર મયુરભાઈ લક્ષ્મણભાઈ નંદાણીયા એ પોલીસમાં નોંધ કરાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### ગાંધીધામ: બંદુક સાથે મુસ્તાક કટીયા ઝડપાયો



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

વરિષ્ઠ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ બી ડિવિઝન પીઆઈ એસ.વી ગોજીયાની સુચનાથી પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ખાનગી રાહે બાતમી મળી કે, મુસ્તાક જુસબ કટીયા રહે-ખારીરોહર ગેરકાયદેસર બંદુક હથિયાર ભેઠમાં રાખી સેકટર-૧૦ વિસ્તારમાં આવેલ ઈન્કમટેક્ષ ઓફિસ પાસે આવેલ રોડ ઉપર ઉભેલ છે આ ચોક્કસ બાતમીના આધારે પોલીસ ટીમે વોચ ગોઠવી બાતમી વાળા ઈસમને અટકાવી તેની તલાશી લેતા તેની પાસેથી દેશી હાથ બનાવટની બંદુક (અગ્નિશસ્ત્ર) તથા કાર્ટીઝ (રાઉન્ડ) નંગ-૨ મળી આવતા જે કબ્જે કરી આ પકડાયેલ ઈસમ મુસ્તાક જુસબ કટીયા વિરૂધ્ધ આર્મ્સ એક્ટની કલમો તથા હથીયાર બંધી જાહેરનામા ભંગની કલમો તળે ગુનો નોંધી આ દેશી હાથ બનાવટની બંદુક તથા કાર્ટીઝ જેની પાસેથી આરોપીએ ખરીદ કરેલ તે સહ આરોપી ઈશાક જામને પકડી પાડવા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢમાં નજીવી બાબતે રિક્ષા ચાલક પર બે શખ્સોનો છરી વડે હુમલો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢમાં એલ.સી.બી ઓફીસ સામે પેટ્રોલ પંપના પાર્કીંગમાં નજીવી બાબતે બે શખ્સોએ રિક્ષા ચાલકને પ્લાસ્ટીકના પાઈપ વડે માર મારી, છરીના ઘા ઝીંકી દઈ, જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની પોલીસ દફતરે નોંધાઈ હતી.

જૂનાગઢના રિક્ષા ચાલક નદીમભાઈ હબીબભાઈ હીંગોરા (ઉ.વ.૩૪) શહેરની એલ.સી.બી ઓફીસ સામે આવેલ પેટ્રોલ પંપમાં તેની ઓટો રીક્ષામાં ડીઝલ ભરાવવા ગયેલ અને તેની ઓટો રીક્ષા રીવેસમાં પાછળ લેતા તેની રીક્ષા પાછળ નવાઝ ઉર્ફે બમ્પ પઠાણ (રહે.કુંભારવાડા) તથા તેની સાથે સુલતાન કટારીયા એકટીવા લઈને ઉભેલ હોય અને રીક્ષા તેમની એકટીવાને ભટકાયેલ ન હોય આ છતા પણ નવાઝ ઉર્ફે બમ્પ પઠાણે દેખાતુ નથી તેમ કહી, પ્લાસ્ટીકના પાઈપ વડે બંને શખ્સો એ ફરિયાદીને માર મારી, તથા નવાઝ ઉર્ફે બમ્પે એકટીવા માંથી છરી કાઢી રિક્ષા ચાલકને એક ઘા પગમાં તથા એક ઘા માથાના ભાગે મારી ગંભીર ઈજા કરી, નવાઝ ઉર્ફે બમ્પે જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં રિક્ષા ચાલક નદીમભાઈ હબીબભાઈ હીંગોરા એ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી નવાઝ ઉર્ફે બમ્પ પઠાણ તથા સુલતાન કટારીયા સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટના કોઠારીયા પાસે અજાણ્યા વાહને બાઈકને ઠોકરે લેતા યુવાનનું મોત

### નોકરીએ જતા મૂળ બિહારના યુવાનને રસ્તામાં કાળ આંબી ગયો: પરિવારમાં અરેરાટી

**અબતક રાજકોટ**

રાજકોટ શહેરના ભાગોળે આજે વહેલી સવારે હિટ એન્ડ રન અકસ્માતમાં બિહારના શ્રમજીવી યુવાન નું ગંભીર ઈજાના કારણે ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું .આ અંગે પ્રાપ્ત વિગત મુજબ શહેરના કોઠારીયા ન્યુ સોમનાથ ઈન્ડસ્ટ્રીઝ પાસેના રસ્તે થી મોટરસાયકલ લઈને પસાર થઈ રહેલા મૂળ બિહારના અને હાલ કોઠારીયા સોલવટ રાધિકા સોસાયટી રહેતા અને રોલેક્સ રિંગ ઈન્ડસ્ટ્રીઝમાં નોકરી કરતા નીતીશકુમાર કપિલદેવ પાસવાન (૨૬) આજે સવારે છ વાગે ઘરેથી રોલેક્સ રીંગ કારખાનામાં મોટર સાયકલ લઈને કામે જતો હતો ત્યારે ન્યુ સોમનાથ ઈન્ડસ્ટ્રીઝ પાસે કોઈ અજાણ્યા વાહને મોટરસાયકલને ઠોકરે ચડાવતા નીતીશકુમાર ને ગંભીર ઈજા થઈ હતી

અને ઘટના સ્થળે તેનું મોત નિપજ્યું હતું સવારે નોકરીએ જતાં જ રસ્તામાં થયેલા અકસ્માત ની જાણ પરિવારને થતા પરિવારજનોએ હોસ્પિટલમાં કરુણ કલ્પંત મચાવી દીધો હતો મરનાર નીતીશકુમાર મૂળ બિહારના વત્ની હોય અને છેલ્લા ત્રણ વર્ષથી માતા-પિતા સહિત પરિવાર સાથે રાજકોટમાં રહે છે મરનાર એક બહેન અને ત્રણ ભાઈમાં વચ્ચેટ હોવાનું જાણવા મળ્યું છે આ અંગેની વધુ તપાસ આજીડેમ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે પોલીસે અકસ્માત સર્જી નાસી છુંટેલા અજાણ્યા વાહન ની શોધખોળ હાથ ધરી છે ,

# સુરેન્દ્રનગર રેલવે જંકશન પર ૩૮ બીયરના ટીન સાથે મુંબઈના વૃધ્ધ ઝડપાયા

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર રેલવે જંકશન પર થી પસાર થતી પેસેન્જર તેમજ સુપરફાસ્ટ ટ્રેનોમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી થતી હોવાની અવાર નવાર ફરિયાદો ઉઠવા પામી છે. જેને ધ્યાને લઈને રેલવે પોલીસ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

જેમાં સુરેન્દ્રનગર રેલવે જંકશનના પ્લેટફોર્મ નંબર ૦૧ પર હાપા - દુરન્તો એક્સપ્રેસ ટ્રેનમાં રેલવે પોલીસ દ્વારા ચેકીંગ હાથ ધર્યું હતું જેમા મુંબઈના મુસાફર દેવજીભાઈ વેરશીભાઈ નિસર, ઉ.વર્ષ ૬૦ વાળા પાસે રહેલ ટ્રોલી બેગમાંથી ફુલ ૩૮ નંગ બીયરના ટીન અને એક મોબાઈલ સહિત ફૂલ રૂ.૧૧૮૪૦ નો મુદામાલ કબજે કર્યો હતો અને ઝડપાયેલ શખ્સ વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગોંડલ નજીક ટ્રેક્ટરે મોટર સાયકલને ટક્કર મારતા આધેડનું મોત

### માંડલ કુંડલા થી શિવરાજગઢ ગામે શાકભાજી લઈને આવતી વેળાએ રસ્તામાં કાળ આંબી ગયો

**અબતક રાજકોટ**

ગોંડલ નજીકના માંડલ કુંડલા પાસે જ ગઈકાલે સાંજે મોટરસાયકલ અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માતમાં મૂળ ઉત્તર પ્રદેશ અને હાલ માંડલ કુંડલા ની સીમામા ખેતી કામ માટે રહેતા આધેડનું ગંભીર ઈજા ના કારણે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.આ અંગે પ્રાપ્ત વિગત મુજબ ગઈકાલે સાંજે ૭:૩૦ વાગ્યાના સુમારે માંડલ કુંડલા શિવરાજગઢ રોડ પર ટ્રેક્ટર એ મૂળ ઉત્તર પ્રદેશ અને હાલ માંડલાની સીમમાં ખેતી માટે રહેતા સાંગાભાઈ ૫૦ ની મોટરસાયકલને ઠોકરે ચલાવતા સાંગાભાઈ ને ગંભીર ખીજા થઈ હતી અને બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.અકસ્માતનો ભોગ બનનાર સાંગાભાઈ માંડલ કુંડલા ની સીમમાં જયંતીભાઈ ની વાડીએ સહ પરિવાર રહીને ખેતી કામ કરે છે ગઈકાલે સાંજે માંડલ કુંડલા થી શિવરાજગઢ શાકભાજી લેવા ગયા હતા અને પરત આવતી વખતે આ અકસ્માત સર્જાયો હતો મરનાર સાગાભાઈ સહ પરિવાર ખેતી કામ કરે છે અને સંતાનમાં એક પુત્ર હોવાનું અને તે સાથે રહેતો હોવાનું જાણવા મળ્યું આ ગોંડલ તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે

# ગાંધીધામ: તેરા તુજકો અર્પણ " અભિયાન અંતર્ગત ૫ મોબાઈલ ફોન શોધી કાઢી એ ડિવિઝન પોલીસે મુળ માલીકને પરત સોંપ્યા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

વરિષ્ઠ અધિકારીઓ દ્વારા તેરા તુજકો અર્પણ અભિયાન અંતર્ગત ચોરાયેલ/ગુમ થયેલ મુદ્દામાલ શોધી /રિકવર કરી મુળ માલીકને પરત સોંપવા સુચના આપેલ હોવાથી એ ડિવિઝન પીઆઈ એમ.ડી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ ગાંધીધામ એ ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુમ થયેલ કુલ





૧,૪૧,૦૦૦ ની કિંમતના કુલ પાંચ મોબાઈલ ફોન CEIR પોર્ટલની મદદથી શોધી કાઢી તેના મુળ માલીકનો સંપર્ક કરી પોલીસ સ્ટેશન ખાતે બોલાવી પરત સોંપવામાં આવેલ છે.

આ સફળ કામગીરી ગાંધીધામ એ ડીવીઝન પીઆઈ એમ.ડી.ચૌધરી તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ છે.

# રાજકોટના કારખાનેદાર સાથે મેનઓલ કવરનો ઓર્ડર આપી સાયબર ફ્રોડ

### કાઠમંડુથી કોલ કરનાર શખસે સરકારનું એપ્રુવલ લેવા માટે કયુઆર કોડ મોકલી રૂ.૫૩૦૦ ટ્રાન્સફર કરાવ્યા

**અબ તક, રાજકોટ**

શાપર વેરાવળના કારખાનેદાર સાથે રૂ.૫૩૦૦ ની છેતરપિંડી કર્યા અંગે શાપર વેરાવળ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવવામાં આવી છે. રાજકોટના કારખાનેદારને દરેક દેશમાં સપ્લાય માટે ૨૨ ગાડી મેવોલ કવરની જરૂરિયાત છે કહીં રૂ.૫૩૦૦ ટ્રાન્સફર કરાવી લઈ છેતરપિંડી કરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, રાજકોટના મવડી ચોકડી પાસે ક્રિષ્ના પાર્ક સોસાયટીમાં રહેતાં ગૌતમભાઈ મગનભાઈ રામાણી (ઉ.વ.૩૮) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે વિશાલ પટેલ નામ ધારણ કરેલ વ્યક્તી (રહે.કાઠમંડુ, નેપાળ) નું નામ આપી જણાવ્યું હતુંકે, તેઓ શાપર ખાતે રોયલ સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ નામનું કારખાનું ચલાવે છે. જેમાં ટાંકાના ઢાંકણા બનાવે છે. ગઈ તા. ૨૯ ના બપોરના બે વાગ્યાની આસપાસ તેઓ અને તેમનો ભાઈ ચિરાગ રામાણી કારખાને હતા ત્યારે અજાણ્યા નંબર પરથી ચિરાગ રામાણીને વોટ્સએપ કોલ આવ્યો હતો અને કહ્યું હતું કે, હું કાઠમાંડુ (નેપાળ) થી વિશાલ પટેલ બોલું છું, અમે દરેક દેશમાં એફ.આર.પી. મેવોલ કવરની સપ્લાય કરીએ છીએ, તમે એફ.આર.પી, મેવોલ કવર બનાવો છો, અમારે દર મહીને ૨૦ થી ૨૨ ગાડી સપ્લાયની જરૂરીયાત છે, અમે તમારી પાસેથી એફ.આર.પી, મૈવોલ કવર ખરીદ કરવા માંગીએ છીએ, તેમ વાત કરતા જેથી આટલી મોટી સપ્લાય કરવાથી ધંધાને વેગ મળે તેમ હોય માટે સપ્લાય કરવા સારૂ સંમતિ દર્શાવેલ હતી.તેણે કહેલ કે, આ સપ્લાય ચાલુ કરવા માટે નેપાળ બોર્ડરની ગવર્નમેંન્ટ એપ્રુવલ લેવા માટે અને સર્ટીફીકેટ કઢાવવા તમારે ગવર્નમેંન્ટ સાઈટ ઉપર ઓનલાઈન રૂ. ૫૩૦૦ પેમેન્ટ કરવું પડશે તેમ વાત કરતા ફરીયાદીએ હા પાડેલ અને વિશાલ પટેલે એક ક્યુ.આર.કોડ મોકલેલ જેમાં રૂપીયા ટ્રાન્સફર કરેલ ત્યારબાદ આ વિશાલ પટેલના નંબર પર અનેક વાર સંપર્ક કરેલ પરંતુ કોઈ સંપર્ક થઈ શકેલ નહી જેથી સાયબર ફ્રોડ થયેલનું લાગતા હેલ્પલાઈન નં. ૧૯૩૦ ઉપર અરજી કર્યા બાદ શાપર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

# ઉનામાં બસ સ્ટેન્ડમાંથી વિદેશી દારૂ સાથે બે શખ્સ ઝડપાયા

### શરાબની ૧૪૪ બોટલ અને બે મોબાઈલ મળી રૂ.૫૧ હજારનો મુદામાલ કબ્જે

**અબતક લીલાધર હરવાણી તાલાળા**

ઉના શહેરના બસ સ્ટેન્ડમાંથી વિદેશી દારૂની ૧૪૪ બોટલ અને બે મોબાઈલ મળી રૂ.૫૧ હજારના મુદ્દા માલ સાથે બે શખ્સોને ઉના પોલીસની ટીમે ઝડપી લીધા છે. જ્યારે તપાસ દરમિયાન અન્ય બે શખ્સો ના નામ ખુલતા તેમની શોધ ખોળ હાથ ધરી છે.



પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ ઉના પોલીસની ટીમ બસ સ્ટેન્ડ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બે શખ્સો થેલા સાથે શકમંદ હાલતમાં જણાતા , પોલીસે થેલાની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂનું ૧૪૪ બોટલ મળી આવી હતી.પોલીસે શરાબ અને બે મોબાઈલ મળી રૂ.૫૧ હજારના મુદ્દામાલ સાથે ઉનાના અશોક ઉર્ફે મંગુ બટુકભાઈ મૈયા અને નીતિન ભીખાભાઈ ડાભી નામના બુટલેગરોની ધરપકડ કરી હતી. પોલીસે બંને શખ્સોની પૂછપરછ કરતા તેની સાથે વેરાવળના જીતુ રાઠોડ ભોંય અને રાજેશ નામના શખ્સોની સંડોવણી હોવાની કબૂલાત આપતા બન્ને શખ્સોની શોધ ખોળ હાથ ધરી છે.આ દરોડાની કામગીરી ઉના પીઆઈ એન બી ચૌહાણ, એ.એસ.આઈ શાંતિલાલ સોલંકી અને ભાવસિંહ પરમાર સહિતના સ્ટાફે બજાવી હતી.

# બાબરાના કોટડાપીઠા પાસે હિટ એન્ડ રનમાં અજાણ્યા વાહનની અડફેટ પ્રૌઢનું મોત

**અબતક, અપ્પુ જોશી, બાબરા**

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના કોટડાપીઠા ગામ પાસે ભાવનગર-રાજકોટ હાઈવે પર ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી હતી. મિસ્ત્રીકામ કરીને ઘરે પરત ફરી રહેલા એક વૃદ્ધને અજાણ્યા વાહન ચાલકે અડફેટે લેતા તેમનું ગંભીર ઈજાઓના કારણે મોત નિપજ્યું હતું. વેલનાથ સોસાયટીમાં રહેતા

અલ્પેશભાઈ જયંતીભાઈ કટકીયા પગપાળા બસ સ્ટેશન (ઉ.વ.૨૬)એ અજાણ્યા વાહન ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.

મળતી માહિતી મુજબ કોટડાપીઠા ગામના રહેવાસી જયંતીભાઈ હરજીભાઈ કટકીયા (ઉં.વ. ૫૮) ગત તારીખ ૯/૧/૨૬ના રોજ રાત્રે આશરે ૭:૪૫ વાગ્યાના અરસામાં ગામમાં રહેતા હીરાભાઈ ગમારાના ઘરેથી મિસ્ત્રીકામ પતાવીને

તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન ભાવનગર-રાજકોટ હાઈવે પર સરકારી દવાખાના સામેથી પસાર થતા સમયે કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન બેફિકરાઈથી અને પૂરઝડપે ચલાવી જયંતિભાઈને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં તેમને જમણી આંખ પાસે અને ગરદનના પાછળના ભાગે ફેક્ચર તથા માથાના ભાગે

હતું. અકસ્માત સર્જીને અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. આ મામલે મૃતકના પુત્રએ બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી ફરાર વાહન ચાલકની શોધખોળ હાથ ધરી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જયદેવસિંહ ચંદુભા સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# ઉના: યુવતીના ફોટા ડિલીટ કરવાનું કહેતા પ્રૌઢ પર હુમલો

**અબતક,ઊના**

ઊના શહેર મા રહેતા અલફાઝ હાજી ભાઈ ચોરવાડા રાત્રિ ના ચાલીને ઘરે જતા હતા ત્યારે માણેક ચોક પાસે આવેલ દરગાહ પાસે પહોંચતા ઊના ના અસવદ હસનભાઈ ઘાંચી મોટર સાયકલ ઉપર આવી પહોંચેલ અને અલફાઝ એ અગાઉ આરોપી અસવદ એ એક વરસ પહેલા દાદા ની દીકરી ના ફોટા મોબાઈલ થી પાડી સોશ્યલ મીડિયા માં વાયરલ કરેલ તે ફોટા ડિલીટ કરવા કહેલ પરંતુ ના કરતા ત્રણ ચાર દિવસ પહેલા પણ ફોટા ડિલીટ કરવા કહેલ અને સમજાવતા આરોપી અસવદ ઉશ્કેરાઈ જઈ અલફાઝ ને ભૂંડી ગાળો આપી ઢીકાપાટું નો માર મારી તેમની પાસે રહેલ છરી વડે પીઠ ના ભાગે હુમલો કરી ઈજાઓ કરતા સારવાર માટે હોસ્પિટલ માં ખસેડયા હતા જ્યાં ઊના પોલીસ સ્ટેશન મા આરોપી અસવદ સામે ફરિયાદ નોંધાવી હતી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# જામનગર ક્રાઈમ ડાયરી

## લાલપુર બાયપાસ પાસે અકસ્માતમાં એક પછી એક ૬ વાહનો અથડાયા: બે વ્યક્તિ ઘવાયા



**અબતક, જામનગર**

જામનગર નજીક લાલપુર બાયપાસ પાસે સાંજના સમયે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. એક રીક્ષા છકડાની પાછળ આવી રહેલી સૌપ્રથમ એક કાર ટકરાઈ હતી. ત્યારબાદ છોટાહાથી વાહન અન્ય કાર, ટ્રક સહિત કુલ ૬ વાહનો એક પછી એક ટકરાઈ ગયા હતા. જોકે સદભાગ્ય આ અકસ્માતમાં માત્ર બે વ્યક્તિને સામાન્ય ઈજા થઈ હતી. પોલીસ તંત્ર દોડતું થયું છે.

જામનગર લાલપુર બાયપાસ રોડ પર ગુરુવારે સાંજે ૫.૩૦ વાગ્યાના અરસામાં એક રીક્ષા છકડા પાછળ અમદાવાદ પાસીંગની કાર આવીને ટકરાઈ ગઈ હતી, અને રીક્ષા છકડો રોડ ની સાઈડ પરથી ડિવાઈડર પર ચડી ગયો હતો, તેની સાથે સાથે કાર પણ ડિવાઈડર પર ચડી ગઈ હતી.

દરમિયાન પાછળથી આવી રહેલો એક મીની ટેમ્પો, ટ્રક, છોટા હાથી અને કાર સહિત કુલ સાત વાહનો એક પછી એક ટકરાઈ ગયા હતા, અને તમામ વાહનોમાં નુકસાની થઈ હતી.

આ અકસ્માતમાં અમદાવાદ પાસિંગની કારમાં બેઠેલી બે વ્યક્તિઓને સામાન્ય ઈજા થઈ હતી, જયારે બાકીના અન્ય વાહનોમાં કોઈને ઈજા થઈ હોવાના અહેવાલો મળ્યા નથી. આ બનાવની જાણ થવાથી જામનગરની ટ્રાફિક શાખાની ટુકડી ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને થોડો સમય માટે જામ થઈ ગયેલા ટ્રાફિકને મુક્ત કરાવ્યો હતો.

## ગવર્મેન્ટ પોલીટેકનિકના બીજા માળેથી નીચે પડેલા વિધાર્થી ગંભીર

### લાલપુર પંથકના યુવાનનો પગ લપસી જતા અકસ્માતે પડયો

**અબતક, જામનગર**

જામનગરમાં આવેલ ગવર્મેન્ટ પોલીટેકનિક હોસ્ટેલમાં ગત રાત્રે દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં એક વિધાર્થી અકસ્માતે બીજા માળેથી પડી જતા તેને ગંભીર ઈજા પહોંચી હતી. આથી તત્કાલિક સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડયા હતા. હાલ તેની સ્થિતી સુધારા તરફ હોવાનું જણાઈ રહ્યું છે.

જામનગરના બેડેશ્વર વિસ્તારમાં આવેલી ગવર્મેન્ટ પોલીટેકનિક કોલેજની હોસ્ટેલમાં રહીને કોમ્પ્યુટર એન્જિનિયરિંગ સેમ ૪ મા અભ્યાસ કરતા લાલપુર પંથકના રાહુલ વાઘેલા નામના વિધાર્થી ગત તા. ૧૨ ની રાત્રે પોતાના રૂમ નંબર ૨૦૪ પાસેથી પસાર થતો હતો. આ વેળાએ એકાએક પગ લપસી જતા તે અકસ્માતે બીજા માળેથી નીચે પટકાયો હતો. જેને ગંભીર ઈજા પહોચતા હોસ્ટેલના વિધાર્થીઓને જાણ થઈ હતી. આથી ૧૦૮ ને જાણ કરતા તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં ઈજાગ્રસ્ત વિધાર્થીને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

આ અકસ્માત વેળાએ ગવર્મેન્ટ પોલીટેકનિક કોલેજના ગેઈટ પર તાળા જોવા મળ્યા હતા. સાથે જ કોઈ સિક્યુરિટી સ્ટાફ સ્થળ પર હાજર ન હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. આથી અકસ્માત બાદ હોસ્ટેલમાં રહેતા અન્ય વિધાર્થીઓએ દોડીને હોસ્ટેલ બહાર થઈ મદદની માંગ કરી હતી. બાદમાં હોસ્ટેલ નજીક રહેતા યુવાનોએ દોડી જઈ ઈજાગ્રસ્ત વિધાર્થને સારવાર માટે ૧૦૮ ની વ્યવસ્થા કરી હોવાનું જણાઈ રહ્યું છે.

## ઈંગ્લિશ દારૂ સાથે નીકળેલા બે શખ્સો પકડાયા: સપ્લાયરનું નામ ખુલ્યું

**અબતક, જામનગર**

જામનગર શહેરમાં પોલીસે ગઈકાલે જુદા જુદા બે સ્થળે ઈંગ્લીશ દારુ સાથે બે આરોપીઓની ધરપકડ કરી લીધી છે, જ્યારે ઈંગ્લિશ દારૂ સપ્લાય કરનાર અન્ય એક શખ્સને ફરારી જાહેર કરાયો છે.

જામનગર શહેરમાં ઈંગ્લીશ દારૂ અંગેનો પ્રથમ દરોડો એસટી ડેપો રોડ પર પાડ્યો હતો. જ્યાંથી ઈંગ્લિશ દારૂ સાથે નીકળેલા કિશોર જેઠાભાઈ રામનાણીની અટકાયત કરી લઈ, તેની પાસેથી ઈંગ્લિશ દારૂ કબજે કર્યો છે. જેને દારૂ સપ્લાય કરનાર દિગ્વિજય પ્લોટ શેરી નંબર ૫૪ માં રહેતા ભાવિક ઉર્ફે છાબો ને ફરારી જાહેર કરી પોલીસ દ્વારા તેની શોધખોળ ચલાવવામાં આવી રહી છે.

જામનગરમાં જૂની કસ્ટમ ઓફિસ પાસેથી ઈંગ્લીશ દારૂ સાથે નીકળેલા ઇન્દ્રજીતસિંહ પ્રફુલસિંહ ચૌહાણને પોલીસે અટકાયતમાં લઈ લીધો છે. અને તેની પાસેથી બે નંગ ઈંગ્લિશ દારૂની બાટલી કબજે કરી છે.

## કડીયાવાડનો યુવાન લાપત્તા વૃદ્ધ માતા પોલીસ મથકે પહોંચી: શોધખોળ શરૂ

**અબતક, જામનગર**

જામનગરમાં કડીયાવાડ વિસ્તારમાં રહેતો અને મજૂરી કામ કરતો એક શ્રમિક યુવાન એકાએક લાપતા બની ગયો છે, તેથી તેની વૃદ્ધ માતા પોલીસની મદદ માટે પહોંચી છે, અને પોલીસ ગુમ થનાર શ્રમિકને શોધી રહી છે.

જામનગરમાં મોટી પીપળા શેરીમાં રહેતો સાગર રમેશભાઈ વસાણી નામનો ૪૫ વર્ષનો શ્રમિક યુવાન કે જે આજથી દસેક દિવસ પહેલાં પોતાના ઘેરથી કડિયા કામની મજૂરી કરવા જાઉં છું, તેમ કહીને નીકળ્યા બાદ પરત ફર્યો ન હતો, અને એકાએક લાપતા બની ગયો છે. આ બનાવ બાદ ગુમ થનારની વૃદ્ધ માતા ભાવનાબેન રમેશભાઈ વસાણી (૬૫ વર્ષ), કે જેઓએ જામનગરના સીટી બી. ડિવિઝન પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો, અને પોતાના ગુમ થયેલા પુત્ર ને શોધી આપવા રજૂઆત કરી છે. જેથી પોલીસ ટુકડી શ્રમિક યુવાનને શોધી રહી છે.

# બેંક ખાતાની કમિશન કીટ મેળવીને સાયબર ફ્રોડ આચરતા ચાર શખ્સની ધરપકડ

### પાંચ લાખની રોકડ: ૯ એટીએમ કાર્ડ: ૪ મોબાઈલ ફોન:૧૧ બેંકની પાસબુક- ચેકબુક સહિતનું સાહિત્યનો મુદામાલ કબ્જે



**અબતક, જામનગર**

જામનગર સહિતના શહેરોમાં છેલ્લા કેટલાક સમયથી સાયબર ફ્રોડના બનાવવાનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે ઉપરી અધિકારીની મળેલી સૂચનાના અનુસંધાને જામનગરની સાયબર ક્રાઈમની ટીમ દ્વારા જામનગરના જ ચાર આરોપીઓને આવા ગુનામાં ઝડપી લઈ બે દિવસના રિમાન્ડ પર લેવાયા છે. જેઓ પાસેથી રૂપિયા પાંચ લાખની રોકડ રકમ, ચાર નંગ મોબાઈલ ફોન, ૯ નંગ એટીએમ કાર્ડ તથા ચેકબુક પાસબુક સહિતનું સાહિત્ય કબ્જે કર્યું છે.

જામનગરની સાયબર ક્રાઈમ પોલીસે જામનગર પંથકના હરદેવસિંહ લખુભા કેર, જયોત પાર્કમાં રહેતા લલીત રમેશભાઈ સાંગાણી, ધરારનગર-૧ પાસે સતગુરૂ સોસાયટીમાં રહેતા મહંમદહનીફ સુલેમાન મોડા, ખંભાળિયા નાકા બહાર ન્યૂ સ્કૂલ પાછળના વિસ્તારમાં રહેતા હર્ષ અનિલભાઈ જોઈસર નામના ચાર વ્યક્તિ ને ઝડપી લીધા હતા. જે તમામને અદાલત સમક્ષ રજૂ કરી બે દિવસના રિમાન્ડ પર લેવાયા છે.

ઉપરોક્ત ચારેય શખ્સો જુદા જુદા બેંક ખાતાની કીટ કમીશન પર મેળવી સાયબર ફ્રોડ આચરતા મૂળ રાજસ્થાનના અને હાલમાં ફિલિપાઈન્સ દેશમાં રહેતા મૂળ રાજસ્થાનના રાજ ચંપાવત નામના શખ્સ કે જેણે કેટલાક વ્યક્તિઓ સાથે ફ્રોડ આચર્યાની વિગતો મળતાં તપાસ શરૂ કરવામાં આવી હતી. ઉપરોક્ત શખ્સને આવા પ્રકારની રકમ પહોચતી કરવામાં જામનગરના ચારેય શખ્સોએ સાથ આપ્યો હતો. પોલીસ દ્વારા તમામને વધુ પૂછપરછ ચલાવાઈ રહી છે.

આ કામગીરી જામનગરના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીઆઈ આઈ.એ. ધાસુરા તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# તાલાલાના ઘુસિયા ગામે મકાનમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

### શરાબની ૧૦૨ બોટલ સાથે શખ્સને ગીર સોમનાથ એલસીબીની ટીમે ઝડપી લીધા



**અબતક, લીલાધર હરવાણી, તાલાલા**

તાલાલા તાલુકાના ઘુસિયા ગામે આવેલા વાછરા દાદાના મંદિર ની પાસે મકાનમાંથી રૂ.૪૩.૬૦૦ની કિંમતની વિદેશી દારૂની ૧૦૨ બોટલ અને છ બિયરના ટીન સાથે એક શખ્સને ગીર સોમનાથ લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે ઝડપી લીધો છે.

પોલીસ સુત્રો પાસેથી માહિતી મુજબ, ગીર સોમનાથ લોકલ બ્રાન્ચ ની ટીમ તાલાળા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, તાલાળા ના ઘુસિયા ગામે આવેલા વાસરાદાદાના મંદિરની બાજુમાં રહેતો રાહુલ ઉર્ફે દાઉદ હમીરભાઈ રામ નામના શખ્સે તેના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો છે. એલસીબી ની ટીમે મકાનમાં દરોડો પાડી રૂ.૪૩.૬૦૦ની કિંમતની વિદેશી દારૂની ૧૦૨ બોટલ અને છ બિયર ના ટીમ સાથે રાહુલ ઉર્ફે દાઉદ હમીરભાઈ રામ નામના શખ્સને ઝડપી લઈ, દારૂ અંગે પૂછપરછ કરતા તેની સાથે ઉના તાલુકાના મોટા ડેસર ગામનો વિજય મેરૂભાઈ સિંગર નામનો શખ્સ સંડોવાયો હોવાની કબૂલાત આપતા પોલીસે તેના વિરુદ્ધ ગુનો નોંધી શોધ ખોળ હાથ ધરી છે.

આ દરોડા ની કામગીરી એલસીબી પીઆઈ એસ વી રાજપૂત, પીએસઆઈ એ સી સિંધવ, એચ એલ જે બલિયા અને એ.એસ.આઈ સોનિંગ સિંહ સિસોદિયા સહિતના સ્ટાફે બજાવી છે.

# બાબરા: બાવાગોર દરગાહ ટ્રસ્ટની જમીન પર ‘દબાણ હટાવ ઝુંબેશ’સામે રોષ

### ધંધાર્થીઓની રોજીરોટી ન છીનવવા તેમજ ટ્રસ્ટની જમીન સાથે છેડછાડ ન કરવા અરજદાર ખાલિદ સૈયદ, તોફીક વાળા સહિતનાઓની રજુઆત

**અબતક, અપ્પુ જોશી, બાબરા**

બાબરા ગામે બુધવારી પુલ પાસે આવેલી બાવાગોરની દરગાહની ધાર્મિક ટ્રસ્ટની જમીન પર વર્ષોથી શાંતિપૂર્વક નાના ધંધા-રોજગાર કરીને પોતાનું અને પરિવારનું ગુજરાન ચલાવતા ગરીબ ધંધાર્થીઓ પર બાબરા નગરપાલિકા દ્વારા સત્તાનો દુરુપયોગ કરીને સતત દમન અને ડેરાનગતિ કરવામાં આવી રહી હોવાના આક્ષેપ થયા છે. બાવાગોરની દરગાહની કુલ જમીન ૧૮૬૬ ચો.વારની છે, જે સન ૧૯૫૦ના મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ કૈઠળ અનુસૂચી-વમાં રજિસ્ટર્ડ છે છતાં જાણબૂઝીને અવગણીને ગેરકાયદેસર રીતે સરકારી જમીન ગણાવી દબાણ દૂર કરવાની કાર્યવાહી ચલાવવામાં આવી રહી હોવાના આક્ષેપ થયા છે.

અરજદારો દ્વારા અગાઉ તમામ આધાર-પુરાવાઓ તથા કાનૂની નોટિસ નગરપાલિકા કચેરીમાં રજૂ કરવામાં આવી હોવા છતાં અધિકારીઓ દ્વારા નાની માણસોને નિશાન બનાવી ખોટી કાર્યવાડીના આક્ષેપ થઈ અરજદારો ખાલિદભાઈ સૈયદ, તોફીક વાળા, ભરતભાઈ રાઠોડ, આસિફ વાળા ચિરાગભાઈ ભરતભાઈ રાઠોડ, મહેબૂબ ગફારભાઈ, એજાજ રફીકભાઈ ડેરૈયા દ્વારા કરવામાં આવ્યા છે.

અરજદારો દ્વારા ઉગ્ર માંગ કરવામાં આવે છે કે બાવાગોરની દરગાડની ધાર્મિક મિલ્કતમાં થતી તમામ કાર્યવાડી તાત્કાલિક બંધ કરવામાં આવે અને ગરીબ ધંધાર્થીઓના રોજગારને સંપૂર્ણ સુરક્ષા આપવામાં આવે તે જરૂરી છે. આ અંગે ખાલિદભાઈ સૈયદ સહિતના આગેવાનો દ્વારા વિવિધ કચેરીઓમાં રજુઆત કરવામાં આવી છે.

# ભુજના કેરામાં એનઆરઆઈને ડિજિટલ અરેસ્ટ કરી રૂા.૧.૧૧ કરોડ પડાવી લેવાયા

**અબતક, નવીનગીરી ગૌસ્વામી, ભુજ**

મૂળ કેરા હાલે લંડન રહેતા અને શિયાળાની સિઝનમાં વતન આવતા ૭૧ વર્ષીય વડીલ મનજી રામજી પટેલને ડિજિટલ ઠગબાજોએ કોલાબા પોલીસ બની તમારી સામે મની લોન્ડરિંગનો કેસ થયાનો જાસો આપી નવ દિવસ ડિજિટલ અરેસ્ટ કરી બેન્ક ખાતાંની વિગતો મેળવીને કુલે રૂા. ૧,૧૧,૦૦,૦૦૦ ઓનલાઈન પડાવી લેવાયાનો બનાવ સામેઆવ્યો છે.

એડવર્ડ રોડ, હેરો લંડન રહેતા મૂળ કેરાના વડીલ મનજીભાઈએ બોર્ડર રેન્જ-ભુજ સાયબર પોલીસમાં આજે તે દર વર્ષે શિયાળાની ઋતુમાં નોંધાવેલી ફરિયાદ વિગતો મુજબ ડિસેમ્બરમાં વતન આવે છે.

કેરામાં પોતાના ઘરે હતા ત્યારે ૨૯ ડિસેમ્બરના એક અજાણ્યા નંબર પરથી સ્ત્રી બોલતી હતી અને જણાવ્યું કે, તમારાં નામનું સિમકાર્ડ ગેરકાયદે પ્રવૃત્તિમાં સંકળાયેલું છે. થોડી વારમાં સિમ બંધ થઈ જશે. વધારે માહિતી જાણવી હોય તો આ કોલ કોલાબા પોલીસ મથકમાં કોરવર્ડ કરું છું, જેથી કોલ કનેક્ટ થયો અને ત્યારબાદ સામેથી હિન્દી ભાષામાં તે કોલાબા પોલીસ મુંબઈથી બોલતા હોવાનું જણાવી કે, તમારાં નામનું સિમકાર્ડ મળ્યું છે, જે ખોટા કેસામાં સંડોવાયેલ ફરિયાદીએ કહ્યું કે, હું ગુજરાત હોવાની માહિતી મળી છે. આથી તુરંત કોલાબા પોલીસમાં આવો.

થોડી વાર બાદ ફરિયાદીને વોટ્સએપ પર કોલ આવ્યો અને કોલાબા પોલીસ સ્ટેશનથી વાત કરતા હોવાનું કહી બાદ ગ્રુપ વીડિયોકોલમાં ગણવેશમાં વિવિધ પોલીસ અધિકારીઓ બોલતા હોવાનું જણાવ્યું હતું. તમારાં નામનું પોલીસ એટીએમ કાર્ડ આ કેસના મુખ્ય આરોપી નરેશ ગોયલનાં ઘરેથી મળ્યું છે. તમારાં નામનાં સિમકાર્ડથી નરેશ ગોયલ સાથે વાતચીત થઈ હોવાનું મળ્યું છે. આથી તમારા ઉપર મની લોન્ડરિંગનો કેસ થયો છે. ફોન કટ કરશો તો તમારું સિમકાર્ડ બંધ થઈ જશે. તપાસ અર્થે તમારા પાસે જે સંપત્તિ છે, જેની વિગતો આપવી પડશે. આ બાબતે મનજીભાઈએ તેના ભાણેજને વાત કરતાં તેણે કહ્યું કે, તમારી સાથે ફ્રોડ થયો છે અને ડિજિટલ અરેસ્ટથી છોડાવ્યા હતા. આ બાદ સાયબર હેલ્પલાઈન પર ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી. પીઆઈ એલ.પી. બોડાણાએ વિવિધ કલમો તળે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## (પહેલા પાનાનું ચાલું)

### બજેટ ૨૦૨૬

આ આંકડા દર્શાવે છે કે ભારત ૨૦૩૦ સુધીમાં ૫૦૦ GW રિન્યુએબલ એનર્જીના મહત્વાકાંક્ષી લક્ષ્યાંક તરફ મજબૂતીથી આગળ વધી રહ્યું છે. બજેટ ૨૦૨૬ એ માત્ર નાણાકીય દસ્તાવેજ નહીં, પરંતુ ભારતને વૈશ્વિક ઊર્જા હબ બનાવવા માટેની એક બ્લુપ્રિન્ટ સાબિત થશે, જેમાં પરંપરાગત અને આધુનિક ઊર્જા સ્ત્રોતોનું સચોટ મિશ્રણ જોવા મળશે.

### ચીપ...

આનાથી માંગ પર અસર પડશે. રિટેલરો કહે છે કે ગ્રાહકો હવે ખરીદી કરતા પહેલાં વિચારી રહ્યા છે. ઓલ ઈન્ડિયા મોબાઈલ રિટેલર્સ એસોસિયેશન (એઆઈએમઆરએ) મુજબ, નવેમ્બર-ડિસેમ્બરમાં સ્માર્ટફોનના ભાવમાં ૩-૨૧% વધારો થયો હતો. આગામી મહિનાઓમાં કુલ ૩૦% વધારો થઈ શકે છે. આનાથી ૨૦૨૬માં સ્માર્ટફોન વેચાણમાં ૧૦-૧૨% ઘટાડો થઈ શકે છે. સૌથી વધુ અસર રૂ.૨૦,૦૦૦થી ઓછા ભાવના ફોન પર પડશે, જે સૌથી વધુ વેચાય છે.

### કાર્બન ટેક્સની મડાગાંઠ...

વર્ચ્યુઅલી બાકી મુદ્દાઓ પર ચર્ચા કરી રહ્યા છે.

“તે ખૂબ જ નજીક છે, પરંતુ અમે સમયમર્યાદા મૂકી શકતા નથી કારણ કે તે ત્યારે થશે...

જ્યારે બંને પક્ષ તૈયાર હશે અને તેઓને લાગે કે આ જાહેર કરવાનો યોગ્ય સમય છે,“ તેમણે કહ્યું.

ભારત અને અમેરિકા ગયા માર્ચથી વાતચીતમાં જોડાયા છે, જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેર કર્યું હતું કે દ્વિપક્ષીય વેપાર સમજૂતી ગયા પાનખર (સપ્ટેમ્બર-ઓક્ટોબર) સુધીમાં પૂરી થશે. તાજેતરમાં, અમેરિકી વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિકે કહ્યું કે સમજૂતી પૂરી થઈ શકી નથી કારણ કે વડા પ્રધાને ટ્રમ્પને કોલ કર્યો નહોતો, જેમ કે અન્ય દેશોના નેતાઓએ કર્યો - આ દાવાને સરકારે “સાચો નથી“ કહીને નકારી કાઢ્યો હતો.

અમેરિકા સાથેના દ્વિપક્ષીય વેપાર સમજૂતીની શક્યતા ન થાય તે વિશે પૂછતા, અગ્રવાલે કહ્યું: “અમે તમામ વાતચીતમાં ખૂબ જ સકારાત્મક અને આશાવાદી માનસિકતા સાથે જઈએ છીએ... અમે અમેરિકા સાથે જોડાયા છીએ. બંને પક્ષ જોડાયા છે. તેથી, બંને પક્ષને લાગે છે કે આ કરી શકાય છે.“

### હિન્દી ચીની ભાઈ-ભાઈ...

ચીનથી આયાતમાં ૨૦% વધારો થઈને ૧૧.૭ બીલીયન ડોલર પર પહોંચી છે. ચાલુ વર્ષના એપ્રિલથી ડિસેમ્બર સુધીના નવ મહિનામાં ભારતના ચીનમાં નિકાસ ૩૬.૭% વધીને ૧૪.૨૪ બીલીયન ડોલર થયા છે, જ્યારે આયાત ૧૩.૪૬% વધીને ૯૫.૯૫ બીલીયન ડોલર થઈ છે. આનાથી વેપારની ખાધ ૮૧.૭૧ બીલીયન ડોલર પર પહોંચી છે. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે આને ઉત્સાહજનક વૃદ્ધિ ગણાવી છે અને કહ્યું છે કે “આ સ્વાગતયોગ્ય વિકાસ છે.“ ચીન અમેરિકા પછી ભારતનું બીજું સૌથી મોટું વેપારી ભાગીદાર છે, અને બંને દેશો વચ્ચે વેપાર વધી રહ્યો છે, પરંતુ વેપારની અસમતુલા હજુ પણ છે.

### ટ્રમ્પ...

તેમને લાગે છે કે મચાડો પાસે કદાચ એટલું પૂરતું સમર્થન નથી. ટ્રમ્પે કહ્યું કે રશિયાના રાષ્ટ્રપતિ પુતિન શાંતિ સમજૂતી માટે તૈયાર છે, પરંતુ યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી આમાં અવરોધ બની રહ્યા છે. તેમણે યુદ્ધ ન અટકવા માટે ઝેલેન્સ્કીને જવાબદાર ઠેરવ્યા છે, જે યુરોપિયન દેશોના વિચાર કરતા બિલકુલ અલગ વાત છે. એક તરફ ટ્રમ્પ વેનેઝુએલાના વિપક્ષી નેતાને મળ્યા છે, તો બીજી તરફ તેઓ ત્યાંની વર્તમાન સરકાર સાથે પણ તાલમેલ બેસાડી રહ્યા છે. સાથે જ યુક્રેન મુદ્દે તેમનો ઝુકાવ રશિયા તરફી વાતોમાં જોવા મળી રહ્યો છે.

### ઈરાન...

+૯૮૯૧૨૮૧૦૯૧૦૨; +૯૮૯૯૩૨૧૭૯૩૫૯. અને ઈમેઈલ: cons.tehran mea.gov.in પર સંપર્ક કરવા અને ઓનલાઈન ફોર્મ ભરવા માટે પણ જણાવવામાં આવ્યું છે, જેથી સરકાર તેમની વિગતો મેળવીને મદદ પહોંચાડી શકે.

## (છેલ્લા પાનાનું ચાલુ)

### જીવલેણ વાયરસ...

લેબમાં સુરક્ષાના અનેક સ્તરો હોય છે. આ લેબમાં વીજળી, પાણી અને હવાના નિકાલ માટે બેકઅપ સિસ્ટમ હોય છે જેથી કોઈ પણ સંજોગોમાં વાયરસ બહાર ન જઈ શકે.

આ લેબમાંથી હવા બહાર નીકળતા પહેલા અનેક ફિલ્ટર્સમાંથી પસાર થાય છે, જેથી વાયરસ પર્યાવરણમાં ન ફેલાય.

અહીં કામ કરતા વૈજ્ઞાનિકો ખાસ પ્રકારના ’સ્પેસ સૂટ’ જેવા પોશાક પહેરે છે, જેમાં ઓક્સિજનનો સપ્લાય અલગથી હોય છે.

લેબમાં પ્રવેશતા અને બહાર નીકળતી વખતે વૈજ્ઞાનિકોએ ખાસ કેમિકલ શાવરમાંથી પસાર થવું પડે છે.

અ લેબમાંથી નીકળતો કોઈપણ કચરો (પ્રવાહી કે ઘન) સીધો ગટરમાં જઈ શકતો નથી. લેબના સિંક કે શાવરમાંથી નીકળતું પાણી મોટા ટેન્કમાં જાય છે જ્યાં તેને ઊંચા તાપમાને ઉકાળીને નિર્જંતુક કરવામાં આવે છે. તો ઘન કચરાને ડબલ-ડોર ઓટોકલેવ મશીનમાં અત્યંત ઊંચા દબાણ અને વરાળ દ્વારા સાફ કરવામાં આવે છે.

લેબ દ્વારા આઈસોલેશન, સિકવન્સીગ, ટેસ્ટીગ અને વેક્સિનના સ્તરે સંશોધનો કરવામાં આવશે. આ લેબ કાર્યરત થતાં ઝડપી નિદાન શક્ય બનશે. અજાણ્યા વાયરસના હુમલા સમયે નમૂનાઓને પુણે મોકલવાને બદલે ગુજરાતમાં જ ઝડપથી તપાસી શકાશે. નવા વાયરસ સામેની રસી અને એન્ટી-વાયરલ દવાઓ બનાવવા માટે આ લેબ પાયાની જરૂરિયાત તરીકે કાર્ય કરશે. આ સાથે પશુઓમાંથી માણસોમાં ફેલાતા રોગો પર દેખરેખ રાખી શકાશે.

ગુજરાતમાં બીએસએલ-૪ લેબની સુવિધા મળવાથી રાજ્ય માત્ર ભારત જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે બાયો-મેડિકલ રિસર્ચનું હબ બનશે. આ લેબ ભવિષ્યના સંભવિત રોગચાળા સામે લડવા માટે આપણું સૌથી મોટું શસ્ત્ર સાબિત થશે. આ લેબ માત્ર વાયરસ જ નહીં, પણ ’બાયો-ટેરરિઝમ’ (જૈવિક હુમલા) જેવી ગંભીર પરિસ્થિતિઓનો સામનો કરવા માટે ભારતની બાયોસિક્યુરિટીમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપશે.

### કોંગ્રેસ ખાસ ટ્રેનિંગ...

મિટિંગનું આયોજન તથા યુવાનોની સમસ્યાને લઈને ગુજરાત સરકારને ઘેરવામાં આવશે તેવા વિવિધ મુદ્દાઓને લઈને ભારતીય યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય સચિવ અને ગુજરાત રાજ્યના પ્રભારી નિખિલ દ્રિવેદી અને ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રમુખ પ્રવીણસિંહ વણોલે માહિતી આપી હતી.

આ પ્રસંગે ભારતીય યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય સચિવ નિખિલ દ્રિવેદીએ ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ આગામી સમયની રણનીતિ લઈને માહિતી આપી હતી કે, ગુજરાતમાં અનેક લોકો સમસ્યામાં છે અને ખાસ કરીને યુવાનો પાસે નોકરી નથી તો આવનાર સમયમાં ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ બેરોજગારી જેવી યુવાનોની સમસ્યાને લઈને લડત લડશે. ગુજરાત યુવા કોંગ્રેસ પોતાનો ત્રણ મહિનાનો રોડ મેપ પણ તૈયાર કર્યો છે. સમગ્ર ગુજરાતની અંદર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી આવી રહી છે તો યુવા કોંગ્રેસમાંથી જે હોદેદારો લડવા માંગે છે તેના નામ મંગાવીને સ્પેશિયલ ટ્રેનિંગ પણ આપવામાં આવશે. ૨૦ ટકા યુવાનોને સ્થાનિક સ્વરાજ્ય ચુંટણીમાં ટિકિટ મળે તે માટે નક્કી કરવામાં આવ્યું છે તેને ડેટા પણ એકત્રિત કરવામાં આવશે તેવું પણ જણાવ્યું હતું.

વધુમાં તેઓ કહ્યું હતું કે ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસની નવી કારોબારીની રચના થઈ ગઈ છે અને હવે આજથી ૩ ફેબ્રુઆરી સુધી તમામ જિલ્લાની કારોબારી મિટિંગ યોજવામાં આવશે.


ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રમુખ પ્રવિણસિંહ વણોલે જણાવ્યું હતું કે ગુજરાતની અંદર ખૂબ જ મોટા પ્રમાણમાં બેરોજગારીનું સ્તર છે. યુવાનો પાસે ડિગ્રી છે પણ નોકરી નથી, આજે મોંઘવારીનું પ્રમાણ ખૂબ જ છે. ગુજરાતમાં અસંખ્ય યુવા ફિક્સ વેતનમાં કામ કરી રહ્યા છે, કોન્ટ્રાક્ટ કર્મચારી સમાન હકો પણ મળતા નથી. તેઓના પગાર ધોરણ ખૂબ જ નીચા છે તેના લીધે ઘર ચલાવવા ખૂબ જ મુશ્કેલી પડે છે, આવી વિવિધ સમસ્યાઓને લઈને સરકારને ઘેરવામાં આવશે.

વધુમાં તેઓ જણાવ્યું હતું કે આગામી સમય સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓ આવે છે તમામ તૈયારી યૂથ કોંગ્રેસ કરી રહ્યું છે. સ્થાનિક સ્વરાજ્ય ચુંટણી લડવા માંગતા યુવાનોને ટ્રેનિંગ પણ આપવામાં આવેશ. યુવા કોંગ્રેસના ઝોન સ્તરે પ્રભારીઓની નિમણૂક પણ કરવામાં આવી છે જેમાં ૧૬ જાન્યુઆરી થી લઈને ૩ ફેબ્રુઆરી સુધી સૌરાષ્ટ્ર ઝોનની મિટિંગ યોજવામાં આવશે. ૧૬ જાન્યુઆરીથી લઈને ૨૭ જાન્યુઆરી સુધી ઉત્તર ઝોનની મિટિંગ યોજવામાં આવશે. ૧૬ જાન્યુઆરી થી લઈને ૩૦ જાન્યુઆરી સુધી મધ્ય ઝોન અને ૧૬ જાન્યુઆરી લઈને ૩૦ જાન્યુઆરી સુધી સાઉથ ઝોન તથા ૨૮ જાન્યુઆરીથી લઈને ૩૧ જાન્યુઆરી સુધી કચ્છ ઝોનની મિટિંગ યોજવામાં આવશે.

આ પ્રસંગે ભારતીય યુવા કોંગ્રેસ સહ સચિવ અને ગુજરાત યુવા કોંગ્રેસના સહ પ્રભારી અંજના બૈરવા અને ચંદ્રકલા નાગોરી, ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ સંજય નિનામા, ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના મીડિયા વિભાગના ચેરમેન મુકેશ આંજણા અને ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ સેનેટ સભ્ય પ્રવીણ નકુમ ઉપસ્થિત રહ્યા હતા.

## દુઃખદ અવસાન

### સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ:** સ્વ. કોકિલાબેન વિનોદભાઈ સાતા (ઉ.વ.૬૮) તે વિનોદભાઈ પ્રાગજીભાઈ સાતાના પત્ની, રાજકોટ નિવાસી સ્વ. મનસુખલાલ જસરાજભાઈ દક્ષીણીના પુત્રી, અમીત, વૈશાલીના માતા, અંકુરના સાસુ, સુરલના દાદીનું તા. ૧૫ ને ગુરુવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૭-૧ ને શનિવારે સાંજે ૪.૩૦ થી ૬ દરમિયાન રાષ્ટ્રીય શાળા, રાજકોટ ખાતે રાખેલ છે. પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.



**રાજકોટ:** જેતપર (મચ્છુ)નિવાસી હાલ રાજકોટ બ્રહ્મક્ષત્રિય ચત્રભૂજ પરસોતમ વીંછી ના પુત્ર હરેશભાઈ (ઉ.વ. ૬૪) (શ્રી જનસેવા ટ્રસ્ટ ટ્રસ્ટી તથા બાપા સીતારામ ગૌ સેવા મંડળ તથા જીવદયા ગ્રુપનાં સભ્ય, બ્રહ્મક્ષત્રિય અગ્રણી) તે સ્વ.મનુભાઈ જગદીશભાઈ ભરતભાઈ સ્વ.કિશોરભાઈ ના ભાઈ, સોનલ, દષ્ટિ ના પિતા, જયેશભાઈ કમલભાઈ ચેતનભાઈ, ધ્રુવના કાકાનું તા.૧૫/૧ને ગુરુવાર ના રોજ અવસાન પામેલ છે સદગત ની પ્રાર્થનાસભા તા.૧૬/ ૧ શુક્રવારે સાંજે ૫ થી ૬ દરમિયાન પેડક રોડ બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિ ની વાડી રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** ચંદ્રેશભાઈ ગોપાલદાસ સોનેજી (અજંતા પ્રિન્ટર્સવાળા) તે ચેતનભાઈના વડીલબંધુ, પ્રીતિ શૈલેશકુમાર દોશીના પિતા તથા કોમલબેનના પતિનું તા.૧૪/૦૧/૨૦૨૬ના રોજ અવસાન થયેલ છે.

# ઉપલેટામાં બે હજાર બાળકોના ચહેરા પર સ્મીત રેલાવતું સેવાભાવી વ્યાસ દંપતી





તસ્વીરઃ શહેઝાદ બાદશાહ



## ખજુર,બિસ્કીટ, રેવડી, ચીકી, પતંગ, બ્યુગલ સહિત ૩૫ વસ્તુની કીટ સ્લમ વિસ્તારમાં વિતરણ

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા પંથકમાં સેવાભાવી તરીકે પંકાયેલા નિસંતાન વ્યાસ દંપતી દ્વારા મકરસંક્રાંતી પાવન તહેવાર ઉપર સ્લમ વિસ્તારના બે હજાર બાળકોના મોઢા ઉપર સ્મીત લાવવા ૩૫ ખાધ્ય વસ્તુની કીટ બનાવી વિતરણ કરાયું હતુ.

ઉપલેટા પંથકમાં વિવિધ સામાજીક સેવાકીય પ્રવૃત્તિમાં સિમાડા વટાવી ચૂકેલ નિસંતાન વ્યાસ દંપતી એટલે સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ જીજ્ઞેશભાઈ વ્યાસ અને નગરપાલીકાના ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ પરિવાર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષ પણ મકર સંક્રાંતના પાવન પર્વ પર ખજુર, ધાણી, બિસ્કીટ રેવડી, ચીકી, બોર, નારંગી પતંગ, બ્યુગલ સહિત નાની મોટી ખાધ્ય પદાર્થની ૩૫ કરતા વધુ વસ્તુની ૨ હજાર જેટલી કિટો બનાવી શહેર તેમજ ગ્રામ્ય પંથકના ઈશરા, ખાખીજાળીયા, પાસે તેમજ જડેશ્વર, ભવાનીનગર, પોપટીયાપરા, જીનમીલ ચોક, બાયપાસ રોડ, વાડલા રોડ, દાડફોડી રોડ સહિત નાના મોટા ૧૨ જેટલા સ્લમ વિસ્તારના બાળકોને લ્હાણી સ્વરૂપે કીટ આપતા સ્લમ વિસ્તારના બાળકો પર સ્મીત જોવા મળ્યા હતા વ્યાસ દંપતીના આ સેવાકીય કાર્યમાં નગરપાલીકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા, સ્કુલ બોર્ડના ચેરમેન નિકુલભાઈ ચંદ્રવાડીયા, બાંધકામ સમિતિના ચેરમેન મનોજભાઈ નંદાણીયા, પત્રકાર સંઘના ઉપપ્રમુખ જગદીશભાઈ રાઠોડ, મંત્રી ભરતભાઈ રાણપરીયા, લોહાણા સમાજ શ્રેષ્ઠી જગદીશભાઈ ગણાત્રા, માનવ સેવા સમિતિના ભગવાનદાસ બાપુ નિરંજન, મનોજ કાલરીયા, સમસ્ત બ્રહ્મ સમાજના અગ્રણીઓ યોગેશભાઈ પંડયા, રાજુભાઈ મહેતા, મનીષભાઈ ત્રિવેદી, નિલેષભાઈ પંડયા, રાજુભાઈ ઉપાધ્યાય, રવિભાઈ પંડયા બીપીનભાઈ પંડયા, જતિનભાઈ ભટ્ટ, સંજયભાઈ ભટ્ટ, સી.ટી. પંડયા, જલ્પેશભાઈ પંડયા, હર્ષલભાઈ પંડયા, મહિલા મંડળના નમ્રતાબેન ભટ્ટ, નિમિષાબેન જોષી, જીજ્ઞાબેન જોષી, રાધીકાબેન જોષી, આશાબેન પંડયા, હિનાબેન જોષી, ધારાબેન પંડયા, જયોતિબેન પંડયા સહિતનાઓ આ સેવા યજ્ઞના કાર્યમાં જોડાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે જીજ્ઞાબેન અને જીજ્ઞેશભાઈ વ્યાસ દંપતી દ્વારા ઉનાળામાં છાશ, કેરીનો રસ વટેમાગુને ચપ્પલ શિયાળામાં ગરમ કપડા, ઢાબળા, સાતમ આઠમ તહેવારે મીઠાઈ, ફરસાણ, નવરાત્રી તહેવારે તાલુકાની તમામ બાળાઓને ભોજન ભેટ તેમજ પશુરામ ભગવાનની રથ યાત્રામાં જોડાનાર ભકતોને પ્રસાદ ભોજન સહિતની સેવાઓ કરાવવામા આવે છે.

# ધ્રાંગધ્રાઃ પતંગોના પેચ વચ્ચે અરાઈઝ ગ્રુપે ૧૧ પક્ષીઓની જીવાદોરી બચાવી



## મકર સંક્રાતિના છેલ્લા બે દિવસમાં અલગ-અલગ વિસ્તારોમાં પક્ષીઓનું રેસ્કયૂ કરી અપાઈ સારવાર

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા શહેરમાં છેલ્લા ઘણા સમયથી અલગ-અલગ ગ્રુપ દ્વારા પક્ષી બચાવો અભિયાન કાર્ય હાથ ધરવામાં આવ્યો છે ત્યારે મકરસંક્રાંતિના તહેવાર નિમિત્તે આકાશમાં ઉડતી પતંગના દોરા ને કારણે પક્ષીઓ ધાયલ થયને મોતને ભેટે છે ત્યારે ધાંગધ્રા માં અરાઈસ ગ્રુપ દ્વારા ધાયલ થયેલા અલગ અલગ વિસ્તારોમાંથી પક્ષીઓ નું રેસ્કયુ કરી સારવાર આપી જીવનદાન આપવામાં આવ્યું હતું ત્યારે મકરસંક્રાંતિ ના છેલ્લા બે દિવસમાં ૧૧ પક્ષીઓ ના મૃત પામ્યા હતા ત્યારે એની સ્મશાન યાત્રા અરાઈસ ગ્રુપ દ્વારા ધ્રાંગધ્રા શહેર ના કંસારા બજાર માંથી નીકળી ને ધ્રાંગધ્રા ના મુખ્ય રાજમાર્ગો ગ્રીન ચોક,શક્તિ ચોક,ઝાલા રોડ,પર ફરીને ત્યાર બાદ તળાવ કિનારે વિધી મુજબ તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

# સિહોરઃ પોલીસ સ્ટેશન અને એલ.ડી. મુનિ. હાઈસ્કુલના સંયુકત ઉપક્રમે ટ્રાફિક એવરનેસ સેમિનાર યોજાયો

**અબતક, આનંદ રાણા, સિહોર**



સિહોર એલ ડી મુનિ હાઈસ્કૂલ ખાતે યુવા યુગ પરિવર્તન સંગઠન,સિહોર પોલીસ સ્ટેશન તથા એલ.ડી.મુનિ હાઈસ્કૂલ ના સંયુક્ત ઉપક્રમે સાયબર - ટ્રાફિક સેમિનાર જિલ્લા પોલીસ વડા નીતેશ પાંડેય ની અધ્યક્ષતામાં યોજાયો હતો જેમાં સ્કૂલના વિધાર્થીઓને સાયબર અંગે માર્ગદર્શન સાયબર એક્સપર્ટ દ્વારા આપવામાં આવ્યું હતું આ કાર્યક્રમ માં સાયબર દ્વારા વિવિધ પ્રકારના ફ્રોડ અંગે જાણકારી આપવામાં આવી હતી તેમજ નાયબ પોલીસ અધિક્ષક મિહિર બારિયા દ્વારા અધિક્ષક મિહિર બારિયા,સિહોર પોલીસ ઈન્સ્પેક્ટર બી.ડી.જાડેજા, ટ્રાફિક પીએસઆઈ એસજે.દવે મેડમ, ટ્રાફિક ઈન્સ્ટ્રકટર બી.ડી.ગોહિલ, સાયબર સેલ એક્સપર્ટ સાયબર ફ્રોડ,ઓનલાઈન ગેમિંગ તથા ટ્રાફિક અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી સાથે સાથે કાર્યક્રમ અધ્યક્ષ જિલ્લા પોલીસ વડા દ્વારા પોતાની આગવી શૈલીમાં માર્ગદર્શન પીરસ્યું હતું તેમજ આગામી સમયમાં વિવિધ ભરતી માં તૈયારીઓ કરતા યુવાનો તથા યુવા યુગ પરિવર્તન સંગઠન ના યુવાનો દ્વારા પોલીસ વડાનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ ભાવનગર રાજકોટ હાઈવે પર પોલીસ વડા નીતેશ પાંડેય ની ઉપસ્થિતિમાં બાઈક ચાલકોને હેલ્મેટ વિતરણ તથા સેફ્ટી ગાર્ડ ફિટિંગ કરી ગુલાબ ના ફૂલ દ્વારા સમજાવી હવે પછીથી હેલ્મેટ પહેરી વાહન ચલાવવા સમજાવ્યા હતા.

આ કાર્યક્રમ માં જિલ્લા પોલીસ વડા નીતેશ પાંડેય નાયબ પોલીસ પ્રવીણભાઈ પરમાર, ધ સિહોર એજ્યુકેશન સોસાયટી સંસ્થાના ટ્રસ્ટી અશ્વિનભાઈ ગોરડિયા, આચાર્ય શિવભદ્રસિંહ, યુવા યુગ પરિવર્તન સંગઠન પ્રમુખ રવિભાઈ બારૈયા,સ્થાપક મલયભાઈ રામાનુજ, શિક્ષકગણ, યુવા યુગ પરિવર્તન સંગઠન ના સભ્યો પોલીસ જવાનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### સાકરીયા હનુમાનજી મંદિરના લાભાર્થે

# રાજુલાઃ ભેરાઈ ગામે લોકડાયરામાં કાજલ મહેરીયા અને સાથી કલાકારોએ બોલાવી રમઝટ

## શ્રીજી ગ્રુપ દ્વારા સાધુ-સંતોનું બહુમાન કરાયુંઃ હનુમાનજીના થાળ પ્રસાદનો ભાવિકોએ લાભ લીધો

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**



રાજુલા તાલુકાના ભેરાઈ ગામે પીપાવાવ પોટ ફોરવે રોડ પર આવેલ સુપ્રસિદ્ધ અને ચમત્કારિક સાકરીયા હનુમાનજી મહારાજના નવા નિર્માણ પામી રહેલા મંદિરના લાભાર્થી ભવ્ય લોક ડાયરો અને હનુમાનજીનો થાળ નું આયોજન આ વિસ્તારના ખૂબ જ સેવાભાવી અને નવયુવાન અને રામપરા- ૨ ગામના અગ્રણી એવા શ્રીજી ગ્રુપના સ્વ. બાઘાભાઈ ભગવાનભાઈ વાઘ પરિવાર અને ભરતભાઈ માણસુરભાઈ વાઘ ની આગેવાનીમાં આ સમગ્ર આયોજન કરવામાં આવી હતું તેમજ રામપરા - ૨ ગામના સુપ્રસિદ્ધ રામદાસ બાપુની તપોભૂમિમાં બિરાજતા લાલજી ભગવાન ના સાનિધ્યમાં અને રાજેન્દ્રદાસ બાપુની સાથે રહીને ધ્વજારોહણ કાર્યક્રમ અને વિવિધ ધાર્મિક કાર્યક્રમો કરીને સમાજને અને આ વિસ્તારને ખૂબ જ ઉપયોગી કાર્યો કરી રહેલ છે. આ લોક ડાયરાના કલાકારો કાજલ મહેકેરીયા , વિશાલ દાન ગઢવી, મોટીવેશન સ્પીકર પારસ પાંધી દ્વારા લોક ડાયરો કરવામાં આવેલ હતો. જેનો આ વિસ્તારની ધર્મ પ્રેમી જનતા એ આ સમગ્ર કાર્યક્રમ ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને લાભ લીધેલ હતો. લોક ડાયરામાં ભેરાઈ ન સરપંચ વાલાભાઈ જી.રામ દ્વારા નવનિર્મિત મંદિર મા સુવાળા જેટલું દાન ની જાહેરાત કરેલ હતી તેમજ સાકરીયા હનુમાનજીના થાળના પ્રસાદનો પણ ખૂબ જ મોટી સંખ્યામાં લોકોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

# અમરેલીઃ લીલીયા પોલીસે પિતાથી વિખુટા પડેલા બાળકનું પરિવાર સાથે કરાવ્યું મિલન

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**



લીલીયા ટાઉન વિસ્તારમાં એક સાત વર્ષનું બાળક કોઈ કારણોસર પિતાથી છૂટું પડી ગયું હતું અને તેને માથાના ભાગે ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત અને ડરેલા બાળક પર પોલીસની નજર પડતા જ તેની મદદ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એમ.ડી. સાલૂંકેની સૂચના હેઠળ સર્વેલન્સ ઈન્ચાર્જ ભુજબલદાન ગઢવી તથા હોમગાર્ડ સુરેશભાઈ કુકવાએ ત્વરિત કામગીરી શરૂ કરી હતી. પોલીસે સૌ પ્રથમ બાળકની ગંભીરતા સમજી તેને તાત્કાલિક તબીબી સારવાર અપાવી હતી. બાળકની પૂછપરછ કરતા તેણે તેના માતા-પિતા ગોઢાવદર ગામે વિનુભાઈ ભુવાના ખેતરમાં રહેતા હોવાની માહિતી આપી હતી. બાળકે આપેલી વિગતોના આધારે લીલીયા પોલીસની ટીમ તાત્કાલિક ગોઢાવદર ગામની સીમમાં પહોંચી હતી. પોતાના વ્હાલસોયા પુત્રને હેમખેમ જોઈ માતા-પિતા ગળગળા થઈ ગયા હતા. પોલીસની સરાહનીય કામગીરી બદલ બાળકના પિતા અને સમગ્ર પરિવારે લીલીયા પોલીસનો હૃદ્યપૂર્વક આભાર માન્યો હતો.

# કચ્છની સામાજિક-આર્થિક સ્થિતિ વિશે દેશના ૩૦થી વધુ અધિકારીઓને અવગત કરાવતા કલેક્ટર

## સશસ્ત્ર દળો અને સિવિલ સર્વિસીસ અધિકારીઓ માટે 'સંયુક્ત પ્રશિક્ષણ' કાર્યક્રમનો પ્રારંભ

**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભુજ**

યુદ્ધ કે કુદરતી આપદા જેવી પરિસ્થિતિમાં આર્મ્ડ ફોર્સિસ અને ડિસ્ટ્રીક્ટ એડિમિનિસ્ટ્રેશન વચ્ચે સુદઢ રીતે સંકલન કેવી રીતે થઈ શકે એ ઉદ્દેશ્ય સાથે ભુજમાં દેશના સૌપ્રથમ વખત 'સંયુકત પ્રશિક્ષણ' કાર્યક્રમનો પ્રારંભ થયો છે. કચ્છ કલેક્ટર આનંદ પટેલ દ્વારા દ્વારા દેશભરમાંથી આવેલા ડીફેન્સ અને સિવિલ સર્વિસિસના ૩૦થી વધુ અધિકારીઓને કચ્છ કલેક્ટર કચેરી ખાતે આવકાર આપવામાં આવ્યો હતો. 'ઓપરેશન સિંદૂર' બાદ સમગ્ર ભારતમાં સૌપ્રથમ વખત ભુજ ખાતે આ પ્રકારના 'સંયુકત પ્રશિક્ષણ' કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું છે. આ સંયુકત પ્રશિક્ષણ' કાર્યક્રમ રાષ્ટ્રની સુરક્ષા માટે 'હોલ-ઓફ-નેશન' અભિગમને મજબૂત કરવા માટેનું એક ઐતિહાસિક પગલું બની રહેશે.

આ 'સંયુકત પ્રશિક્ષણ' કાર્યક્રમના ભાગરૂપે કચ્છ કલેક્ટર કચેરી ખાતે એક વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સશસ્ત્ર દળો અને સિવિલ સર્વિસિસના અધિકારીઓને કચ્છ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. ભારતભરમાંથી આવેલા ડીફેન્સ તેમજ સિવિલ સર્વિસિસના અધિકારીઓને કચ્છના ભૌગોલિક વિસ્તાર, રણ, દરિયાઈ સીમા અને વિશિષ્ટ ભૂપ્રદેશ, સરહદી ગામોની સ્થિતિ, સામાજિક-આર્થિક વિકાસ, પર્યટન અને કુદરતી પડકારો બાબતે જાણકારી આપવામાં આવી હતી.

ભુજ ખાતે આયોજિત બેઠકમાં કચ્છ જિલ્લા કલેક્ટર આનંદ પટેલ, ભરૂચ કલેક્ટર ગૌરાંગ મકવાણા, જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, તાલીમી સનદી અધિકારી સુશ્રી એમ.ધરિણી સહિતના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સિહોર યુવા યુગ પરિવર્તન સંગઠન દ્વારા સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ



**અબતક, આનંદ રાણા, સિહોરઃ** સ્વામી વિવેકાનંદજી ની ૧૬૩મી જન્મજયંતિ દિને સિહોરની સેવાકીય પ્રવૃત્તિઓ માં અગ્રેસર એવી યુવા યુગ પરિવર્તન સંગઠન દ્વારા વિવિધ કાર્યક્રમોની હારમાળા સાથે સાથે વડલાચોક ખાતે સ્વામી વિવેકાનંદજી ની પ્રતિમાને પુષ્પાંજલિ કરવામાં આવી હતી.

# રાજુલાઃ નેચર કલબ દ્વારા ૨૦ કિલો ચાઈનીઝ દોરીનો કરાયો નાશ



## ઠેર-ઠેરથી દોરી એકઠી દોરીનો નાશ કરી જીવદયા અને પ્રકૃત્તિપ્રેમનો સંદેશો પ્રસરાવ્યો

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

રાજુલા મકરસંક્રાંતિ ઉત્તરાયણ પર્વની ઉજવણી ધામધૂમથી થય છે જેમાં પતંગ ની દોરી ઝાડ ઉપર લાઈટ ના થાંભલા પર રોડ પર હોય જે એકઠી કરવામાં આવી હતી ચાઈનીઝ દોરી બહિષ્કાર અબોલ પક્ષી બચાવો અભિયાન કાર્યક્રમ કરવામાં વીશ કીલો થી વધારે દોરી નાશ કરવા માં આવી હતી રાજુલા પુર્વ પ્રમુખ ચિરાગભાઈ બી જોષી પક્ષી પ્રેમી તેમજ વિપુલ ભાઈ લહેરી નેચર કલબ પ્રમુખ જેઓ ૩૦/વર્ષ થી આ કામગીરી કરે છે. ચૈતન્ય લહેરી યશ્વી લહેરી શૈલજા વ્યાસ જયવીર હર્ષ વાળા સ્વરા રુપારેલ હેતારથ રૂષી જોષી સાહિત્ય કલાકાર જશુભાઈ દવે કેતનભાઈ દવે કિર્તીભાઈ ચુડાસમા પરાગભાઈ જોષી ગૈરવભઈ જોટંગિયા ચિરાગ બી જોષી શહેરમાં દોરી એકઠી કરી હતી. નેચર કલબ પ્રમુખ વિપુલભાઈ લહેરી જણાવાયું હતુ કે દરવર્ષે પક્ષી દોરી ફસાઈ ઘાયલ ન થાય તે માટે દોરી એકઠી કરવામાં આવે છે જે દોરી નાશ કરવામા આવી હતી.

### ખેલ મહાકુંભ

# રાજુલાઃ લાંબી કૂદમા પ્રથમ સ્થાન મેળવી સાખાણી ફલકે ગૌરવ વધાર્યું





**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**


રાજુલા શહેરની કન્યા શાળા નંબર-૨માં ધોરણ ૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની સાખાણી ફલક અલારખાભાઈએ રાજ્ય કક્ષાએ યોજાયેલી પ્રતિષ્ઠિત ખેલ મહાકુંભ સ્પર્ધામાં લાંબી કૂદ (લોંગ જમ્પ) ઈવેન્ટમાં પ્રથમ સ્થાન મેળવી શાળા, તાલુકા, અમરેલી જિલ્લા તેમજ સમગ્ર ગુજરાત રાજ્યનું નામ ગૌરવભેર ઉજાગર કર્યું છે.

ફલકની આ ભવ્ય સફળતા બદલ શાળા પરિવાર, શિક્ષકો, રમતગમત પ્રેમીઓ અને નગરજનો દ્વારા અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે. સૌ કોઈએ ફલકના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી છે અને આશા વ્યકત કરી છે કે આવનારા સમયમાં ફલક રાષ્ટ્રીય કક્ષાએ પણ સ્પર્ધામાં ભાગ લઈ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી દેશ અને રાજ્યનું નામ ગૌરવભેર રોશન કરશે.

# રાજુલાઃ ધારનાથ સોસાયટીમાં શહીદ વીર જવાનોની યાદમાં આર્મી દિવસ મનાવાયો

## રક્ષા શક્તિ સ્કુલના વિદ્યાર્થીએ રાઈફલ શુટીંગ અને પરેડથી મહાનુભાવોનું કર્યું સ્વાગત

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**



રાજુલામાં થલ સેના સ્થાપના દિન તેમજ આર્મી ડે આજે દેશ ભરમાં મનાવવામાં આવે છે રાજુલા ધારનાથ સોસાયટીમા શહીદો નમન કાર્યક્રમ આયોજન કરેલ જેમા આર્મી શાળા અભ્યાસ કરતા ચૈતન્ય લહેરી રક્ષા શકિત સ્કુલ જીરા ના વિધાર્થી દ્વારા રાઈફલ શુટીંગ કરીને મહાનુભાવો વેલકમ પરેડ સ્વાગત કર્યું હતું. આર્મી ડે નિમિત્તે આપડી સૈન્ય જવાનો સાહસ શૌર્ય બલિદાન યાદકરી ઊજવણી કરાઈ હતી. રાજુલામાં આર્મી દીવસની શુભેચ્છા આપવા ચૈતન્ય વિપુલભાઈ લહેરી ની ઘરે રાજુલાના બિપીનભાઈ કનુભાઈ લહેરી મનુભાઈ ધાખડા, ગૌરવભાઈ જોટંગીયા, ચિરાગભાઈ જોષી ઉપસ્થિત રહ્યા હતા તેમજ આર્મી શાળા રક્ષા શકિત સ્કુલ ગીર જીરાના વિધાર્થી ચૈતન્ય લહેરી અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી. જય હિન્દ અને ભારત માતાના નારા લગાવ્યા હતા અને રાષ્ટ્રગીત ગાઈને આર્મી દીવસ ઉજવણી કરવામા આવી હતી.

### વિમેન્સ પ્રીમિયમ લીગ

# હરલીનની જબરદસ્ત ઈનિંગથી યુપી વોરિયર્સની મુંબઈ ઈન્ડિયન્સ પર શાનદાર જીત

## હરલીન દેઓલની શાનદાર અડધી સદીના કારણે યુપી વોરિયર્સે ૧૬૨ રનના લક્ષ્યને ૧૧ બોલ બાકી રહેતા જ હાંસલ કરી લીધો



**અબતક, રાજકોટ**

હરલીન દેઓલની શાનદાર અડધી સદીના કારણે યુપી વોરિયર્સે મુંબઈ ઈન્ડિયન્સ દ્વારા આપવામાં આવેલા ૧૬૨ રનના લક્ષ્યને ૧૧ બોલ બાકી રહેતા જ હાંસલ કરી લીધો. હરલીને ૩૯ બોલમાં ૧૨ ચોગ્ગા ફટકારીને અણનમ ૬૪ રન બનાવ્યા. પ્રથમ બેટિંગ કરતા મુંબઈએ ૧૬૧ રન બનાવ્યા, જેમાં નતાલી સાયવરે સૌથી વધુ ૬૫ રન બનાવ્યા. આ યુપી વોરિયર્સની સિઝનની પ્રથમ જીત હતી.

ડીવાય પાટિલ સ્પોર્ટ્સ એકેડેમી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં યુપી વોરિયર્સને જીતવા માટે ૧૬૨ રનની જરૂર હતી. લક્ષ્યનો પીછો કરતા કેપ્ટન મેગ લેનિંગ અને કિરણ નવગિરેએ સારી શરૂઆત કરી પ્રથમ વિકેટ માટે ૪૨ રનની ભાગીદારી કરી. લેનિંગ ૨૬ બોલમાં ૨૫ રન બનાવીને આઉટ થઈ ગઈ. ત્યારબાદ કિરણ નવગિરે ૧૦ રન બનાવીને પેવેલિયન પરત ફરી, જે બંનેને ૭મી ઓવરમાં નતાલી સાયવરે આઉટ કર્યા.

### યુપી વોરિયર્સનો પહેલો વિજય

વિમેન્સ પ્રીમિયર લીગ ૨૦૨૬માં યુપી વોરિયર્સનો આ પહેલો વિજય છે. યુપી અગાઉની ત્રણેય મેચ હારી ગયું હતું. જોકે, ટીમ પોઈન્ટ ટેબલમાં (૫) તળિયે છે. ટીમના ૨ પોઈન્ટ છે અને તેનો નેટ રન રેટ -૦.૯૦૬ છે. દિલ્હીના પણ ૨ પોઈન્ટ છે, પરંતુ તેમનો નેટ રન રેટ (-૦.૮૩૩) યુપી કરતા થોડો સારો છે.

ત્યારબાદ હરલીન દેઓલે ફોબી લિચફિલ્ડ સાથે મળીને ૭૩ રન ઉમેરીને ટાર્ગેટને સરળ બનાવ્યો હતો.ફોબી લિચફિલ્ડે ૨૨ બોલમાં ૨ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૨૫ રન બનાવ્યા હતા. આ ઈનિંગ પણ મહત્વપૂર્ણ હતી કારણ કે તેણે સતત બે વિકેટ ગુમાવ્યા પછી હરલીન દેઓલને સારો સાથ આપ્યો હતો. હરલીને અંત સુધી ટકી રહી ૩૯ બોલમાં ૧૨ ચોગ્ગાની મદદથી ૬૪ રન બનાવ્યા. આ શાનદાર ઈનિંગ માટે તેણીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી હતી.

ક્લો ટ્રાઈઓનની ઈનિંગને પણ નજરઅંદાજ કરી શકાય નહીં, તેણીએ ૧૧ બોલમાં મહત્વપૂર્ણ ૨૭ રન બનાવ્યા. આ ઈનિંગમાં ક્લોએ ૧ છગ્ગો અને ૪ ચોગ્ગા ફટકાર્યા હતા. તેણે ખૂબ જ શાનદાર ઈનિંગ રમી હતી. પહેલા ટોસ હારીને પ્રથમ બેટિંગ કરતા મુંબઈ ઈન્ડિયન્સે ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૧૬૧ રન બનાવ્યા હતા. પિચને ધ્યાનમાં રાખીને આ સ્કોર ઓછો હતો. મુંબઈ તરફથી અમનજોત કૌરે ૩૮ અને નતાલી સિવર ૬૫ રન બનાવ્યા. કેપ્ટન હરમનપ્રીત કૌરનું બેટ ચાલ્યું નહી, તેણે ફક્ત ૧૬ રન બનાવ્યા. નિકોલા કેરીએ ૨૦ બોલમાં ૩૨ રન બનાવ્યા હતા. યુપી વોરિયર્સ તરફથી શિખર પાંડેએ ૪ ઓવરમાં ૨૫ રન આપીને ૧ વિકેટ લીધી. દીપ્તિ શર્માએ ૪ ઓવરમાં ૩૧ રન આપીને ૧ વિકેટ લીધી. સોફી એકલેસ્ટોન અને શોભાના આશાએ પણ ૧-૧ વિકેટ લીધી.

# અંડર-૧૯ વર્લ્ડકપમાં ગુજરાતનો હેનિલ પટેલ ઝળક્યો:ભારતનો યૂએસએ સામે વિજય

## હેનિલ પટેલે સાત ઓવરમાં એક મેડન સાથે માત્ર ૧૬ રન આપીને પાંચ વિકેટ ઝડપતા મેન ઓફ ધ મેચ જાહેર કરાયો



**અબતક, રાજકોટ**

ગુજરાતના ઝડપી બોલર હેનિલ પટેલે વેધક બોલિંગ કરીને માત્ર ૧૬ રનમાં પાંચ વિકેટ ઝડપી લેતાં ભારતીય અંડર-૧૯ ક્રિકેટ ટીમે ગુરુવારે અહીં રમાયેલી આઈસીસી અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડ કપની મેચમાં યુએસએ સામે છ વિકેટે (ડકવર્થ એન્ડ લૂઈસ) વિજય હાંસલ કરીને ટુર્નામેન્ટનો સફળ પ્રારંભ કર્યો હતો.યુએસએની ટીમે પ્રથમ બેટિંગ કરી હતી અને ૩૫.૨ ઓવરમાં ઓલઆઉટ થતાં અગાઉ માત્ર ૧૦૭ રનનો સ્કોર રજૂ કર્યો હતો.

ભારતીય ઈનિંગ્સ દરમિયાન વરસાદનું આગમન થતાં મેચ ઘણા સમય સુધી અટકી પડી હતી.

અંતે ભારતને ૩૭ ઓવરમાં ૯૬ રનનો ટારગેટ મળ્યો હતો. જોકે ભારતે ૧૭.૨ ઓવરમાં જ આ ટારગેટ વટાવી દીધો હતો.યુએસએની ઈનિંગ્સ દરમિયાન નિતિશ સુદિનીએ બાવન બોલમાં ૩૬ રન ફટકાર્યા હતા. ટીમમાં માત્ર ચાર જ બેટર ડબલ ફિગર સુધી પહોંચી શકયા હતા. હેનિલ પટેલ સૌથી સફળ બોલર રહ્યો હતો.

તેણે સાત ઓવરમાં એક મેડન સાથે માત્ર ૧૬ રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી તો અન્ય ચાર બોલરે એક એક વિકેટ લીધી હતી. હેનિલને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.

ભારતની બેટિંગ દરમિયાન વૈભવ સૂર્યવંશી સસ્તામાં આઉટ થઈ ગયો હતો પરંતુ અભિજ્ઞાન કુન્ડુએ ૪૧ બોલમાં ૪૨ રન ફટકારીને ટીમને ટારગેટ સુધી પહોંચાડી હતી.

તેણે પાંચ ચોગ્ગા અને એક સિક્સર ફટકારી હતી. ઓપનર અને કેપ્ટન આયુષ મ્હાત્રેએ ૧૯ બોલમાં ૧૯ રન ફટકાર્યા હતા. ભારત તેની આગામી મેચમાં ૧૭મી જાન્યુઆરીએ બાંગ્લાદેશ અંડર-૧૯ ટીમ સામે રમશે ત્યાર બાદ ૨૪મીએ તે ન્યૂઝીલેન્ડની ટીમ સામે રમશે.

# બાંગ્લાદેશના ક્રિકેટરે બળવાનો તેવર બતાવતા બોર્ડ ઘૂંટણિયે પડ્યું!

## બાંગ્લાદેશના ખેલાડીઓએ બોર્ડના ડિરેક્ટરને રાજીનામું આપવાની માંગ કરી



**અબતક, રાજકોટ**

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ પહેલા ભારત અને બાંગ્લાદેશ વચ્ચેનો વિવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ સુરક્ષાના કારણોસર પોતાની ટીમને ભારત મોકલવાનો ઈનકાર કરીને મેચના સ્થળ બદલવાની માંગ કરી છે. જોકે, આ વિવાદ વચ્ચે હવે બાંગ્લાદેશના ખેલાડીઓએ જ પોતાના બોર્ડ સામે મોરચો ખોલી દીધો છે. આ આંતરિક કલહનું મુખ્ય કારણ બીસીબી ફાઈનાન્સ કમિટીના અધ્યક્ષ નજમુલ ઈસ્લામનું વિવાદાસ્પદ નિવેદન છે, જેમાં તેમણે ખેલાડીઓનું અપમાન કર્યું હોવાનો આક્ષેપ છે.ક્રિકેટર્સ વેલફેર એસોસિએશન ઓફ બાંગ્લાદેશે ગંભીર ચેતવણી આપી છે કે જો નજમુલ (૧૫ જાન્યુઆરી)ના રોજ રમાનારી બાંગ્લાદેશ પ્રીમિયર લીગની મેચ પહેલા રાજીનામું નહીં આપે, તો ખેલાડીઓ ક્રિકેટ રમવાનો બહિષ્કાર કરશે.વિવાદ ત્યારે વકર્યો જ્યારે નજમુલે કહ્યું કે, જો બાંગ્લાદેશ વર્લ્ડ કપમાંથી બહાર થઈ જશે તો બોર્ડને કોઈ નાણાકીય નુકસાન નહીં થાય, માત્ર ખેલાડીઓ તેમની મેચ ફી ગુમાવશે. આ સિવાય તેમણે પૂર્વ કેપ્ટન તમીમ ઈકબાલને 'ભારતીય એજન્ટ' કહીને સંબોધ્યા હતા, કારણ કે તમીમે બોર્ડને ક્રિકેટને પ્રાથમિકતા આપીને ભારત જવા અંગે વિચારવાની સલાહ આપી હતી.નજમુલ ઈસ્લામે ખેલાડીઓ પ્રત્યે કડક વલણ અપનાવતા એમ પણ કહ્યું કે, 'બોર્ડ ખેલાડીઓને કોઈ વળતર આપશે નહીં. જો ખેલાડીઓ મેદાન પર પ્રદર્શન ન કરી શકે તો તેમના પર ખર્ચવામાં આવેલા કરોડો રૂપિયા શું બોર્ડ પાછા માંગે છે? બોર્ડ વગર ખેલાડીઓનું અસ્તિત્વ ટકવું મુશ્કેલ છે.' બોર્ડના આ અહંકારી વલણ અને અપમાનજનક ભાષાને કારણે બાંગ્લાદેશી ક્રિકેટરોમાં ભારે રોષ છે, જેના કારણે હવે બાંગ્લાદેશ ક્રિકેટનું ભવિષ્ય અને આગામી વર્લ્ડ કપમાં તેમની ભાગીદારી જોખમમાં મૂકાઈ ગઈ છે.

# સુર્યકુમારના નામે તિખળ કરનાર ખુશી મુખર્જી પર ૧૦૦ કરોડનો બદનક્ષીનો દાવો ઠોક્યો





**અબતક, રાજકોટ**

મોડેલ ખુશી મુખર્જીએ વર્ષ ૨૦૨૫ના અંતમાં ભારતીય ટી૨૦ કેપ્ટન સૂર્યકુમાર યાદવ પર ગંભીર આરોપો લગાવ્યા હતા. તેણે દાવો કર્યો હતો કે સ્ટાર ભારતીય ખેલાડી તેને મેસેજ કરતો હતો. સૂર્યકુમાર યાદવે આ બાબતે કોઈ જવાબ આપ્યો ન હતો. પરંતુ ખુશી મુખર્જી હવે ગંભીર મુશ્કેલીમાં છે. સૂર્યકુમાર યાદવના એક ફેને તેની સામે ૧૦૦ કરોડ રૂપિયાનો માનહાનિનો દાવો દાખલ કર્યો છે.

ખુશી મુખર્જીના આરોપોનો સૂર્યકુમાર યાદવે ભલે જવાબ ન આપ્યો હોય, પરંતુ તેના ફેને ગંભીર કાર્યવાહી કરી છે. ઉત્તર પ્રદેશના ગાઝીપુરના રહેવાસી ફૈઝાન અંસારીએ ખુશી સામે ૧૦૦ કરોડ રૂપિયાનો માનહાનિનો દાવો દાખલ કર્યો હોવાનું કહેવાય છે. ફૈઝાન અન્સારી માને છે કે ખુશીનું નિવેદન ખોટું છે અને સૂર્યકુમાર યાદવની ઈમેજને નુકસાન પહોંચાડે છે.

ખુશી હવે માફી માગીને આ મામલો સમાપ્ત કરવા માંગે છે. ખુશીએ પણ પોતાના નિવેદન પછી સ્પષ્ટતા જાહેર કરી હતી, પરંતુ ફૈઝાન તેનાથી નાખુશ છે. પોતાની ફરિયાદમાં તેને ગાઝીપુરના પોલીસ અધિક્ષક ડો. ઈરાજ રાજા પાસેથી મોડેલની ધરપકડ કરવાની પણ માગ કરી છે.

ટીમ ઈન્ડિયાના ટી૨૦ કેપ્ટન સૂર્યકુમાર યાદવ હાલમાં મેગા આઈસીસી ઈવેન્ટની તૈયારી કરી રહ્યા છે. તાજેતરમાં તેમનું ફોર્મ ખરાબ રહ્યું છે, જેના કારણે ઘણા ફેન્સ ટીમમાં તેમના સ્થાન પર સવાલ ઉઠાવી રહ્યા છે. આ સમયે સૂર્યકુમાર યાદવ તેમના ફોર્મ અંગે ચિંતિત હોઈ શકે છે. ૨૧ જાન્યુઆરીથી શરૂ થનારી ન્યુઝીલેન્ડ સામેની ૫ મેચની ટી૨૦ સિરીઝમાં સૂર્યકુમાર યાદવ મોટા સ્કોર કરીને ફોર્મમાં પાછા ફરવાની જાહેરાત કરવાની આશા રાખશે.

# બીએમસીમાં ભાજપ આગળ: ઠાકરેબંધુ પણ આપી રહ્યા છે ટક્કર

## બીએમસીની ૨૨૭ બેઠકો પર મત ગણતરી ચાલુ: ભાજપ અને શિવસેના (શિંદે) ૮૦ બેઠકો પર જ્યારે ઉધ્ધવ જૂથ ૬૪ બેઠકો પર આગળ

### દેશની સૌથી સમૃધ્ધ મહાપાલિકામાં ૩ દાયકાથી ચાલતા ઠાકરે યુગનો સુર્યાસ્ત થઈ જશે?

**અબતક, રાજકોટ**

મુંબઈ સહિત મહારાષ્ટ્રની ૨૯ મહાનગરપાલિકાઓ માટે ગઈકાલે યોજાયેલા મતદાન બાદ આજે સવારે ૧૦ કલાકથી મતગણતરી ચાલી રહી છે. દેશની સૌથી સમૃધ્ધ એવી બ્રુહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ત્રણ દશકા જૂના ઠાકરે યુગનો સૂર્ય અસ્ત થઈ જાય તેવા સંકેતો મળી રહ્યા છે. ૨૨૭ બેઠકોની મતગણતરી અલગ-અલગ ૨૩ સ્થળોએ ચાલી રહી છે. જેમાં ભાજપ અને શિંદે સેના ૬૩ બેઠકો પર આગળ ચાલી રહી છે. સામા પક્ષે ઠાકરેબંધુઓ પણ બરાબરની ટક્કર આપી રહ્યા છે. ૪૧ બેઠકો પર ઠાકરે બંધુઓના ગઠબંધનના ઉમેદવારો આગળ ચાલી રહ્યા છે.

મહારાષ્ટ્ર વિધાનસભાની ચુંટણીમાં કારમી હાર મળ્યા બાદ ઉધ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે હાથ મિલાવ્યા છે. બ્રુહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઠાકરે પરિવારની ૩૦ વર્ષની સત્તાનો અંત ન આવે તે માટે બંને પિતરાઈ ભાઈઓએ હાથ મિલાવ્યા છે અને ચુંટણી સાથે લડ્યા હતા. ગઈકાલે મતદાન યોજાયું હતું. જો કે, મતદારો થોડા નિરસ હોય તેવું લાગતું હતું. મોટાભાગની મહાપાલિકામાં મતદાનની ટકાવારી ઓછી રહેવા પામી હતી. આજે સવારથી મતગણતરી ચાલી રહી છે. બીએમસીની ૨૨૭ બેઠકો પૈકી ૧૨૯ બેઠકોની મતગણતરીમાં ભાજપ અને શિવસેના (શિંદે) ૬૯ બેઠકો પર આગળ ચાલી રહ્યું છે. જ્યારે ઠાકરે બંધુના ઉમેદવારો ૪૨ બેઠકો પર લીડ કરી રહ્યા છે.

કોંગ્રેસ અને સાથી પક્ષો માત્ર ૧૧ બેઠકો પર આગળ છે. એનસીપી (અજીત પવાર)ના ભાગે હાલ માત્ર એક જ બેઠક જઈ રહી છે. જ્યારે અન્ય ૬ બેઠકો પર આગળ ચાલી રહ્યા છે. મુંબઈ મહાપાલિકામાં ભાજપ અને શિંદે સેનાનું શાસન આવે તેવું લાગી રહ્યું છે. મુંબઈ ઉપરાંત પૂર્ણ, પાનવેલ, છત્રપતિ સંભાજીનગર અને નગરપુર સહિતની મહાપાલિકામાં ભાજપની લીડ હાલ દેખાય રહી છે.

# પ્રથમ જયોતિર્લીંગ સોમનાથ મહાદેવને શીશ ઝુકાવી ધન્યતા અનુભવતા સાંસદ મયંક નાયક



**અબતક,રાજકોટ**

ગુજરાતનું પવિત્ર અને વિખ્યાત યાત્રાધામ, પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરે દેવાધિદેવ મહાદેવ એવા સોમનાથ દાદાના શ્રદ્ધાપૂર્વક રાજ્યસભાના સાંસદ મયંક નાયકે સજોડે દર્શન-પૂજન કરી ધન્યતા મેળવી હતી. અનાથના નાથ એવા ભગવાન ભોળાનાથ સૌ શિવભકતોની મનોકામના પરિપૂર્ણ કરે તેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરી હતી.

# પોરબંદરના લકડીબંદર અને સુભાષનગર જતો રોડ બિસ્માર હાલતમાં

**અબતક, અશોક થાનકી પોરબંદર**

પોરબંદરમાં રોડ રસ્તાઓ ના કામ ચાલી રહ્યા છે તેમ છતાં હજુ પણ અનેક રસ્તાઓ બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યા છે જેમાં ખાસ કરીને લકડીબંદર અને સુભાષનગર જતો રોડ અતિશય બિસ્માર હાલતમાં છે ત્યારે આ રોડના સમારકામ ની માંગ ઉઠી રહી છે.

પોરબંદરમાં મોટાભાગે રોડ રસ્તાઓ ની કામગીરી ચાલી રહી છે તેમ છતાં અનેક રસ્તાઓ હજુ પણ બિસ્માર છે ખાસ કરીને શહેરના મટન માર્કેટ થી લકડીબંદર અને સુભાષનગર તરફ જતો રસ્તો છેલ્લા ઘણા લાંબા સમયથી અતિશય બિસ્માર હાલતમાં જોવા મળી રહે છે ખાસ કરીને આ રોડ પર ધૂળની ડમરીઓ ઉડી રહી છે તો રોડ પર નાનામોટા પથ્થરો અને ખાડાઓ પણ જોવા મળી રહ્યા છે જેના કારણે અનેક અકસ્માતો સર્જાઈ રહ્યા છે ત્યારે વહેલીતકે આ રસ્તાનું સમારકામ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# પોરબંદર: ગાંધી સ્મૃતિ ભવન જર્જરીત હાલતમાં

## ગાંધી પુસ્તકાલય અને સંગ્રહાલયને વર્ષોથી તાળા: ગાંધી પ્રેમીઓમાં રોષ

**અબતક,અશોક થાનકી પોરબંદર**

પોરબંદરની ચોપાટી ખાતે વર્ષ ૨૦૦૭માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ગાંધી સ્મૃતિ ભવન નુ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મભૂમિમાં ગાંધી જન્મસ્થળની મુલાકાતે દેશ-વિદેશનાં પ્રવાસીઓ આવતા હોય છે, આથી રાજ્ય સરકારે પ્રવાસીઓને આકર્ષવા માટે ચોપાટી નજીક અનેક વાદ-વિવાદો બાદ ગાંધી સ્મૃતિભવનનું નિર્માણ કર્યું હતું. જેનું નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સ્મૃતિભવનના સંગ્રાહલયમાં ગાંધીજીની કેટલીક દુર્લભ તસ્વીરો તેમજ યાદગાર પ્રતિકૃતિઓ મુકવામાં આવી છે તો ગ્રંથાલયમાં ગાંધીજીના જીવન પર આધારીત પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. સ્મૃતી ભવનના લોકાર્પણ બાદ સ્મૃતિભવનનું સંચાલન રાજ્ય સરકારનાં યુવા અને સાંસ્કૃતિક વિભાગને સોંપવામાં આવ્યું છે. પરંતુ હાલ આ ગાંધી સ્મૃતિભવન ફક્ત શોભાના ગાઠીયા સમાન બની ગયું છે, ત્યારે કરોડો રુપિયા ખર્ચીને નિર્માણ કરાયેલા આ ગાંધી સ્મૃતી ભવનના સુચારુ સંચાલન માટે સરકાર આ સ્મૃતિભવન ખાતે પબરતા પ્રમાણમાં સ્ટાફ અને યોગ્ય જાળવણી પણ કરે તે જરુરી છે. આ બિલ્ડીંગના નિર્માણથી જ વિવાદિત બન્યું હતું ત્યારે હાલ આગાંધી સ્મૃતિ ભવનનું બિલ્ડીંગ બિસ્માર હાલતમાંજોવા મળી રહ્યું છે. બિલ્ડીંગમાં ઉપલબ્ધ બેઠક વ્યવસ્થા તૂટી ગઈ છે.તો અહીં ઉપલબ્ધ કરવામાં આવેલ ગાંધી પુસ્તકાલય અને ગાંધી સંગ્રહાલયને પણ વર્ષોથી તાળા લગાવી દેવામાં આવ્યા છે. આ બિલ્ડિંગના બાંધકામથી જ વિવાદમાં આવી જતાઆ બિલ્ડિંગ ક્યારેય એકધારું ખુલ્લું રહ્યું જ નથી જેથી હાલ આ બિલ્ડિંગ બિસ્માર હાલતમાં ફેરવાયું છે. ગાંધીના ગામમાં જ તેમના નામે બનાવેલ બિલ્ડીંગ બિસ્માર હાલતમાં જોવા મળતા ગાંધી પ્રેમીઓમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. પોરબંદરની ચોપાટી પર હાલ જ્યાં ગાંધીસ્મૃતિ ભવન ઉપલબ્ધ છે ત્યારે આ ભવન બનાવવા વર્ષો પહેલા ઉપલબ્ધ સ્કેટિંગરીંગ તોડી પાડવામાં આવી હતી અને બાદમાં આ બિલ્ડિંગનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જેથી વિવાદ ઉભો થયો હતો. પોરબંદરના ગાંધી સ્મૃતિ ભવન ખાતે વર્ષો પૂર્વે પોરબદર નગરપાલિકા દ્વારા સાડા ત્રણ કરોડ રૂપિયાના ખર્ચે ગાંધીજીના જીવન ચરિત્ર પરનો લેશર શો પ્રોજેકટ શરૂ કરવામાં આવ્યો હતો જે પણ વર્ષોથી બંધ થઈ ગયો છે અને આ પ્રોજેકટ પર પણ પાણી ફરી વળ્યું છે.

# મકરસંક્રાંતિના દિવસે કોસ્ટ ગાર્ડ દ્વારા પાકિસ્તાની બોટ ઝડપી લેવાઈ

## પાકિસ્તાનની અલ મદીના નામની બોટ ૯ ખલાસીઓ સાથે ઝડપાઈ

**અબતક, અશોક થાનકી પોરબંદર**

પાકિસ્તાની માછીમારી બોટો અવારનવાર ભારતીય દરિયાઈ સીમમાં ઘુસી જતી હોય છે ત્યારે આવી વધુ એક બોટ ને કોસ્ટ ગાર્ડ એ કુલ ૯ ખલાસી ઓ સાથે ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરી હતી.મકરસંક્રાંતિ ના દિવસે કોસ્ટ ગાર્ડ નું જહાજ અરબી સમુદ્રમાં પેટ્રોલિંગ કરી રહ્યું હતું તે દરમિયાન ઈંખઈક નજીક ભારતીય સીમા માં એક પાકિસ્તાની માછીમારી બોટ નજરે ચડી હતી અને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ ને જોઈ આ બોટ પાકિસ્તાન તરફ ભાગવાનો પ્રયાસ કરતી હતી, ત્યારે કોસ્ટ ગાર્ડે તેને અટકાવી પૂછપરછ કરતા આ બોટ પાકિસ્તાન ની અલ મદીના નામની બોટ હોવાનું અને તેમાં નવ જેટલા ખલાસીઓ હોવાનું સામે આવ્યું હતું ત્યારે સુરક્ષા એજન્સી ઓ દ્વારા સંયુકત પૂછપરછ માટે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ ના જહાજ દ્વારા આ બોટને પોરબંદર લઈ જવામાં આવી રહી છે.

# ધારાસભ્ય દિવ્યેશ અકબરીનો જન્મદિવસ સેવા પ્રકલ્પો સાથે ઉજવાયો

## ૫૫૧ બોટલ રક્તદાન, ૬૧ કુપોષિત બાળકો દત્તક, બ્રેસ્ટ કેન્સર જાગૃતિ, 'કેચ ધ રેઈન' અને પ્લાસ્ટિક મુક્ત અભિયાનનો સંકલ્પ





જામનગરના ૭૯-દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરીનો જન્મદિવસ તા. ૧૪ જાન્યુઆરી, મકરસંક્રાંતિના પર્વના દિવસે સતત ચોથી વખત સેવા પ્રકલ્પો સાથે ઉજવવામાં આવ્યો હતો. અગાઉના વર્ષોની જેમ આ વર્ષે પણ જન્મદિવસની ઉજવણી વિવિધ પાંચ લોકહિતકારી સેવા પ્રકલ્પો દ્વારા કરવામાં આવી હતી.

આ પ્રસંગે પૂર્વ પ્રદેશ પ્રમુખ તથા પૂર્વ કેબિનેટ મંત્રી આર.સી. ફળદુ, સાંસદ પૂનમબેન માડમ, પૂર્વ કેબિનેટ મંત્રી તથા ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ, ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, જામનગર શહેર ભાજપ પ્રમુખ, જિલ્લા ભાજપ પ્રમુખ, મેયર, ડેપ્યુટી મેયર, પૂર્વ સાંસદો, પૂર્વ મેયરઓ, સંગઠનના હોદ્દેદારો, વિવિધ સમાજોના આગેવાનો તથા શહેરના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જન્મદિવસની ઉજવણી અંતર્ગત શહેરના રણજીતનગર સ્થિત લેઉવા પટેલ સમાજ ખાતે આયોજિત કાર્યક્રમમાં કુલ પાંચ મહત્વના સેવા પ્રકલ્પો હાથ ધરવામાં આવ્યા હતા. જેમાં ૭૯-દક્ષિણ વિધાનસભા વિસ્તારની જુદી જુદી આંગણવાડીઓમાં નવા નોંધાયેલા ૬૧ કુપોષિત બાળકોને દત્તક લઈ તેમને સુપોષિત બનાવવાની જવાબદારી સ્વીકારવામાં આવી હતી તથા જરૂરી પોષણ કીટનું વિતરણ કરાયું હતું.

શહેરની બહેનોમાં બ્રેસ્ટ કેન્સર અંગે જાગૃતિ ફેલાવવા માટે છેલ્લા બે વર્ષથી ચાલતા મેમોગ્રાફી અને સ્ક્રીનિંગ પ્રકલ્પને વધુ ગતિ આપવામાં આવી હતી, જેમાં અનેક બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને નોંધણી પ્રક્રિયા અવિરત ચાલુ રાખવામાં આવી છે.અતિ મહત્વના 'કેચ ધ રેઈન' પ્રોજેક્ટને ૭૯-દક્ષિણ વિધાનસભા વિસ્તારમાં અમલી બનાવવા માટે સંકલ્પ કરવામાં આવ્યો હતો અને આવનારા સમયમાં જામનગરના આશરે ૩,૦૦૦ જેટલા ઉદ્યોગ એકમોમાં તેની અમલવારી કરાશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.

પ્લાસ્ટિક મુક્ત અભિયાન અંતર્ગત લોકો પ્લાસ્ટિક બેગનો ઉપયોગ છોડે તે માટે કપડાંની બેગ તૈયાર કરી તેનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે જન્મદિવસ નિમિત્તે સતત ચોથા વર્ષે મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, જેમાં શહેરના ઉત્સાહી રક્તદાતાઓ દ્વારા ૫૫૧ બોટલ રક્ત એકત્ર કરી જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલની બ્લડ બેન્કમાં દર્દીઓના ઉપયોગ માટે જમા કરાવવામાં આવ્યું હતું.

# વાડીનાર:ભારતીય કોસ્ટ ગાર્ડના સ્વર્ણિમ વર્ષની ઉજવણી





## આરોગ્ય શિબિર અને વિવિધ સેમીનારમાં દરિયાઈ સલામતી અને અર્થતંત્ર અંગે ૨૮૦ જેટલા માછીમારો રહ્યા ઉપસ્થિત

ભારતીય કોસ્ટ ગાર્ડના સ્વર્ણિમ વર્ષ ઉજવણીના ઉપક્રમે ભારતીય કોસ્ટ ગાર્ડ સ્ટેશન વાડીનાર દ્વારા તા. ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ વાડીનાર સ્થિત કોસ્ટ ગાર્ડ સ્ટેશન ખાતે આરોગ્ય શિબિર સાથે વિશેષ સમુદાય સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વાડીનાર, ભરણા, નાના આંબલા અને સલાયાના કુલ ૨૮૦ જેટલા માછીમારો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત મત્સ્ય વિભાગ, દરિયાઈ પોલીસ તેમજ કચ્છના અખાત વિસ્તારમાં કામગીરી કરતી તેલ અને બંદર સંબંધિત સંસ્થાઓ જેવી કે ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ, રિલાયન્સ, નાયરા એનર્જી અને એસ્સાર બલ્ક ટર્મિનલના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા.

સમુદાય સંવાદ કાર્યક્રમનું મુખ્ય કેન્દ્રબિંદુ દરિયામાં જીવનની સલામતી, જીવન બચાવનારા સાધનો સાથે રાખવાની આવશ્યકતા તેમજ દરિયામાં થતી મોરિંગ પોઈન્ટ સંબંધી કામગીરી દરમિયાન ઉભા થતા પડકારોનો સામનો કરવા માટે માછીમારો અને સંસ્થાઓ વચ્ચે સહયોગ વધારવાનો હતો. સાથે જ માછીમારોને રાષ્ટ્રના વાદળી અર્થતંત્રના વિકાસમાં યોગદાન આપવાની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દ્વારા માછીમારોમાં દરિયાઈ સલામતી અંગે જાગૃતિ વધવાની સાથે ભારતીય કોસ્ટ ગાર્ડ, સ્થાનિક સમુદાય અને વિવિધ સંસ્થાઓ વચ્ચે સહકાર વધુ મજબૂત બન્યો હોવાનું આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# 'નો ડ્રગ્સ કેમ્પેઈન' અંતર્ગત નીકળેલી સાયકલ રેલીનું પોલીસ દ્વારા કરાયું ઉષ્માભર્યું સ્વાગત

## નારાયણ સરોવરથી દમણ સુધી ૧૪૦૦ કિમીની યાત્રા કરી ૧૬ સાયકલીસ્ટો દ્વારા માદક દ્રવ્યો વિરોધી જાગૃતિ ફેલાવાઈ



**અબતક, રાજકોટ**

ગુજરાત પોલીસ દ્વારા 'નો ડ્રગ્સ કેમ્પેઈન' અંતર્ગત એનજીઓ સંસ્થાના સહયોગથી સૌરાષ્ટ્રના દરિયાકાંઠા વિસ્તારોમાં સાયકલ રેલી પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત સાયકલિસ્ટોની ટીમ જામનગર શહેરમાં પ્રવેશતાં જામનગર પોલીસ વિભાગ દ્વારા સાયકલ રેલીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વે, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા એનજીઓના સહયોગથી લોકોને માદક દ્રવ્યોના દૂષણ સામે જાગૃત કરવા માટે તા. ૧૨-૧-૨૦૨૬ થી ૨૨-૧-૨૦૨૬ સુધી ૧૧ દિવસીય સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલી નારાયણ સરોવરથી દમણ સુધી કુલ ૧૪૦૦ કિલોમીટરનું અંતર કાપશે, જેમાં કુલ ૧૬ સાયકલીસ્ટો ગુજરાતના દરિયાકાંઠાના જિલ્લાઓમાંથી પસાર થઈ ડ્રગ્સ વિરોધી જાગૃતિ ફેલાવી રહ્યા છે.આ સાયકલ રેલી અંતર્ગત તમામ ૧૬ સાયકલીસ્ટો ગઈકાલે જામનગર જિલ્લામાંથી પસાર થયા હતા. દરમિયાન રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ તથા જામનગર જિલ્લાના પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ જામનગર જિલ્લામાં માદક દ્રવ્યોના વિરોધમાં જનજાગૃતિ લાવવા જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. તેના અનુસંધાને જામનગર એસ.ઓ.જી.ની ટીમ દ્વારા લાખોટા તળાવ ખાતે સાયકલીસ્ટોને આવકારી તેમના જનજાગૃતિના કાર્યને આગળ વધારવા ઉત્સાહ વધારવામાં આવ્યો હતો.સાયકલ રેલી દરમ્યાન જાહેર સ્થળોએ નશીલા પદાર્થોના વેચાણ, સંગ્રહ અથવા હેરાફેરી અંગે કોઈ પણ માહિતી હોય તો નાગરિકોને રાજ્ય સરકારના ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર ૧૯૦૮ પર સંપર્ક કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ અભિયાન દ્વારા સમાજમાં નશામુક્ત જીવન માટે મહત્વપૂર્ણ સંદેશ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# ધ્રોલ: ડાકોર-ઈન્દોર ખાલસાના મહંત પૂ.માધવાચાર્યજી મહારાજની પધરામણી



**અબતક, સંજય ડાંગર**
**ધ્રોલ**

ધ્રોલ શહેર આજે આસ્થા અને ભક્તિના ઘોડાપૂરમાં હિલોળા લેતું જોવા મળ્યું હતું. ધ્રોલના સુપ્રસિદ્ધ આસ્થાના કેન્દ્ર મનોકામના સિદ્ધ હનુમાનજી આશ્રમ ખાતે એક દિવ્ય અને ભવ્ય ધાર્મિક પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ડાકોર-ઈન્દોર ખાલસા તથા બોમ્બે ડાકોરના ગુરુદેવ અને મહાન યજ્ઞ ધર્મ સમ્રાટ ૧૦૦૮ મહંત માધવાચાર્યજી મહારાજ ધ્રોલની ધરતી પર પધારતા સમગ્ર પંથકમાં આનંદની લહેર છવાઈ ગઈ હતી.

રાજવી ઠાઠ સાથે ભવ્ય સામૈયું માધવાચાર્યજી મહારાજના સ્વાગત માટે ધ્રોલવાસીઓએ કોઈ કમી બાકી રાખી નહોતી. શહેરના મુખ્ય માર્ગો પરથી નીકળેલા ભવ્ય સામૈયામાં પરંપરાગત ઢોલ-નગારા, બેન્ડવાજા અને ''જય શ્રી રામ''ના ગગનભેદી નાદ સાથે વાતાવરણ મંગલમય બની ગયું હતું.

આશ્રમ પરિવાર દ્વારા માધવાચાર્યજી મહારાજનું ફૂલહાર અને શાલ ઓઢાડી ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ ભાવિકોએ ગુરુદેવના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

હિન્દુ સેના ગુજરાતના અધ્યક્ષ પ્રતિકભાઈ ભટ્ટ, સૌરાષ્ટ્ર ઉપાધ્યક્ષ ગૌરવભાઈ મહેતા, યુવા ભાજપ મહામંત્રી ભગીરથસિંહ જાડેજા, અગ્રણી મયુરભાઈ ચંદન, જેનીશભાઈ (મહાદેવ ડેરી), કેશવભાઈ ચોહાણ બિલ્ડર, અને હેમરાજભાઈ મુંગરા સહિતના મહાનુભાવોએ મહારાજનું સ્વાગત-સન્માન કર્યું હતું.

# દ્વારકાના ૨૦૧ પરિવારોને જીવન જરૂરીયાતની કીટનું વિતરણ




**અબતક, મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**

મકરસંક્રાન્તિના પાવન પર્વ નિમિત્તે રઘુવંશી સોશ્યલ ગૃપ, જલારામ મંદિર, દ્વારકા દ્વારા યજમાન કાંતિભાઈ રૂઘાણી પરિવાર (મુંબઈ)ના સહયોગથી દ્વારકાના ૨૦૧ જરૂરીયાતમંદ પરિવારોને અનાજની કીટ, ધાબળા, સ્ટીલના લોયા, તલસાકરી તથા ખીચડાનું વિતરણ યજમાન પરિવારની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ. આ પ્રસંગે મુંબઈથી પધારેલા યજમાન પરિવાર તથા સાઉથ આફ્રિકાથી પધારેલા પ્રકાશ ત્રિકમ પરિવારનું દ્વારકાધીશનું ઉપરણું તથા મોમેન્ટ આપી ટ્રસ્ટી મંડળના અશ્વિનભાઈ ગોકાણી, કે.જી.હિન્ડોચા, નટુભાઈ રૂપારેલીયા તથા ઈશ્વરભાઈ ઝાખરીયા દ્વારા સન્માન કરવામાં આવેલ.

# જયપુર આર્મી ડે પરેડમાં જામનગર એનસીસી ગ્રુપ હેડક્વાર્ટરની ચાર કેડેટ્સે વધાર્યું ગૌરવ

## ૩૬ ગુજરાત એનસીસી બટાલિયન ભુજની કેડેટ્સે ગૌરવપૂર્ણ રીતે પરેડમાં ભાગ લીધો



આર્મી ડે નિમિતે રાજસ્થાનના જયપુર ખાતે યોજાયેલી ભવ્ય પરેડમાં જામનગર એનસીસી ગ્રુપ હેડક્વાર્ટરની ચાર કેડેટ્સે ભાગ લઈ જામનગર તથા ગુજરાતનું ગૌરવ વધાર્યું હતું.

ભારતીય થલસેનાના શૌર્ય, શિસ્ત અને ગૌરવને ઉજાગર કરતી આ પરેડ આર્મી ડેના દિવસે જયપુરમાં યોજાઈ હતી. આ પરેડમાં ઉત્તર પ્રદેશ, ગુજરાત, પંજાબ-હરિયાણા-હિમાચલ તેમજ રાજસ્થાન એનસીસી ડાયરેક્ટરેટના કેડેટ્સે ભાગ લીધો હતો. તેમાં જામનગર એનસીસી ગ્રુપ હેડક્વાર્ટર હેઠળ આવતી ૩૬ ગુજરાત એનસીસી બટાલિયન ભુજની, તોલાણી કોમર્સ કોલેજ ભુજની ચાર કેડેટ્સે ગૌરવપૂર્ણ હાજરી આપી હતી.આ પરેડમાં સિનિયર અન્ડર ઓફિસર જાડેજા હીનાબા અનિરુદ્ધસિંહ, કેડેટ પ્રજાપતિ નિકિતા કરશનભાઈ, કેડેટ ગોસ્વામી નંદની સુરેશગીરી તથા કેડેટ બાલિયા રિયા હિતેશભાઈએ ભાગ લઈ શિસ્ત અને આત્મવિશ્વાસ સાથે પોતાની ક્ષમતા પ્રદર્શિત કરી હતી.૩૬ ગુજરાત એનસીસી બટાલિયન ભુજના કમાન્ડિંગ ઓફિસર કર્નલ વિકાસ પ્રભાકરે આ તમામ કેડેટ્સને આર્મી ડે પરેડમાં ભાગ લેવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યમાં રાષ્ટ્રસેવા માટે સતત આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા.

# કાતિલ ઠંડીમાં પક્ષીઓ માટે મહાનગરપાલિકાનો હુંફાળો નિર્ણય

## રણમલ તળાવના પક્ષીઘરમાં નેટ, પડદા અને માટલાની વ્યવસ્થા; ૬૦૦થી વધુ પક્ષીઓને ઠંડી સામે મળ્યું રક્ષણ





જામનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી કાતિલ ઠંડીનો પ્રભાવ વધી રહ્યો છે. શહેર અને જિલ્લાભરમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સુધી ઘટી ગયું છે અને હવે તાપમાન સિંગલ ડિજિટ તરફ આગળ વધી રહ્યું છે. આવી પરિસ્થિતિમાં ઠંડીની અસર પશુ-પક્ષીઓ પર પણ જોવા મળી રહી છે.ઠંડીમાં પક્ષીઓને રક્ષણ મળી રહે તે માટે જામનગર મહાનગરપાલિકા દ્વારા રણમલ તળાવ ખાતે આવેલા પક્ષીઘરમાં વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. અહીં વસતા જુદી જુદી પ્રજાતિના અંદાજે ૬૦૦થી વધુ પક્ષીઓ માટે પાંજરાઓની આસપાસ નેટ અને જાડા પડદા લગાવવામાં આવ્યા છે, જેથી ઠંડા પવન અને ટાઢોળાથી બચાવ શક્ય બને.આ ઉપરાંત પક્ષીઓને હૂંફ મળી રહે તે માટે પક્ષીઘરના અંદર મોટા માળાની સાઈઝના માટલાઓ પણ મૂકવામાં આવ્યા છે. દર વર્ષે ઋતુ અનુસાર પક્ષીઓની સુખાકારી માટે આવા પગલાં લેવામાં આવે છે. મહાનગરપાલિકાના આ માનવતાભર્યા નિર્ણયને પક્ષીપ્રેમીઓએ પણ આવકાર્યો છે.

### મહાનગરપાલિકા દ્વારા ઋતુ પ્રમાણે પક્ષીઓની સંભાળ લેવામાં આવે છે:હિરેન સોલંકી



અબતક સાથેની વાતચીતમાં વર્ક આસિસ્ટન્ટ હિરેન સોલંકીએ જણાવ્યું હતું કે,વધતી ઠંડીને ધ્યાનમાં રાખીને પક્ષીઓને સુરક્ષિત અને હૂંફાળું વાતાવરણ મળી રહે તે માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવ્યા છે. દર વર્ષે શિયાળા અને ઉનાળાની ઋતુ મુજબ પક્ષીઓના આરોગ્ય અને સુરક્ષા માટે મહાનગરપાલિકા સતત કામગીરી કરે છે. તેમજ ખોરાકમાં પણ ઋતુ પ્રમાણે ધ્યાન રાખવામાં આવે છે

# ખંભાળિયાના કંચનપુર ગામની સીમમાંથી જુગાર ધામ પકડાયું

## બે મહિલા સહિત ત્રણની ધરપકડ , ત્રણ ફરાર: ૩૯ ૯૦૦નું મુદ્દામાલ કબજે



**અબતક, ખંભાળિયા**
**વિનાયક ભટ્ટ**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના કંચનપુર ગામની સીમમાં જુગાર રમતા બે મહિલા સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી રોકડ અને વાહન મળી રૂપિયા ૩૯૦૦ ના મુદ્દામાલ કબજે કરી ધોરણસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે વધુ વિગત મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દારૂ અને જુગારની બદી ડામી દેવા એસપી જયરાજસિંહ વાળા એ આપેલી સૂચનાને પગલે ખંભાળિયા પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ એન એચ જોશી સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. ત્યારે કંચનપુર ગામની સીમમાં જુગાર રમાતો હોવાની હેડ કોન્સ્ટેબલ કાનાભાઈ લુણા અને કોન્સ્ટેબલ યુવરાજસિંહ ઝાલા ને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન જુગાર રમતા કરીમ અલારખા ખીરા મંગા સરસીયા અને મયુરસિંહ બહાદુરસિંહ જાડેજા અને બે મહિલાની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા ૨૪ ૯૦૦ અને બાઈક મળી ૩૯ ૯૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે દરોડા દરમિયાન હુસેન સંઘાર, ફારૂક હાસમ સુમરા અને કાદર ઉર્ફે બોદુ મુછા કચ્છી નાશી છૂટતાં તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# ઉત્તરાયણમાં દોરાથી ઘાયલ થવા કરતા શારીરિક હુમલામાં ૨૮૪ ટકાનો ઉછાળો!

## રાજ્યભરમાંથી ૧૦૮ને મળ્યા ૫૮૯૭ ઈમરજન્સી મેડિકલ કોલ, સામાન્ય દિવસની તુલનાએ કુલ ૩૩ ટકાનો વધારો

**જીલ્લા વાઈઝ અકસ્માતોની ટકાવારીમાં વધારો**

| | |
|---|---|
| અમદાવાદ | ૪૧ ટકા |
| સુરત | ૩૩ ટકા |
| રાજકોટ | ૫૩ ટકા |
| બરોડા | ૪૯ ટકા |
| ભાવનગર | ૪૨ ટકા |
| ગાંધીનગર | ૫૩ ટકા |
| જામનગર | ૪ ટકા |



**અબતક, રાજકોટ**

ગુજરાતનો સૌથી લોકપ્રિય અને આત્મીય તહેવાર એવા ઉત્તરાયણની રાજ્યભરમાં ભારે ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન ઉદ્ભવતી સુરક્ષા સંબંધિત પડકારોને ધ્યાનમાં રાખીને, ૧૦૮ ઈમરજન્સી મેડિકલ સર્વિસિસ દ્વારા અદ્યતન આગાહી, વ્યૂહાત્મક તૈનાતી તથા ચોવીસે કલાક મોનિટરિંગ અમલમાં મૂકવામાં આવ્યું હતું, જેથી ઉત્તરાયણ ૨૦૨૬ દરમિયાન નિરંતર અને અસરકારક ઈમરજન્સી પ્રતિસાદ મળી રહે.૧૪ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રાજ્યભરમાં ૧૦૮-ઈએમએસ દ્વારા કુલ ૫,૮૯૭ ઈમર્જન્સી મેડિકલ કેસો હેન્ડલ કરવામાં આવ્યા, જે સામાન્ય દિવસની તુલનાએ કુલ ૩૩%નો વધારો દર્શાવે છે.ઉત્તરાયણના દિવસે ટ્રોમા (નોન-વ્હીક્યુલર) કેસોમાં નોંધપાત્ર વધારો નોંધાયો. સામાન્ય રીતે સરેરાશ ૪૮૪ કેસોની સામે આ સંખ્યા વધીને ૧,૩૧૩ થઈ, જે ૧૭૧%નો વધારો દર્શાવે છે. આ વધારો મુખ્યત્વે પતંગ ઉડાવવાની પ્રવૃત્તિઓ, છત પરની અવરજવર તથા વધેલી જાહેર ભીડને કારણે જોવા મળ્યો.

### ક્યાં મુખ્ય કારણો જવાબદાર

- **શારીરિક હુમલા:** ૨૮૪.૧૦%નો વધારો, જે ભીડભાડવાળી ઉજવણી દરમિયાન વધતા વ્યક્તિગત વિવાદો દર્શાવે છે.
- **ઊંચાઈ પરથી પડવું / સ્કિડ થવું:** ૯૨.૩૩%નો વધારો, ખાસ કરીને છત પર પતંગ ઉડાવવાને કારણે.
- **ક્રશ ઈજાઓ:** ૧,૦૧૮.૮૫%નો ભારે ઉછાળો, જે દોરા કાપવાથી થતી ઈજાઓ સાથે સંકળાયેલો છે.
- **વિજપ્રવાહ અને દાઝવાની ઘટનાઓ:** વીજલાઈનો નજીક અસુરક્ષિત રીતે પતંગ ઉડાવવાને કારણે નોંધપાત્ર વધારો.

કેસોમાં ભારે વધારાના છતાં, ૧૦૮ દ્વારા સમયસર પ્રતિસાદ અને તાત્કાલિક તબીબી સારવારથી મોટા ભાગના કેસોમાં ગંભીર પરિણામો અટકાવી શકાયા.

### ચાઈનીઝ માંઝાએ ૯ ગુજરાતીઓના ગળા કાપ્યા

મકરસંક્રાંતિ અને ઉત્તરાયણના આનંદમાં આખું ગુજરાત પતંગબાજીમાં મશ્ગુલ હતું, પરંતુ ચાઈનીઝ દોરીએ ૯ લોકોનો ભોગ લીધો છે.સુરતમાં પતિ-પત્ની અને તેમની ૭ વર્ષની દીકરીની બાઈક ચંદ્રશેખર આઝાદ ફ્લાયઓવર પરથી લગભગ ૬૦ ફૂટ નીચે પડી ગઈ, કારણ કે માંઝો રાઈડરના ગળામાં ફસાઈ ગયો અને બાઈકનું નિયંત્રણ ગુમાવાયું. આ ત્રણેયનાં મોત થયાં.

અન્ય કેસમાં ૮ વર્ષનો રિયાન્શ બોર્સે અને તેનો મિત્ર સાયકલ ચલાવતા હતા ત્યારે લટકતા માંઝાએ રિયાન્શના ગળાને કાપી નાખ્યું. ૨૩ વર્ષનો પ્રિન્સ બાથમ પણ આ જ રીતે મોતને ભેટ્યો.અન્ય જિલ્લાઓ જેમ કે વડોદરા, ભરૂચ, અરવલ્લી, આણંદ અને બીજા વિસ્તારોમાં પણ માંઝાના કારણે મોત અને ગંભીર ઈજાઓ થઈ અને કુલ ૯ મોતની પુષ્ટિ થઈ છે.

### કરૂણા અભિયાન: પતંગના દોરાથી ઘવાયેલા ૯૧ ટકા પક્ષીઓના જીવ બચાવાયા

**૫૪૩૯ પક્ષીઓ કાતિલ દોરાથી થયા ઈજાગ્રસ્ત જે પૈકી ૪૯૩૭ પક્ષીને બચાવી લેવાયા**

પતંગ પર્વ ઉતરાયણમા કાતિલ દોરાથી ઘવાતા અને પોતાના જીવ ગુમાવી દેતા પક્ષીઓ માટે રાજય સરકારનું કરૂણા અભિયાન જીવાદોરી સમાન સાબિત થયું છે. ઉતરાયણમાં દોરાથી ઘવાયેલા ૯૧ ટકા જેટલા પક્ષીઓને બચાવી લેવામાં આવ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે મકર સંક્રાંતીના પર્વમાં પક્ષીઓ માટે એક કરૂણાસભર પહેલ અંતર્ગત કરૂણા અભિયાન ચલાવવામા આવે છે. આ વર્ષે ૧૦ થી ૨૦ જાન્યુઆરી સુધી આ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે જેમાં રાજયભરમાં ૪૫૦ જેટલા કલેકશન સેન્ટર, ૮૫ જેટલા કન્ટ્રોલ રૂમ તથા ૪૮૦ થી વધુ સારવાર કેન્દ્રો અબોલ પક્ષીઓની સારવાર અને બચાવ માટે શરૂ કરવામાં આવ્યા છે. જયાં ૭૪૦૦ વેટરનરી ડોકટર, અને ૮૫૦૦થી વધુ સ્વયંસેવક તથા કર્મચારી તહેનાત રાખવામાં આવ્યા છે આ વર્ષ ૧૪મી જાન્યુઆરી સુધીમાં રાજયભરમાં ૫૪૩૯ પક્ષીઓ પતંગના દોરાથી ઘવાયા હતા જે પૈકી ૪૯૩૯ પક્ષીઓને કરૂણા અભિયાન અંતર્ગત સારવાર આપીને બચાવી લેવામાં આવ્યા છે. ટકાવારીમાં જોઈએ તો ૯૧ ટકા પક્ષીઓને બચાવી લેવામાં આવ્યા છે.

છેલ્લા નવ વર્ષમાં કરૂણા અભિયાન અંતર્ગત ૧.૧૨ લાખ પક્ષીઓનાં જીવ બચાવી લેવામાં આવ્યા છે. આગામી ૨૦મી જાન્યુઆરી સુધી હજી આ અભિયાન ચલાવવામાં આવશે.

# જીવલેણ વાયરસ સામેની લડતમાં બીએસએલ ૪ લેબ બનશે સુરક્ષા કવચ

## જીવાણુઓ ઉપર અદ્યતન સંશોધન, અસરકારક સારવારનો વિકાસ, રોગચાળા સામે ઝડપી પ્રતિક્રિયા આપી રાજ્ય અને રાષ્ટ્રની બાયો સિક્યુરિટીને મજબૂત બનાવાશે

**અબતક, રાજકોટ**

છેલ્લા થોડા વર્ષોમાં આપણે અનેક પ્રકારના પશુથી સંક્રમિત રોગોનો સામનો કર્યો છે. કોવિડ ૧૯ પેન્ડેમિકએ તેનું સૌથી મોટું ઉદાહરણ છે. કોરોના સમયે તમામ લોકોના સેમ્પલની તપાસ કરવા માટે ભારતની એકમાત્ર પૂણે સ્થિત બી.એસ.એલ.-૪ લેબનો ઉપયોગ કર્યો હતો.

ગુજરાતમાં તાજેતરમાં ચાંદીપુરા વાયરસ (માનવમાં) અને લમ્પી સ્કિન ડિસીઝ વાયરસ (પશુઓમાં) જેવા રોગો જોવા મળ્યા છે, જે બંને માટે બાયોસેફ્ટી લેવલ - ૩ અને તેથી ઉપરની સુવિધાઓ જરૂરી છે. ક્રિમિયન-કોન્ગો હેમરેજિક ફીવર ,લમ્પી, ચાંદીપુરા અને નિપાહ જેવા વાયરસના ખતરાને જોતા, અત્યંત જોખમી વાયરસ પર સંશોધન કરવા માટે દેશમાં અદ્યતન લેબોરેટરીની વિશેષ જરૂરિયાત ઊભી થઈ છે.

આ દિશામાં ગુજરાતે દેશમાં અગ્રેસર થઈ રાષ્ટ્રની દ્વિતીય અને ગુજરાતની પ્રથમ બી.એસ.એલ.-૪ ફેસીલીટીના નિર્માણની દિશામાં વેગ પકડયો છે. ગુજરાતમાં આગામી સમયમાં પ્રથમ અદ્યતન બાયો કન્ટેનમેન્ટ ફેસીલીટી અંતર્ગત એનિમલ બાયોસેફ્ટી લેવલ ફેસીલીટી તેમજ બાયોસેફ્ટી લેવલ-૪ લેબનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

બાયોસેફ્ટી લેવલ-૪ એ જૈવિક સુરક્ષાનું સર્વોચ્ચ સ્તર છે. આ લેબમાં અત્યંત ચેપી અને જીવલેણ, હવા દ્વારા સરળતાથી ફેલાઈ શકે તેવા વાયરસ અથવા બેક્ટેરિયા પર કામ કરવામાં આવે છે,

ગુજરાતમાં સરકાર હસ્તકના ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર દ્વારા ગાંધીનગર ખાતે સેક્ટર -૨૮ માં સ્થિત એનિમલ વેક્સિન ઈન્સ્ટિટ્યૂટની બાજુમાં ૧૪.૨૧ એકર જમીનમાં આ અત્યાધુનિક લેબ વિકસાવવામાં આવી રહી છે.

(અનુ. આઠમા પાને)

# નવતર પ્રયોગ: ચૂંટણી લડવા થનગનતા મુરતિયાઓને કોંગ્રેસ ખાસ ટ્રેનિંગ આપશે

## સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ૨૦ ટકા ટિકિટ યુવાઓને અપાશે: આજથી દરેક જિલ્લામાં કારોબારી બેઠક

## ચુંટણી લડવા ઈચ્છુકોના નામ મંગાવાશે ડેટા એકત્રિત કરી નિર્ણય લેવાશે




**અબતક, રાજકોટ**

રાજયમાં ૩ દાયકાથી સત્તાથી વંચિત કોંગ્રેસે ૨૦૨૭માં યોજનારી ગુજરત વિધાનસભાની સામાન્ય ચુંટણીમાં સત્તા સુખ હાંસલ કરવા માટે અત્યારથી તૈયારીઓ આરંભી દીધી છે. યુવા કોંગ્રેસ દ્વારા પોતાનો અલગ રોડ મેપ તૈયાર કર્યો છે. પક્ષ હવે યુવા ચહેરા અને સક્રિય કાર્યકર્તાને ટિકિટ આપવાનો નિર્ણય લીધો છે. આવામાં હવે ચુંટણી લડવા ઈચ્છુક કાર્યકર્તાઓને કોંગ્રેસ દ્વારા ખાસ ટ્રેનિંગ આપવામાં આવશે.

ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ દ્વારા આગામી સમયમાં પોતાનો રોડ મેપ તૈયાર કરીને મતદારો સુધી પહોંચવા માટેનો નિર્ધાર કર્યા છે. અમદાવાદ ખાતે પત્રકાર પરિષદ યોજીને આગામી સમયમાં આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારી અને ચૂંટણી લડનાર ઉમેદવારોને ટ્રેનિંગ આપવા બાબતે અને તમામ જિલ્લા સ્તરે કારોબારી

(અનુ. આઠમા પાને)

### કાતિલ ઠંડીમાં સામાન્ય રાહત

# જૂનાગઢ ૮.૧ ડિગ્રી સાથે સૌથી ઠંડુ: નલિયા ૯.૨ ડિગ્રી, અમરેલી ૯.૪ ડિગ્રી

## રાજકોટના લઘુતમ તાપમાનમાં એક જ દિવસમાં ૩ ડિગ્રી સુધીનો ઉછાળો: ગીરનાર પર્વત પર તાપમાન ૩.૧ ડિગ્રી નોંધાયું

**ક્યાં કેટલું તાપમાન**

| | |
|---|---|
| જૂનાગઢ | ૮.૧ ડિગ્રી |
| નલિયા | ૯.૨ ડિગ્રી |
| અમરેલી | ૯.૪ ડિગ્રી |
| દિવ | ૧૦.૩ ડિગ્રી |
| ડિસા | ૧૧ ડિગ્રી |
| રાજકોટ | ૧૧.૩ ડિગ્રી |
| કંડલા | ૧૨.૨ ડિગ્રી |
| ભુજ | ૧૨.૪ ડિગ્રી |
| ગાંધીનગર | ૧૩.૫ ડિગ્રી |
| પોરબંદર | ૧૩.૬ ડિગ્રી |

**અબતક, રાજકોટ**

રાજયભરમાં ગુરૂવારનો દિવસ સૌથી ઠંડો રહ્યો હતો. આજે કડકડતી ઠંડીમાં લોકોને સામાન્ય રાહત મળી હતી. જૂનાગઢ ૮.૧ ડિગ્રી સાથે રાજયનું સૌથી ઠંડુ શહેર રહ્યું હતુ. ગીરનાર પર્વત પર લઘુતમ તાપમાન ૩.૧ ડિગ્રી નોંધાયું હતુ. ઠંડાગાર પવનના સુસવાટા અનુભવાય રહ્યા છે. આગામી દિવસોમાં લઘુતમ તાપમાનનો પારો હજી થોડો વધુ ઉંચકાશે તેવી શકયતા પણ જણાય રહી છે. આજે ત્રણ શહેરોમાં લઘુતમ તાપમાન સિંગલ ડિજિટમા રહેવા પામ્યું હતુ.

હવામાન વિભાગના સુત્રોના જણાવ્યાનુસાર આજે જૂનાગઢ ૮.૧ ડિગ્રી સેલ્સીયસ તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડુ શહેર રહ્યું હતુ. જૂનાગઢ શહેર કરતા ગીરનાર પર્વત પર લઘુતમ તાપમાન પાંચ ડિગ્રી ઓછુ રહેતુ હોય છે. ગીરનાર પર્વત પર આજે લઘુતમ તાપમાન ૩.૧ ડિગ્રી જેવું રહેવા પામ્યું હતુ. આજે મોટાભાગના શહેરોમાં લઘુતમ તાપમાનમાં વધારો નોંધાયો છે. અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૪.૫ ડિગ્રી, અમરેલીનું લઘુતમ તાપમાન ૯.૪ ડિગ્રી, બરોડાનું તાપમાન ૧૧.૮ ડિગ્રી, ભાવનગરનું લઘુતમ તાપમાન ૧૪.૪ ડિગ્રી, ભૂજનું લઘુતમ તાપમાન ૧૨.૪ ડિગ્રી, દમણનું લઘુતમ તાપમાન ૧૫.૪ ડિગ્રી, ડિસાનું લઘુતપ તાપમાન ૧૧ ડિગ્રી, દિવનું તાપમાન ૧૦.૩ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૧૭.૫ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૧૩.૫ ડિગ્રી, કંડલાનું તાપમાન ૧૨.૨ ડિગ્રી, નલીયાનું તાપમાન ૯.૨ ડિગ્રી, ઓખાનું તાપમાન ૧૮.૮ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૧૩.૬ ડિગ્રી, રાજકોટનું લઘુતમ તાપમાન ૧૩.૩ ડિગ્રી, સુરતનું લઘુતમ તાપમાન ૧૪.૬ ડિગ્રી, વેરાવળનું લઘુતમ તાપમાન ૧૪.૫ ડિગ્રી અને જૂનાગઢનું લઘુતમ તાપમાન ૮.૧ ડિગ્રી સેલ્સીયસ નોંધાયું હતુ.

આજે રાજકોટના લઘુતમ તાપમાનમાં ૩ ડિગ્રીનો વધારો નોંધાયો છે. બે દિવસથી સિંગલ ડિજિટમાં રહેતા રાજકોટ શહેરનું તાપમાન ડબલ ડિજીટમાં પહોચી ગયું છે. ગુરૂવારનો દિવસ સિઝનનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. આખો દિવસ લોકો સતત ગરમ કપડામાં વિંટોળાયેલા જોવા મળતા હતા. રાત્રે મોડે સુધી જાગવા માટે ટેવાયેલું રાજકોટ શહેર ગાત્રો થીજાવતી ઠંડીમાં જાણે વહેલુ નિંદ્રાધીન થઈ જતુ હોય તેવું લાગી રહ્યું છે. રાત્રીના સમયે રાજમાર્ગો સુમસામ ભાસે છે. રોડ રસ્તા પર રિતસર સન્નાટો છવાય જાય છે. દિવાળીના તહેવાર બાદ અઢી મહિના સુધી શિયાળાની સીઝનનો કોઈજ અનુભવ થતો નહતો. દરમિયાન છેલ્લા એક પખવાડિયાથી હાડથીજાવતી ઠંડી પડી રહી છે. ગઈકાલે છ શહેરોના લઘુતમ તાપમાન સિંગલ ડિજિટમાં પહોચી ગયા હતા. અમરેલીનું તાપમાન ૬ ડિગ્રી નોંધાયું હતુ. આજે રાજયભરમાં ગાત્રો ત્રીજાવતી ઠંડીમાં લોકોને થોડી રાહત મળી છે. આગામી દિવસોમાં હજી લઘુતમ તાપમાનનો પારો બેથી ૩ ડિગ્રી સુધી ઉંચકાશે.

# સોફ્ટવેર, ફૂડટેક અને હેલ્થટેક સહિત ૧૭૦૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સ સાથે ગુજરાત બન્યું દેશનું ચોથું સૌથી મોટું સ્ટાર્ટઅપ રાજ્ય

## કુલ સ્ટાર્ટઅપ્સમાંથી સોફ્ટવેરમાં ૪,૨૬૭, ફૂડટેકમાં ૧,૬૭૫, અને હેલ્થટેકમાં ૧,૬૦૨ જેટલા નવા સાહસો કાર્યરત

**અબતક, રાજકોટ**

જેમ ગરબામાં આખું ગુજરાત ઘુમે છે, તેમ હવે ધંધાની નવી દુનિયામાં પણ ગુજરાતીઓનો ડંકો વાગી રહ્યો છે! ગુજરાત હવે માત્ર વેપાર-ધંધા માટે જ નહીં, પણ નવા જમાનાના અવનવા આઈડિયા અને ટેકનોલોજી માટે પણ આખા દેશમાં ગાજી રહ્યું છે. આપણું ગુજરાત હવે દેશના નકશા પર નવા ઉદ્યોગો એટલે કે 'સ્ટાર્ટઅપ્સ'માં ચોથા નંબરે આવી ગયું છે. જાન્યુઆરી ૨૦૨૬ના નવા આંકડા મુજબ, ગુજરાતમાં હવે ૧૭,૧૭૯ જેટલા નવા વ્યવસાયો ધમધમી રહ્યા છે. મહારાષ્ટ્ર, કર્ણાટક અને ઉત્તર પ્રદેશ પછી ગુજરાત હવે દેશનું સૌથી મોટું ચોથું સ્ટાર્ટઅપ સેન્ટર બનીને ઉભરી આવ્યું છે, જે દરેક ગુજરાતી માટે ગર્વની વાત છે.

રાજ્યમાં અત્યારે કુલ ૧૭,૦૦૦થી પણ વધુ નવા વ્યવસાયો ધમધમી રહ્યા છે. આ પ્રગતિમાં સૌથી મોટો ફાળો કોમ્પ્યુટર અને સોફ્ટવેર ક્ષેત્રનો છે. ગુજરાતના કુલ સ્ટાર્ટઅપ્સમાંથી લગભગ ૨૬% એટલે કે ૪,૨૬૭ જેટલા ધંધા સોફ્ટવેર અને આઈટી સેવાઓ સાથે જોડાયેલા છે. આનો અર્થ એ થયો કે આપણા યુવાનો હવે માત્ર પરંપરાગત ફેક્ટરીઓ જ નહીં, પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) જેવી આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને દુનિયાભરમાં પોતાની સેવાઓ પહોંચાડી રહ્યા છે.

ખેતી અને ખાવા-પીવાની વાત આવે ત્યારે ગુજરાતીઓ પાછળ કેવી રીતે રહે? ખોરાક અને ખેતીને લગતા વ્યવસાયો (ફૂડટેક) માં ૧,૬૭૫ સ્ટાર્ટઅપ્સ સાથે આ ક્ષેત્ર બીજા નંબરે છે. તેની પાછળ પાછળ જ દવાઓ અને હોસ્પિટલ સેવાઓ (હેલ્થટેક) ક્ષેત્ર છે, જેમાં ૧,૬૦૨ જેટલા નવા સાહસો કાર્યરત છે. જો આપણે ગણતરી કરીએ તો સોફ્ટવેર, ફૂડટેક અને હેલ્થટેક – આ ત્રણેય ભેગા મળીને ગુજરાતના કુલ સ્ટાર્ટઅપ્સનો અડધો અડધ હિસ્સો ધરાવે છે.

નિષ્ણાતો જણાવે છે કે છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતે કાચું કાપ્યું નથી. પહેલા આપણે માત્ર અમુક જ વ્યવસાયોમાં મર્યાદિત હતા, પણ હવે સેમિકન્ડક્ટર (ચિપ્સ) થી લઈને પર્યાવરણને ફાયદો આપતી 'ક્લીન એનર્જી' સુધીના ક્ષેત્રોમાં ગુજરાતીઓ આગળ વધી રહ્યા છે. છેલ્લા ૫ વર્ષમાં આ વિકાસની ગાડી ખૂબ જ ઝડપથી દોડી રહી છે, જે બતાવે છે કે આવનારા સમયમાં ગુજરાત નવી રોજગારી આપવામાં અને નવા આઈડિયા અમલમાં મૂકવામાં આખા દેશમાં અગ્રેસર રહેશે.

# રવિ સિંચાઈ માટે ભાદર-૨ ડેમમાંથી કાલે પાણી છોડાશે

## ડેમના ત્રણ દરવાજા ચાર ફૂટ ખોલી ૨૦૦ એમસીએફટી પાણી અપાશે: હેઠવાસના ગામોને સાવચેત રહેવા તાકીદ

**અબતક, રાજકોટ**

ઘેડ પંથકના ખેડૂતોને રવિ પાક માટે ભાદર-૨ ડેમનું પાણી સિંચાઈ આપવા માટે નક્કી કરવામાં આવ્યું છે. આવતીકાલે ભાદર-૨ ડેમના ૩ દરવાજા ચાર ફૂટ સુધી ખોલી નદીના પટમાં પાણી છોડવામાં આવશે. હેઠવાસના વિસ્તારોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે. આગામી દિવસોમાં રાજ્ય સરકાર દ્વારા પણ સિંચાઈ માટે નર્મદાના નીર આપવા અંગે નિર્ણય લેવામાં આવી શકે છે.

ઘેડ વિસ્તારમાં રવિ સિંચાઈ માટે ભાદર-૨ જળાશયમાંથી આવતીકાલે સવારે ૯ કલાકે પાણી છોડવામાં આવશે. ૨૦૦ એમ.સી.એફ.ટી. જળજથ્થો છોડવા ડેમના ત્રણ દરવાજા ચાર ફૂટ ખોલીને ૧૬૬૨૦ ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવશે. આથી ડેમના નીચાણવાળા વિસ્તારમાં આવતા ભાદર કાંઠાના ગામના લોકોને નદીના પટમાં અવર-જવર નહીં કરવા તેમજ નદીમાંથી પાણી લેવા માટે મુકાયેલા એન્જિન, ઈલે. મોટર, પાઈપ-લાઈન કે અન્ય અગાઉથી મશીનરી દૂર કરવી. ઉપરાંત નદીના પટમાં અપાયેલી લીઝ, વાડા સાથે જોડાયેલા લોકોને સલામત સ્થળે ખસી જવા સૂચના જારી કરાઈ હોવાનું રાજકોટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના મામલતદારની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ રેલવે સ્ટેશન પર "સ્માર્ટ ડિજિટલ લોકર"ની સુવિધા: કદ-સમય અનુસાર ચાર્જ

## પ્લેટ ફોર્મ નં.૧ પર ડિજિટલ લોકરની સુવિધા ઉભી કરાય: રેલવે કર્મચારીની મદદ વિના મૂસાફર પોતાનો સામાન રાખી શકશે




**અબતક, રાજકોટ**

મુસાફરોની સુવિધા માટે રાજકોટ રેલવે સ્ટેશન પર સ્માર્ટ ડિજિટલ લોકરની સુવિધા શરૂ કરવામાં આવી છે. આ લોકરનો ચાર્જ લોકરની સાઈઝ અને વપરાશની સમય અવધિ અનુસાર લેવામાં આવશે રેલવે કર્મચારીની મદદ લીધા વિના આ લોકર સુવિધાનો ઉપયોગ કરી શકાશે.

મુસાફરોની સુવિધાને નવી ઊંચાઈઓ પર લઈ જવા અને સ્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના આધુનિકીકરણની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલના ભાગરૂપે, પશ્ચિમ રેલ્વેના રાજકોટ ડિવિઝને રાજકોટ રેલ્વે સ્ટેશન પર સ્માર્ટ ડિજિટલ લોકર સુવિધાની શરૂઆત કરી છે. આ અત્યાધુનિક સુવિધા મુસાફરોને સુરક્ષિત, સંપૂર્ણ સ્વચાલિત અને અનુકૂળ સામાન સંગ્રહની સુવિધા પૂરી પાડશે.આ સેવા ત્રણ વર્ષના કરાર હેઠળ શરૂ કરવામાં આવી છે અને ભારતીય રેલ્વે દ્વારા ટેક્નોલોજી આધારિત મુસાફર સુવિધાઓને પ્રોત્સાહન આપવાની દિશામાં આ એક મોટું પગલું છે. આ ડિજિટલ લોકર સુવિધા રાજકોટ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧ પર સ્થિત અપર ક્લાસ વેઈટિંગ હોલની નજીકના વિસ્તારમાં સ્થાપિત કરવામાં આવી છે, જેથી મુસાફરો માટે તેનો ઉપયોગ કરવો અત્યંત સરળ રહેશે.

આ સુવિધા રેલ્વે સ્ટાફ વગર - સ્વયં સંચાલીત છે જેમાં

પરંપરાગત ક્લોક રૂમ પ્રણાલીથી વિપરીત, સ્માર્ટ ડિજિટલ લોકર સિસ્ટમ મુસાફરોને કોઈ પણ રેલ્વે કર્મચારીની મદદ વગર જાતે જ પોતાનો સામાન રાખવા અને મેળવવાની સુવિધા આપે છે. લોકર ઓટીપી અને ક્યુઆર આધારિત એક્સેસ પર કાર્ય કરે છે. આ પ્રક્રિયા ઝડપી, સુરક્ષિત અને સંપૂર્ણપણે યુઝર-ફ્રેન્ડલી છે. તમામ ચુકવણી ડિજિટલ અને કેશલેસ છે, જે પારદર્શિતા વધારે છે અને રોકડ વ્યવહારની જરૂરિયાત દૂર કરે છે.

આ નવી સુવિધા ખાસ કરીને એવા મુસાફરો માટે આશીર્વાદરૂપ સાબિત થશે જેઓ થોડા કલાકો માટે રાજકોટ આવ્યા છે અને પોતાનો ભારે સામાન સ્ટેશન પર સુરક્ષિત મૂકીને શહેરની મુલાકાત લેવા માંગે છે. આ પહેલ મુસાફરોની સુવિધાઓને વધુ બહેતર બનાવશે.મુસાફરોની સુવિધા માટે દર પત્રક ડિજિટલ લોકર પર પ્રદર્શિત કરવામાં આવ્યું છે. આવી જ 'સ્માર્ટ ડિજિટલ લોકર' સુવિધા તાજેતરમાં રાજકોટ ડિવિઝનના દ્વારકા અને જામનગર સ્ટેશન પર પણ શરૂ કરવામાં આવી છે. રાજકોટ ડિવિઝન મુસાફરોને વિશ્વસ્તરીય સુવિધાઓ પૂરી પાડવા માટે સતત કાર્યરત છે.

### લોકર વપરાશનો ચાર્જ

**લાર્જ લોકર:** રૂ.૨૩.૬ (૧ કલાક), રૂ.૭૦.૮ (૩ કલાક), રૂ.૧૪૧.૬ (૬ કલાક), રૂ.૨૮૩.૨ (૧૨ કલાક), રૂ.૫૬૬.૪ (૨૪ કલાક)

**એક્સ્ટ્રા-લાર્જ લોકર:** રૂ.૩૫.૪ (૧ કલાક), રૂ.૧૦૬.૨ (૩ કલાક), રૂ.૨૧૨.૪ (૬ કલાક), રૂ.૪૨૪.૮ (૧૨ કલાક), રૂ.૮૪૯.૬ (૨૪ કલાક)